અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૭ ઓક્ટોબર ૨૦૨૫, સોમવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૨, કારતક સુદ ૦૬ | અંક : ૧૧૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### વડાપ્રધાને છત્તીસગઢના અંબિકાપુર મ્યુનિ. કોર્પોરેશનની પ્રશંસા કરી

# GSTમાં ઘટાડાના કારણે સ્વદેશી વસ્તુઓનું વેચાણ અને તહેવારોની રોનક વધી : મોદી

### મોદીએ ઓલ ઈન્ડિયા રેડિયો પર મન કી બાત કાર્યક્રમના ૧૨૭માં એપિસોડમાં દેશ અને વિદેશના લોકો સાથે વિવિધ વિષયો પર પોતાના વિચારો વ્યક્ત કર્યાં

| (એજન્સી) નવી દિલ્હી, તા.26 |

વડાપ્રધાનના રેડિયો શો, મન કી બાતનો 127મો એપિસોડ પ્રસારિત થયો. મોદીએ છઠ પૂજાની શુભેચ્છાઓ પાઠવી અને લોકોને ઉજવણીમાં ભાગ લેવા અપીલ કરી. મન કી બાતમાં, પીએમ મોદીએ GST બચત મહોત્સવ, સરદાર પટેલની 150મી જન્મજયંતિ, રન ફોર યુનિટી જેવા વિષયો પર વાત કરી. પીએમએ કહ્યું કે આ વર્ષે તહેવારો દરમિયાન GST બચતની ઉજવણી માટે લોકો ઉત્સાહિત હતા. બજારોમાં સ્વદેશી વસ્તુઓની ખરીદીમાં જબરદસ્ત વધારો થયો છે. છઠનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે છઠનો મહાન તહેવાર સંસ્કૃતિ, પ્રકૃતિ અને સમાજ વચ્ચેની એકતાનું પ્રતિબિંબ છે. છઠ ઘાટ પર સમાજનો દરેક વર્ગ એક સાથે ઉભો છે. આ દ્રશ્ય ભારતની સામાજિક એકતાનું સૌથી સુંદર ઉદાહરણ છે.દિવાળી અને છઠ તહેવાર: મોદીએ કહ્યું- થોડા દિવસો પહેલા, આપણે બધાએ દિવાળીની ઉજવણી કરી હતી, અને હવે મોટી સંખ્યામાં લોકો છઠ પૂજાની ઉજવણીમાં વ્યસ્ત છે.



**મોદીના છેલ્લા સંબોધનની 5 મોટી વાતો...**

વોકલ ફોર લોકલ પર પીએમએ કહ્યું હતું કે જો આપણે આ તહેવાર ફક્ત સ્વદેશી ઉત્પાદનોથી ઉજવવાનો સંકલ્પ કરીએ, તો તમે જોશો કે આપણા ઉજવણીનો આનંદ અનેકગણો વધી જશે. 'વોકલ ફોર લોકલ' ને તમારો શોપિંગ મંત્ર બનાવો. હંમેશા માટે, ફક્ત તે જ ખરીદવાનો સંકલ્પ કરો જે દેશમાં બનાવાય છે. તમે ફક્ત તે જ ઘરે લઈ જશો જે દેશના લોકો દ્વારા બનાવવામાં આવ્યું છે. તમે ફક્ત તે જ વસ્તુઓનો ઉપયોગ કરશો જેમાં દેશના નાગરિકની મહેનત હોય. છઠ તહેવાર પર આપણા તહેવારો ભારતની સંસ્કૃતિને જીવંત રાખે છે. છઠ પૂજા એ દિવાળી પછી આવતો પવિત્ર તહેવાર છે. સૂર્ય દેવને સમર્પિત આ ભવ્ય તહેવાર ખૂબ જ ખાસ છે. આ તહેવાર દરમિયાન, આપણે અસ્ત થતા સૂર્યને અધર્ય્આપીએ છીએ અને તેમની પૂજા કરીએ છીએ. છઠ ફક્ત દેશના વિવિધ ભાગોમાં જ ઉજવવામાં આવતી નથી, પરંતુ તેનો મહિમા વિશ્વભરમાં પણ જોવા મળે છે. આજે, તે એક વૈશ્વિક તહેવાર બની રહ્યો છે. મને તમને જણાવતા ખૂબ આનંદ થાય છે કે ભારત સરકાર પણ છઠ પૂજાને લઈને એક મોટા પ્રયાસમાં રોકાયેલી છે.

**અંબિકાપુર અને બેંગલુરુમાં પરિવર્તન પહેલનો ઉલ્લેખ કર્યો :** પીએમ મોદીએ છત્તીસગઢ અને કર્ણાટકનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે છત્તીસગઢના અંબિકાપુરમાં પ્લાસ્ટિક કચરાને સાફ કરવા માટેની પહેલ, ગાર્બેજ કાફે વિશે વાત કરી હતી. તેમણે કહ્યું, આ એવું કાફે છે જ્યાં પ્લાસ્ટિકનો કચરો લઈને આવનારા લોકોને ભરપેટ ભોજન આપવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ એક કિલોગ્રામ પ્લાસ્ટિક લાવે છે, તો તેમને લંચ કે ડિનર મળે છે, અને જો કોઈ 500 ગ્રામ પ્લાસ્ટિક લાવે છે, તો તેને નાસ્તો મળે છે. આ કાફે અંબિકાપુર નગરપાલિકા દ્વારા ચલાવવામાં આવે છે. તેવી જ રીતે, પીએમએ બેંગલુરુમાં એક ખાસ પહેલનો ઉલ્લેખ કર્યો અને કહ્યું, 'બેંગલુરુને તળાવોનું શહેર કહેવામાં આવે છે અને એન્જિનિયર કપિલ શર્માજીએ અહીંના તળાવોને નવું જીવન આપવા માટે એક અભિયાન શરૂ કર્યું છે. કપિલની ટીમે બેંગલુરુ અને તેની આસપાસના 40 કુવાઓ અને તળાવોને પુનર્જીવિત કર્યા છે. નોંધપાત્ર વાત એ છે કે તેઓએ તેમના મિશનમાં કોર્પોરેટ અને સ્થાનિક લોકોને પણ સામેલ કર્યા છે.

**ગાંધી જયંતિ પર :** 2 ઓક્ટોબરે ગાંધી જયંતિ હતી. ગાંધીજી હંમેશા સ્વદેશી અપનાવવા પર ભાર મૂકતા હતા, અને ખાદી તેમાં સૌથી આગળ હતી. કમનસીબે, સ્વતંત્રતા પછી, ખાદીનું આકર્ષણ ઓછું થવા લાગ્યું, પરંતુ છેલ્લા 11 વર્ષોમાં, લોકોનું ખાદી પ્રત્યે આકર્ષણ નોંધપાત્ર રીતે વધ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ખાદીના વેચાણમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે.

**મન કી બાત કાર્યક્રમ 22 ભાષાઓમાં પ્રસારિત થાય છે**

મન કી બાત 22 ભારતીય ભાષાઓ અને 29 બોલીઓ તેમજ 11 વિદેશી ભાષાઓમાં પ્રસારિત થાય છે. જેમાં ફ્રેન્ચ, ચાઈનીઝ, ઈન્ડોનેશિયન, તિબેટીયન, બર્મીઝ, બલોચી, અરબી, પશ્તો, ફારસી, દારી અને સ્વાહિલીનો સમાવેશ થાય છે. મન કી બાત 500થી વધુ ઓલ ઈન્ડિયા રેડિયો પ્રસારણ કેન્દ્રો પરથી પ્રસારિત થાય છે. શરૂઆતમાં એપિસોડ 14 મિનિટનો હતો. જૂન 2015માં, તેને વધારીને 30 મિનિટ કરવામાં આવ્યો.

**આરએસએસ અંગે :** આ વિજયાદશમી બીજા એક કારણસર પણ ખૂબ જ ખાસ છે. તે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ની સ્થાપનાની 100મી વર્ષગાંઠ ઉજવે છે. એક સદી સુધી ફેલાયેલી આ યાત્રા જેટલી જ નોંધપાત્ર, અભૂતપૂર્વ અને પ્રેરણાદાયક છે તેટલી જ મહત્વપૂર્ણ છે. જ્યારે 100 વર્ષ પહેલાં RSS ની સ્થાપના થઈ હતી, ત્યારે દેશ સદીઓથી ગુલામીની સાંકળોમાં બંધાયેલો હતો. સદીઓથી ચાલતી આ ગુલામીએ આપણા આત્મસન્માન અને આત્મવિશ્વાસને ભારે ઠેસ પહોંચાડી હતી. વિશ્વની સૌથી જૂની સભ્યતા ઓળખના સંકટનો સામનો કરી રહી હતી. આપણા નાગરિકો હીન ભાવનાનો ભોગ બની રહ્યા હતા. સ્વચ્છ ભારત પર તહેવારો દરમિયાન, આપણે બધા આપણા ઘરની સફાઈમાં વ્યસ્ત થઈ જઈએ છીએ. પરંતુ સ્વચ્છતા ફક્ત આપણા ઘરની ચાર દિવાલો સુધી મર્યાદિત ન હોવી જોઈએ. સ્વચ્છતા આપણી જવાબદારી બનવી જોઈએ - શેરીઓમાં, મહોલ્લામાં, બજારોમાં અને ગામડાઓમાં - દરેક જગ્યાએ. મિત્રો, આ આખો સમય અહીં ઉજવણીનો સમય છે, અને દિવાળી એક ભવ્ય ઉજવણી બની જાય છે. હું આવનારી દિવાળી માટે આપ સૌને મારી શુભકામનાઓ પાઠવું છું.

## JDUના દિગ્ગજ નેતા અનંત સિંહનું સ્ટેજ તૂટ્યું, બધા પડ્યા:તેજસ્વીએ કહ્યું- નીતિશ પલટી મારીને ભાજપમાં ગયા

### જવાબદારીમાંથી હાથ ખંખેર્યા, કહ્યું- કોલેજો વિદ્યાર્થિનીઓની સુરક્ષાની જવાબદારી લે

| (એજન્સી) પટણા, તા.27 |

બિહાર ચૂંટણીમાં NDA અને INIDA ગઠબંધનના ઉમેદવારો વચ્ચે શાબ્દિક યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે. રવિવારે વિપક્ષના નેતા તેજસ્વી યાદવે કટિહારમાં એક જાહેર સભા યોજી હતી. રેલી દરમિયાન તેમણે નીતિશ કુમાર પર કટાક્ષ કરતા કહ્યું કે, નીતીશ કાકાએ પલટી મારીને ભાજપમાં ચાલ્યા ગયા.

તેજસ્વીએ કહ્યું, બિહારમાં જો કોઈએ ભાજપને સ્થાન આપ્યું હોય તો તે નીતિશ કુમાર છે. અમે ક્યારેય શરણાગતિ સ્વીકારી નથી. સત્તામાં આવ્યા પછી, અમારી સરકાર મુસ્લિમોની ઈચ્છા વિરુદ્ધ પસાર કરાયેલા વક્ફ બિલને કચરાપેટીમાં ફેંકી દેશે.

રવિવારે પટનામાં વિપક્ષના નેતા તેજસ્વી યાદવે કહ્યું, 'બિહારના લોકોએ ભાજપને 20 વર્ષ આપ્યા, અને અમે ફક્ત 20 મહિના માંગી રહ્યા છીએ. મને લોકોમાં સંપૂર્ણ વિશ્વાસ છે કે આ વખતે પરિવર્તન આવશે અને સરકાર પણ બદલાશે.'

તેજસ્વીએ પંચાયત પ્રતિનિધિઓ, પીડીએસ ડીલરો, વાળંદ, કુંભાર અને લુહાર માટે પણ ઘણી જાહેરાતો કરી. તેજસ્વીએ વચન આપ્યું હતું કે જો INDIA બ્લોકની સરકાર બનશે, તો ત્રિ-સ્તરીય પંચાયત પ્રતિનિધિઓનું માનદ વેતન બમણું કરવામાં આવશે.



આ દરમિયાન, શનિવારે, રામપુર-ડુમરા ગામમાં એક રેલીને સંબોધિત કરવાના અનંત સિંહનું સ્ટેજ તૂટી પડ્યું હતું. અનંત સિંહ સહિત સ્ટેજ પરના બધા લોકો નીચે પડી ગયા હતા. અનંત જેડીયુની ટિકિટ પર મોકામાથી ચૂંટણી લડી રહ્યા છે. મોકામા મતવિસ્તારના જેડીયુ ઉમેદવાર અનંત સિંહ 37.88 કરોડ રૂપિયાની સ્થાવર અને જંગમ સંપત્તિના માલિક છે. તેમની પાસે 26.66 કરોડ રૂપિયાની જંગમ સંપત્તિ અને 11.22 કરોડ રૂપિયાની સ્થાવર સંપત્તિ છે. તેમની પાસે ઘણી જમીનો છે. તેઓ પટનાના ફ્રેઝર રોડ પર હસન મંઝિલ કોમર્શિયલ કોમ્પ્લેક્સના માલિક છે. અનંત લક્ઝરી વાહનોના શોખીન છે. તેમનું સૌથી મોંઘુ વાહન 2.70 કરોડની ટોયોટા લેન્ડ ક્રુઝર છે. તેમની પાસે 48 લાખની ફોર્ચ્યુનર અને 5 લાખની XUV પણ છે.

કટિહાર પહોંચેલા તેજસ્વી યાદવે કહ્યું, 'નીતીશ કુમાર પલટી મારીને ભાજપમાં ચાલ્યા ગયા છે. જો કોઈએ બિહારમાં ભાજપને સ્થાન આપ્યું હોય, તો તે નીતિશ કુમાર છે. જ્યારે અમે સત્તામાં હતા, ત્યારે કોઈનામાં રમખાણો ભડકાવવાની હિંમત નહોતી.' અમે ક્યારેય શરણાગતિ સ્વીકારી નથી. ભાજપવાળા સૌથી વધુ લાલુ યાદવથી ડરે છે. તેજસ્વી યાદવે કહ્યું કે ભાજપે મુસ્લિમોની ઈચ્છા વિરુદ્ધ જે કાયદા પસાર કર્યા છે તે અમારી સરકાર બન્યા પછી કચરાપેટીમાં ફેંકી દેવામાં આવશે. કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે વૈશાલી જિલ્લાના હાજીપુરમાં મીડિયા સાથે વાત કરતા દાવો કર્યો હતો કે આરજેડી નેતા તેજસ્વી યાદવ રાઘોપુર વિધાનસભા બેઠક પરથી ચૂંટણી જીતી શકશે નહીં અને ન તો તેઓ મુખ્યમંત્રી બની શકશે.

### દેશભરમાં આવતીકાલે SIRની તારીખો જાહેર થશે

# ચૂંટણી પંચ પ્રેસ કોન્ફરન્સ કરશે, પ્રથમ તબક્કામાં 10થી 15 રાજ્યોમાં સુધારો થશે

| (એજન્સી) નવી દિલ્હી, તા.26 |

ચૂંટણી પંચ સોમવારે રાષ્ટ્રવ્યાપી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની જાહેરાત કરશે. પંચ સાંજે એક પ્રેસ કોન્ફરન્સમાં આની વિગતો આપશે. પ્રથમ તબક્કામાં 10 થી 15 રાજ્યોનો સમાવેશ થશે. આ એવા રાજ્યો હશે જ્યાં આગામી વર્ષની અંદર વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. 2026માં આસામ, તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે.

ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું હતું કે જે રાજ્યોમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ થવાની છે ત્યાં તાત્કાલિક SIR હાથ ધરવામાં આવશે નહીં. કારણ કે નીચલા સ્તરના કર્મચારીઓ તે ચૂંટણીઓમાં વ્યસ્ત રહેશે અને SIR માટે સમય કાઢી શકશે નહીં. ચૂંટણી પછી આ રાજ્યોમાં SIR હાથ ધરવામાં આવશે. કમિશને તાજેતરમાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીઓ (CEOs) સાથે બે બેઠકો યોજીને SIR લાગુ કરવા માટેના માળખાને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. ઘણા CEOએ છેલ્લા SIR પછી બહાર પાડવામાં આવેલી તેમની મતદાર યાદીઓ તેમની સંબંધિત રાજ્ય વેબસાઈટ પર અપલોડ કરી છે.



2008ની મતદાર યાદી દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે. 2008માં ત્યાં SIR હાથ ધરવામાં આવ્યું હતું. ઉત્તરાખંડ, જ્યાં છેલ્લે 2006માં SIR હાથ ધરવામાં આવ્યું હતું, ત્યાં હવે રાજ્યના CEOની વેબસાઈટ પર મતદાર યાદી છે. બિહારમાં પણ તાજેતરમાં મતદાર ચકાસણી કરવામાં આવી હતી. અંતિમ ડેટા 1 ઓક્ટોબરના રોજ જાહેર કરવામાં આવ્યો હતો.

અંતિમ SIR કટ-ઓફ તારીખ તરીકે સેવા આપશે રાજ્યોમાં છેલ્લો SIR કટ-ઓફ ડેટ તરીકે કામ કરશે, જેમ ચૂંટણી પંચે SIR માટે બિહાર માટે 2003ની મતદાર યાદીનો ઉપયોગ કર્યો હતો. મોટાભાગના રાજ્યોએ છેલ્લે 2002 અને 2004ની વચ્ચે SIR હાથ ધર્યા હતા.

મોટાભાગના રાજ્યોએ તેમના સંબંધિત રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાથ ધરાયેલા છેલ્લા SIRના આધારે હાલના મતદારો સાથે મતદારોનું મેચિંગ લગભગ પૂર્ણ કરી લીધું છે. SIRનો મુખ્ય હેતુ વિદેશી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને તેમના જન્મ સ્થળની ચકાસણી કરીને બહાર કાઢવાનો છે. બાંગ્લાદેશ અને મ્યાનમાર સહિત વિવિધ રાજ્યોમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પરના કડક પગલાંને ધ્યાનમાં રાખીને આ પગલું મહત્વપૂર્ણ છે.

કમિશનનો દાવો છે કે તેનું ધ્યાન કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરી પર છે, જ્યાં મે 2026 સુધીમાં ચૂંટણી થવાની છે. SIRનો હેતુ મતદાર યાદીમાંથી ડુપ્લિકેટ મતદારોને દૂર કરવાનો અને ખાતરી કરવાનો છે કે મતદાર ભારતીય નાગરિક છે.

બે દાયકા પછી આવી સમીક્ષા હાથ ધરવામાં આવી રહી છે, જે શહેરીકરણ અને સ્થળાંતરને કારણે જરૂરી બન્યું છે. આંધ્રપ્રદેશમાં 2003-2004માં 55 મિલિયન મતદારો હતા, પરંતુ હવે 66 મિલિયન છે. ઉત્તરપ્રદેશમાં 2003માં 115 મિલિયન મતદારો હતા, પરંતુ હવે 159 મિલિયન છે. દિલ્હીમાં 2008માં 11 મિલિયન મતદારો હતા, પરંતુ હવે 15 મિલિયન છે.

બેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે BLO દરેક મતદારના ઘરે જશે અને પહેલાથી ફાઈલ કરેલા ફોર્મ પહોંચાડશે. 31 ડિસેમ્બર સુધીમાં 18 વર્ષના થનારા દરેક મતદારને આ પ્રક્રિયામાં સામેલ ગણવામાં આવશે. દેશભરમાં 991 મિલિયન મતદારો છે. આમાંથી, બિહારમાં 80 મિલિયન મતદારો માટેની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. 2002 થી 2004ની વચ્ચે, 700 મિલિયન મતદારો SIRમાં નોંધાયેલા હતા. તેથી, એવું માનવામાં આવે છે કે ફક્ત 210 મિલિયન મતદારોને જરૂરી દસ્તાવેજો પૂરા પાડવાની જરૂર પડશે. બિહારમાં SIRને લઈને વિવાદ થયો હતો બિહાર ચૂંટણી પહેલા, SIR પર વિવાદ થયો હતો. વિરોધ પક્ષોએ સરકાર પર મત ચોરીનો આરોપ લગાવ્યો હતો.



કાળી ચૌદશ અને દિવાળીની રાત્રિ બની કાળરાત્રિ

# દિવાળીના તહેવારમાં 10 લોકોની હત્યાથી ગુજરાત થયું રક્તરંજિત!

## અમદાવાદ રાજકોટ, છોટાઉદેપુર, મોરબી, ગાંધીનગર અને જૂનાગઢ જેવા શહેરોમાં ખૂની ખેલ ખેલાયા હતા

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।** ગુજરાતમાં ક્રાઈમ જાણે ચરમસીમાએ પહોંચ્યો હોય એ રીતે કાળી ચૌદશ અને દિવાળી એમ બે જ દિવસમાં ૧૦ લોકોની હત્યા થઈ ગઈ છે. આ ખૂબ જ ગંભીર બાબત છે. કાયદો ખાલી કાગડિયા પર હોય એવું લાગી રહ્યું છે. ત્યારે ૧૦ હત્યાની વાત કરીએ તો કાળી ચૌદશ અને દિવાળીની ૪૮ કલાકની અંદર જ ૧૦ લોકોની હત્યા કરવામાં આવી હતી.

૧. સૌથી પહેલા રાજકોટ આવે છે. અહીં ૧૮ કલાકમાં ૪ લોકોની હત્યા થઈ હતી. કાળી ચૌદશના દિવસે ત્રિપલ મર્ડર થયા બાદ દિવાળીના દિવસે મિત્રએ જ મિત્રની હત્યા કરી નાખી હતી.

૨. બીજી ઘટના છે છોટાઉદેપુરના ખડકલા ગામની. જ્યાં કાળી ચૌદશના દિવસે કાકાના ઘરે આવેલા ભત્રીજાએ ગાડીની ચાવી માગી હતી પણ ચાવી ન આપતા ભત્રીજાએ કાકાને લાકડીથી માર માર્યો. આ ઝઘડામાં દાદા વચ્ચે પડ્યા તો ભત્રીજાએ આવેશમાં આવીને પોતાના જ દાદાની હત્યા કરી નાખી.

૩. ત્રીજી ઘટના અમદાવાદના અમરાઈવાડી વિસ્તારની છે. જ્યાં અનૈતિક સંબંધની શંકાને કારણે કાળી




ચૌદશના દિવસે એક યુવકને હત્યા થઈ હતી. જેમાં આરોપી પોતાની પત્નીને અન્ય યુવક સાથે જોઈ જતા ખૂની ખેલ રમાયો હતો.

૪. ચોથી ઘટના પણ અમદાવાદની જ છે. જ્યાં રાણીપમાં દિવાળીના પિતાએ પુત્રની હત્યા કરી છે. બેરોજગાર પુત્ર અવારનવાર ઝઘડો કરીને પિતાને હેરાન કરતો હતો. આખરે ત્રાસી ગયેલા પિતાએ ધારિયાથી પુત્રની હત્યા કરી નાખી.

૫. પાચમી હત્યા મોરબીના વાકાનેરમાં થઈ હતી. જ્યાં દિવાળીના દિવસે પાડોશીઓ વચ્ચેના ઝઘડાનું સમાધાન કરાવવા ગયેલા ૨૦ વર્ષના યુવકની હત્યા કરવામાં આવી હતી. આ હત્યાના કારણે પરિવારજનોની દિવાળી માતમમાં ફેરવાઈ હતી.

૬. છઠ્ઠી હત્યાની વાત કરીએ તો ગાંધીનગરના દહેગામમાં દિવાળી રાત્રે કેટલાક યુવાનોએ ૧૮ વર્ષના યુવકની છરીના ઘા મારીને હત્યા નીપજાવી દીધી હતી. અજાણ્યા શખ્સો જાણે કાળ બનીને આવ્યા હોય એ રીતે ચાકૂના ૯ ઘા માર્યા હતા અને સારવાર દરમિયાન યુવકે દમ તોડી દીધો હતો.

૭. સૌથી છેલ્લે સાતમી ઘટના વિશે જણાવીએ તો જૂનાગઢમાં દિવાળીની રાત્રે ફટાકડા ફોડવા જેવી બાબતે એક યુવકને મોતને ઘાટ ઉતાર્યો હતો. જેના પર નિવૃત પીએસાઈના પુત્ર અને એક મહિલા સહિત ૫ લોકોએ હુમલો કર્યો હતો અને પુત્ર ગુમાવતા એકલવાયી માતા પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો.

આમ તહેવારના ૨ દિવસોમાં સૌથી વધુ ૪ હત્યા રાજકોટમાં અને અમદાવાદમાં ૨ હત્યા સહિત અલગ-અલગ શહેરોમાં કુલ ૧૦ લોકોનું ઢીમ ઢાળી દેવાયું હતું. એટલે કહી શકાય કે, દિવાળીના પર્વે આપણું ગુજરાત લોહીની હોળીથી

હોસ્પિટલોમાં દર્દીઓનો ઘસારો

## તહેવારના દિવસોમાં 7400થી વધુ દર્દીઓએ OPDમાં સારવાર અપાઈ


**। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।** દિવાળીનો તહેવાર આનંદ અને ઉલ્લાસનું પર્વ છે, પરંતુ ફટાકડાના અસુરક્ષિત ઉપયોગને કારણે દર વર્ષે અનેક લોકો ઈજાનો ભોગ બને છે. આપેલા આંકડાઓ મુજબ, તહેવારના છ દિવસના ટૂંકા ગાળામાં જ ફટાકડાને કારણે ૩૦ દર્દીઓએ ઓપીડીમાં સારવાર લેવાની ફરજ પડી હતી. આ દર્દીઓમાં ફટાકડાના અલગ-અલગ પ્રકારોથી ઈજા થઈ હતી, જેમાં ૬ દર્દીઓને 'અનાર'ના કારણે, ૧૦ દર્દીઓને 'રોકેટ'ના કારણે અને ૧૪ દર્દીઓને 'બોમ્બ' ફૂટવાના કારણે ઈજા થઈ હતી. આ સિવાય, ચાર વ્યક્તિઓ એટલી ગંભીર રીતે દાઝી ગયા હતા કે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ફટાકડા ફોડતી વખતે યોગ્ય સાવચેતી રાખવી કેટલી અનિવાર્ય છે, અન્યથા ખુશીનો માહોલ ગંભીર દુર્ઘટનામાં ફેરવાઈ શકે છે.

ફટાકડાની ઈજાઓ ઉપરાંત, તહેવારના દિવસોમાં અન્ય પ્રકારના અકસ્માતોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. દિવાળીના ગાળામાં અકસ્માતના કારણે ૧૫૦ લોકોને અલગ-અલગ પ્રકારે સારવાર આપવાની ફરજ પડી હતી. આ ૧૫૦ દર્દીઓમાંથી ૬૪ લોકોને ગંભીર ઈજાઓ હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે અન્ય ૮૬ લોકોને ઓપીડીમાં સારવાર આપી રજા આપવામાં આવી હતી. આના પરથી કહી શકાય કે તહેવારની ધમાલમાં વાહન ચલાવતી વખતે કે અન્ય પ્રવૃત્તિઓમાં લોકોની બેદરકારીને કારણે અકસ્માતોનું પ્રમાણ ઊંચું રહ્યું હતું.

## ગુજરાતમાં 4 દિવસ ભારે વરસાદની આગાહી, આવતીકાલે 24 જિલ્લામાં યલો-ઓરેન્જ ઍલર્ટ

**। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।** અરબી સમુદ્રમાં ડિપ્રેશનની સ્થિતિના કારણે હવામાન વિભાગે આગામી 6 દિવસ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. જેમાં શનિવારે (25 ઓક્ટોબર) 9 જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યું છે. દરિયો તોફાની બને તેવી શક્યતા છે, ત્યારે રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં આવેલા પોર્ટ પર 3 નંબરનું ભયસૂચક સિગ્નલ આપવામાં આવ્યું છે.

અરબી સમુદ્રમાં ડિપ્રેશન સક્રિય થતાં ગુજરાતના દરિયાકાંઠા અને સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી છે.



સમુદ્રમાં જોખમી પરિસ્થિતિ ઊભી થાય તેવી શક્યતા છે, ત્યારે ઓખા પોર્ટ પર નંબર-3, સલાયા પોર્ટ પર નંબર-1નું સિગ્નલ જાહેર કરવામાં આવ્યું છે. તેમજ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

હવામાન વિભાગ મુજબ, આજે શનિવારે (25 ઓક્ટોબર) અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યુ છે.

યલો ઍલર્ટ : અમદાવાદ, સુરેન્દ્રનગર, ખેડા, આણંદ, પંચમહાલ, મહીસાગર, અરવલ્લી, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, તાપી, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, ગીર સોમનાથ, જૂનાગઢ, રાજકોટ, પોરબંદર.

યલો ઍલર્ટ : અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, સુરેન્દ્રનગર, ખેડા, આણંદ, પંચમહાલ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગીર સોમનાથ, જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, ભાવનગર, અમરેલી.

## મેન્યુઅલી સમન્સ બજાવવામાં વિલંબ થતો હોવાથી હવે ઓનલાઈન સમન્સ બજાવાશે : વિકાસ સહાય

**। (એજન્સી) ગાંધીનગર, તા.૨૬ ।** ગુજરાતમાં કાયદા અને વ્યવસ્થા સહિત ન્યાય મળવામાં વિલંબ ન થાય તે માટે ઓનલાઈન (Online) ક્રાંતિ લાવવા માટે નવા પગલાઓ ભરવામાં આવી રહ્યાં છે. આ અંગે વિકાસ સહાયે જણાવ્યું છે કે, મેન્યુઅલી સમન્સ બજાવવામાં ખુબ જ લાંબી પ્રક્રિયાને અનુસરવી પડતી હોવાના કારણે સમયનો ખુબ જ વેડફાટ થતો હોય છે. પરંતુ હવે આ સમય બચાવવા માટે ઓનલાઈન સમન્સ બજાવવાની કામગીરી શરૂ કરી છે.



ગુજરાતમાં ન્યાયિક પ્રક્રિયાઓને વધુ ઝડપી અને પારદર્શક બનાવવા માટે સમન્સની બજવણી ઓનલાઈન પ્લેટફોર્મ પર સ્થાનાંતરિત થઈ ગઈ છે. રાજ્યમાં 50%થી વધુ સમન્સ હવે ઈ-મેલ અને વોટ્સએપ જેવા ડિજિટલ માધ્યમો દ્વારા મોકલાય છે, જે પરંપરાગત કાગદી પ્રક્રિયાને બદલીને સમય અને ખર્ચ બચાવે છે. આગામી દિવસોમાં કોર્ટથી સીધી જ ઓનલાઈન સમન્સની બજવણી શરૂ થશે, જે ન્યાયિક વ્યવસ્થાને વધુ કાર્યક્ષમ બનાવશે. આ પહેલ ગુજરાત હાઈકોર્ટ અને રાજ્ય સરકારના e-ગવર્નન્સ અભિયાનનો ભાગ છે, જે નાગરિકોને ઘરબેઠાથી કાનૂની પ્રક્રિયાઓમાં જોડાવાની સુવિધા આપે છે.

Online સમન્સ બજવણીની વિગતો

રાજ્યના 33 જિલ્લાઓમાંથી 50%થી વધુ સમન્સ (સમન્સ, નોટિસ, કોર્ટ ઓર્ડર) હવે ઈ-મેલ અને વોટ્સએપ દ્વારા મોકલાય છે. આ પહેલથી ન્યાયિક કાર્યવાહી 30% વધુ ઝડપી થઈ છે. આગામી દિવસોમાં હાઈકોર્ટ અને જિલ્લા કોર્ટ્સમાંથી સીધી ઓનલાઈન પોર્ટલ (e-Courts પ્લેટફોર્મ) દ્વારા સમન્સ મોકલાશે. આ માટે NJDG (National Judicial Data Grid) સાથે ઇન્ટિગ્રેશન કરાયું છે.

ઝડપી બજવણીથી કેસોની બાકી 20% ઘટશે, અને નાગરિકોને કોર્ટ જવાની જરૂર નહીં. આ પહેલ ગુજરાતને ડિજિટલ ન્યાયિક રાજ્ય તરીકે આગળ લઈ જશે. ગુજરાતમાં e-Courts પ્રોજેક્ટ હેઠળ 2025માં 70%થી વધુ કેસો ડિજિટલીઝડ થયા છે. આ ઓનલાઈન સમન્સ પહેલ તેનો વિસ્તાર છે. આગામી વર્ષે 90% સમન્સ ઓનલાઈન થશે, જે ન્યાયિક વિલંબને ઘટાડશે. આ પગલું કોવિડ પછીના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનનો ભાગ છે, અને નાગરિકોને વધુ સુલભતા આપશે.

એક અઠવાડિયાથી શોધી રહ્યો છે પરિવાર

## શિકાગોમાં ગુજરાતી મહિલા ગુમ થતા ચકચાર

### શિકાગો પોલીસ તથા પરિવાર આ મહિલાને શોધી રહ્યો છે શિકાગોમાં રહેતી 36 વર્ષીય લિઝા શાહ 17 ઓક્ટોબરથી ગુમ થયેલ છે

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।** શિકાગો પોલીસ વિભાગે ૩૬ વર્ષીય મહિલા લિસા શાહ માટે ગુમ વ્યક્તિની ચેતવણી જારી કરી છે, જે છેલ્લે એસ. કેડઝીના ૦-૧૦૦ બ્લોકની નજીક જોવા મળી હતી. ૫'૪" ઉંચાઈ, ૧૫૦ પાઉન્ડ વજન, ભૂરા આંખો અને કાળા વાળ ધરાવતી શાહ, ૧૭ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ છેલ્લે સંપર્ક કરવામાં આવ્યા બાદ ગુમ થઈ ગઈ હોવાનું જણાવાયું હતું.

૨૧ ઓક્ટોબરના રોજ પ્રસારિત કરાયેલા આ એલર્ટમાં તેણીના છેલ્લા જાણીતા પોશાકની વિગતો આપવામાં આવી છે. દિવસો પસાર થતાં શાહના ઠેકાણાનો કોઈ પત્તો ન લાગતાં તેનો પરિવાર ચિંતાતુર બન્યો છે. સાથે જ પરિવારજનોએ લીઝા શાહના મિસિંગના પોસ્ટર સોશિયલ મીડિયા પર શેક કર્યાં છે.

શિકાગો પોલીસ જાહેર જનતાને વિનંતી કરી રહી છે કે, શાહને શોધવામાં મદદ કરી શકે તેવી માહિતી ધરાવતી કોઈપણ વ્યક્તિને એરિયા ફોર સ્પેશિયલ વિક્ટિમ્સ યુનિટનો સંપર્ક કરવા અથવા તાત્કાલિક ૯૧૧ પર કૉલ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે.

શિકાગો પોલીસના જણાવ્યા અનુસાર, ૩૬ વર્ષીય લિસા શાહ શુક્રવાર, ૧૭ ઓક્ટોબરથી ગુમ છે. અધિકારીઓનું કહેવું છે કે શાહ છેલ્લે પૂર્વ ગારફિલ્ડ પાર્કમાં વેસ્ટ મેડિસન સ્ટ્રીટ અને સાઉથ કેડઝી એવન્યુના આંતરછેદ પાસે જોવા મળ્યા હતા.

લીઝા શાહના પિતરાઈ જિગર ઝાએ તેના મિસિંગ પોસ્ટરને સોશિયલ મીડિયા પર શેર કરતા લખ્યું કે, કૃપા કરીને મદદ કરો. મારી પિતરાઈ બહેન લીસા શાહ ગુમ છે.

અમે તેમની સલામતી માટે ખૂબ જ ચિંતિત છીએ. જો તમે તેમને જોયા હોય અથવા તેમના ઠેકાણા વિશે કંઈપણ જાણતા હોવ, તો કૃપા કરીને તાત્કાલિક મારો સંપર્ક કરો. કોઈપણ મદદ અથવા માહિતી આપે તો અમે આભારી રહીશું.

નોટો ગણવાનું મશીન પણ મળી આવ્યું

## ગુજરાત પોલીસની SMCનો સરખેજ વિસ્તારમાં દરોડો

### સરખેજમાં હરમૈન-33 સ્થિત રહેણાંક પર દરોડો પાડીને મેફેડ્રોનનો મોટો જથ્થો, રોકડ, વાહનો અને અન્ય કિંમતી વસ્તુઓ જપ્ત કરી હતી

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।** ગુજરાત પોલીસની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા એક નશા વિરોધી ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. SMCએ આજે (૨૪ ઓક્ટોબર) સરખેજમાં હરમૈન-૩૩ સ્થિત રહેણાંક જગ્યા પર દરોડો પાડીને મેફેડ્રોનનો મોટો જથ્થો, રોકડ, વાહનો અને અન્ય કિંમતી વસ્તુઓ જપ્ત કરી હતી.

પોલીસે આ દરોડા દરમિયાન ૨૮૯.૭ ગ્રામ મેફેડ્રોન જપ્ત કર્યું, જેની અંદાજિત કિંમત આશરે રૂપિયા ૨૮.૯૭ લાખ છે. આ ઉપરાંત, રૂપિયા ૩૫૦૦૦ની કિંમતના ત્રણ મોબાઈલ ફોન, રૂપિયા ૧.૨૩ લાખ રોકડ, રૂપિયા ૨૩ લાખની કિંમતના બે વાહનો, રૂ.૧૦,૦૦૦નું એક નોટ ગણવાનું મશીન અને રૂપિયા ૮૦૦ના ચાર વજન કાંટા પણ જપ્ત કરવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલી તમામ વસ્તુઓની કુલ અંદાજિત કિંમત રૂપિયા ૫૩.૬૬ લાખ થાય છે. મુખ્ય આરોપી પરવેઝમિયા શેખ અને સહ-આરોપી મોહમ્મદ ઝૈદ કુરેશી, જે બંને હરમેઇન-૩૩ રેસિડેન્સીના રહેવાસી છે, તેમને વધુ તપાસ માટે સરખેજ પોલીસને સોંપવામાં આવ્યા હતા. જપ્ત કરાયેલ ડ્રગ્સના ગ્રાહકો તરીકે ઓળખાયેલા અન્ય બે વ્યક્તિઓ જૂનાગઢના મોહમ્મદ હુસૈનભાઈ આલા અને સરખેજના તેજસ કિર્તીકાન્ત કારેલિયાને પણ કસ્ટડીમાં લેવામાં આવ્યા છે.

પોલીસે આ કેસના સંબંધમાં અન્ય ત્રણ વ્યક્તિઓને વોન્ટેડ જાહેર કર્યા છે, જેમાં કથિત સપ્લાયર્સ આઝમખાન અને અરબાઝખાન, તથા અમદાવાદના વેજલપુરના ગ્રાહક નોમાન શેખનો સમાવેશ થાય છે. મુખ્ય આરોપી પરવેઝમિયા શેખનો અગાઉ પણ NDPS એક્ટ હેઠળ ગુનાહિત રેકોર્ડ હોવાનું જાણવા મળ્યું છે. આ નેટવર્કમાં સામેલ સપ્લાયર્સ અને અન્ય સાથીદારોને શોધવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

HRA મુજબ ભાડું વસૂલવાનો મહત્વનો નિર્ણય લીધો

## ગુજરાત યુનિવર્સિટીના નિવૃત્ત કર્મચારીઓ પણ હવે નેતાઓના માર્ગે

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।** અમદાવાદ જેમ કોઈ મતદારોના વોટ મેળવી ચૂંટાયેલો નેતા કે મંત્રી ચૂંટણી હાર્યા પછી પણ પોતાને મળેલી સુખ સાયબી કે બંગલો ખાલી કરતા નથી તેમ હવે આ નિવૃત્ત સરકારી કર્મચારીઓ પણ આ નેતાઓના માર્ગે જવા લાગ્યા છે. ગુજરાત યુનિવર્સિટીમાંથી નિવૃત્ત થયા બાદ પણ અધ્યાપકો, કર્મચારીઓ યુનિવર્સિટીએ આપેલા ક્વાર્ટર્સ ખાલી કરતા નથી. વર્ષોથી આવા ક્વાર્ટર્સમાં હક જમાવી બેઠેલા આવા નિવૃત્ત કર્મચારીઓએ હવે ક્વાર્ટર્સ ખાલી કરવા પડશે. ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં મહત્વનો નિર્ણય લેવાયો છે.હાલમાં જ ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક મળી હતી. બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે. જેમાં હવે નિવૃત્ત કર્મચારીઓ યુનિવર્સિટી ક્વાર્ટરમાં નહીં રહી શકે. ગુજરાત યુનિવર્સિટીને નિવૃત્ત કર્મચારીઓ ક્વાર્ટર્સ ખાલી ન કરતા હોવાની ફરિયાદ મળી હતી. આ ફરિયાદના કારણે નિર્ણય લેવાયો છે. ગુજરાત યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગને પણ મળેલી ફરિયાદના આધારે ક્વાર્ટર્સ માટે કોઈ ચોક્કસ પોલિસી ઘડાવી પડશે તેવું લાગી રહ્યું હતું. જેથી હવે નિવૃત્ત કર્મચારીએ ત્રણ મહિનાની અંદર ક્વાર્ટર્સ ખાલી કરવું પડશે. તેમની પાસે ત્રણ મહિના માટે પણ એચ. આર.એ મુજબ ભાડું વસૂલશે. યુનિવર્સિટીની બેઠકમાં ચર્ચા થયા મુજબ ૧૦થી વધારે નિવૃત્ત કર્મચારીઓ હજુ પણ ભાડા વિના ક્વાર્ટર્સમાં રહી રહ્યા છે.

## નળ સરોવરમાં બોટિંગ બંધ : પ્રવાસીઓને વીલા મોઢે પાછા ફરવાનો વારો, સ્થાનિકોની રોજીરોટી છીનવાઈ...

**। (એજન્સી) અમદાવાદ, તા.૨૬ ।** ગુજરાતના ગૌરવ સમાન અને આંતરરાષ્ટ્રીય રામસર સાઈટતરીકે ખ્યાતિ પામેલા નળ સરોવર પક્ષી અભયારણ્યમાં દિવાળી વેકેશનની બરાબર મધ્યમાં જ બોટિંગ સેવાઓ સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગઈ છે. જેના કારણે શિયાળાની ઋતુ અને વેકેશનની મજા માણવા દૂર-દૂરથી આવતા હજારો પ્રવાસીઓને ઘોર નિરાશા સાંપડી રહી છે. પક્ષીઓને નજીકથી જોયા વિના માત્ર કિનારેથી સરોવરની ઝલક જોઈને 'વીલા મોઢે' પાછા ફરવાનો વારો આવતા પ્રવાસીઓનો ઉત્સાહ ઓસરી ગયો છે.

પ્રાપ્ત અહેવાલો મુજબ આ સમગ્ર પરિસ્થિતિનું મુખ્ય કારણ આશરે જાન્યુઆરી ૨૦૨૪માં વડોદરા ખાતે બનેલી હરણી તળાવ દુર્ઘટના છે. આ દુર્ઘટના બાદ રાજ્ય સરકારે તમામ જળ સ્થાનો પર પ્રવાસીઓની સુરક્ષા માટે કડક નિયમો અને SOP લાગુ કરી છે.

વન વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ નળ સરોવરમાં પણ આ નવા નિયમો, જેમાં લાઈફ જેકેટ, બોટમાં પ્રવાસીઓની મર્યાદિત ક્ષમતા અને પ્લાસ્ટિક પ્રતિબંધ જેવા મુદ્દાઓનું પાલન ફરજિયાત છે. તંત્રનું કહેવું છે કે નાવિકોએ સરકાર માન્ય, નવા નીતિ-નિયમો વાળી બોટો લાવવી પડશે. સરકારના નીતિ-નિયમ વાળી નવી બોટની કિંમત અંદાજે રૂ.૮૦,૦૦૦ થી રૂ.૯૦,૦૦૦ જેટલી ઊંચી છે. તંત્ર દ્વારા નાવિક માલિકોને આ નવી બોટ ખરીદવા માટે લોન સહાય આપવાની પણ ખાતરી આપવામાં આવી છે. આમ છતાં, સ્થાનિક નાવિક માલિકો આટલી મોંઘી બોટ ખરીદવા તૈયાર નથી અને તેઓ પોતાની જૂની બોટો દ્વારા જ નૌકા વિહાર ચાલુ રાખવા માંગ કરી રહ્યા છે. બીજી તરફ, વન વિભાગ સુરક્ષાના કારણોસર જૂની બોટોને મંજૂરી આપવા બિલકુલ તૈયાર નથી.

નળ સરોવરની આસપાસના વેકરીયા,મેની, ધરજી રાણાગઢ સહિતના ૧૫ જેટલા ગામોના ૫૦૦થી વધુ પરિવારો મુખ્યત્વે આ પ્રવાસન પ્રવૃત્તિઓ પર નિર્ભર છે. આ ગામોના લોકો નાવિક તરીકે બોટિંગ સેવા આપીને, નાસ્તા-ખાદ્ય પદાર્થોના સ્ટોલ લગાવીને તેમજ ઘોડેસવારી જેવી સેવાઓ દ્વારા પોતાનું ગુજરાન ચલાવતા હતા. બોટિંગ અને ઘોડેસવારી જેવી સેવાઓ બંધ થવાથી, આ પરિવારોની રોજીરોટી છીનવાઈ ગઈ છે અને તેમની આર્થિક સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. આ વિસ્તારની જમીન ક્ષારયુક્ત અને સિંચાઈ માટે અયોગ્ય હોવાથી, આ પરિવારોની આવકનો મુખ્ય આધાર શિયાળાની ૩-૪ મહિનાની પ્રવાસન સીઝન પર જ રહેલો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

AMCની ચૂંટણીના પડઘમ વાગવાની સાથે જ

# ભાજપ લાભ પાંચમથી એક્શનમાં વોર્ડ દીઠ સ્નેહમિલન સમારોહ શરૂ

I (એજન્સી) અમદાવાદ, તા.૨૬ I

મહાનગરપાલિકાની ચૂંટણીના પડઘમ ભાગવાની શરૂઆત થઈ ગઈ છે આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીએ પોતાની તૈયારીઓ શરૂ કરી દીધી છે ચૂંટણી પહેલા સંગઠન મજબૂત કરવા અને કાર્યકરોમાં ઉત્સાહનો સંચાર કરવા એક વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે આ આયોજન હેઠળ અમદાવાદના તમામ વોર્ડમાં સ્નેહમિલન યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે જે ચૂંટણી પ્રચારના પ્રારંભિક તબક્કા તરીકે જોવામાં આવી રહ્યું છે આ સમારોહ દ્વારા પાર્ટી કાર્યકર્તાઓ સાથે સીધો સંવાદ સ્થાપી તેમના મંતવ્યો જાણવા અને તેમને ચૂંટણીની જવાબદારીઓ માટે પ્રોત્સાહિત કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

ભાજપ લાભ પાંચમના શુભ દિનથી જ સંપૂર્ણપણે એક્શનમાં આવી જશે સ્નેહમિલન સમારોહનું આ આયોજન 26 ઓક્ટોબરથી શરૂ થઈને 10 નવેમ્બર સુધી ચાલશે આ સમયગાળા દરમિયાન અમદાવાદના તમામ વોર્ડને આવરી લેવામાં આવશે ચૂંટણી પહેલા કાર્યકરોનો ઉત્સાહ અને જુસ્સો વધારવા માટે આ પ્રકારના કાર્યક્રમોનું વિશેષ મહત્વ હોય છે નેતાઓ અને કાર્યકરો વચ્ચેની આ મુલાકાતોથી સંગઠનાત્મક માળખું વધુ મજબૂત બનશે અને ચૂંટણીલક્ષી રણનીતિઓને અસરકારક રીતે જમીન સ્તરે અમલમાં મૂકી શકાશે.

ભાજપની આ રણનીતિ સ્પષ્ટ પણે કાર્યકર્તા કેન્દ્રિત છે કાર્યકર્તાઓ કોઈપણ ચૂંટણીમાં પાયાના સ્તંભ સમાન હોય છે અને તેમનો સક્રિય સહકાર જીત માટે અનિવાર્ય છે સ્નેહમિલન સમારોહ થકી પાર્ટી નાનામાં નાના કાર્યકર્તા સુધી પહોંચવા માંગે છે આ આયોજન દ્વારા મનપાની ચૂંટણી માટેની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવશે જેમાં ઉમેદવારોની પસંદગી પ્રચારની વ્યુહ રચના અને બુથ મેનેજમેન્ટની કામગીરીની રૂપરેખા તૈયાર કરવામાં આવશે અમદાવાદ મનપાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ એ આ રીતે સમયસર અને વ્યાપક આયોજન કરીને વિપક્ષો કરતા એક ડગલું આગળ રહેવાનો પ્રયાસ કર્યો છે.



### AMCની ચૂંટણી ભાજપ માટે સરળ નહીં હોય...!

અમદાવાદમાં વરસાદે એએમસીની કામગીરીની પોલ ખોલી નાખી છે માત્ર બોદા વચનો જ કર્યા છે લોકો પ્રાથમિક સુવિધાથી ત્રાહિમામ પોકારી ગયા છે લોકો વચ્ચે જવું ભાજપના ઉમેદવારે લોડાના ચણા ચાવવા જેવું થાય તો નવાઈ નહીં સોસાયટીઓ બહિષ્કાર કરી ઉમેદવારોનો બહિષ્કાર કરી શકે છે રોડ રસ્તા લાઈટોની અસંખ્ય ફરિયાદો છતાં નિકાલ નહીં રોડ રીસરફેસ કરવાને બદલે માત્ર થીગડા કર્યા તે થિગડા પણ ઉબડખાબડ હોવાથી લોકો પરેશાન થયા છે કોન્ટ્રાક્ટરો પર કંટ્રોલ નથી મોનિટરિંગ વગર કામમાં ઉતરતી નકરી વેટ આ બધા સળગતા પ્રશ્નો ભાજપના ઉમેદવારને દઝાડી શકે છે.

નાઈઝીરીયા, મોઝામ્બિક અને કેન્યા સહિતના આફ્રિકન નાગરિકોની ધરપકડ

# શીલજમાં રેવ પાર્ટી પર પોલીસે દરોડા પાડી 20 NRI અને 2 ભારતીયની ધરપકડ કરી...

I (એજન્સી) અમદાવાદ, તા.૨૬,



શીલજ નજીક ઝેફાયર ફાર્મ હાઉસમાં શુક્રવારે મોડી રાત્રે ચાલતી રેવ પાર્ટી પર બોપલ પોલીસે દરોડો પાડી 20 એનઆરઆઈ સહિત 22 વ્યક્તિઓની ધરપકડ કરી હતી. પાર્ટીમાં દારૂ, શબાબ અને લાઉડ મ્યુઝિકનો માહોલ જોવા મળ્યો હતો, સાથે ખાસ તૈયાર કરેલા પાસ પર 'અનલિમિટેડ ડ્રિંક્સ'નો ઉલ્લેખ પણ હતો, જે ગેરકાયદે દારૂના વપરાશની પુષ્ટિ કરે છે. નાઈઝીરીયા, મોઝામ્બિક અને કેન્યા સહિતના આફ્રિકન નાગરિકો સહિતના આરોપીઓને પોલીસે નશાની હાલતમાં બોપલ પોલીસ સ્ટેશન ખસેડી કાર્યવાહી હાથ ધરી હતી.

ગુપ્ત બાતમીના આધારે પોલીસે રાત્રે બે વાગ્યે દરોડો પાડી મોંઘી સાઉન્ડ સિસ્ટમ, દારૂની બોટલો અને પાર્ટીના આયોજનના પુરાવા જપ્ત કર્યા હતા. પ્રાથમિક તપાસમાં બે ભારતીયો આયોજકોમાં સામેલ હોવાનું સામે આવ્યું છે. પોલીસે ગુજરાત પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે અને આરોપીઓની વિરુદ્ધ કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

આ બનાવ બાદ શહેરમાં ચકચાર મચી ગઈ છે, કારણ કે દારૂબંધી ધરાવતા ગુજરાતમાં આવા કાર્યક્રમોનું આયોજન ચિંતાજનક ગણાયું છે. પોલીસે જણાવ્યું છે કે મુખ્ય આયોજકોની શોધ ચાલુ છે અને ઝડપાયેલા એનઆરઆઈના વિઝા તથા પાસપોર્ટની તપાસ હાથ ધરાઈ છે. ફાર્મ હાઉસના માલિક સામે પણ તપાસ શરૂ કરવામાં આવી છે, જ્યારે સ્થાનિક લોકોએ વિસ્તારની આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ પર નિયંત્રણ લાવવાની માંગ કરી છે.

પોતાના જ વિદ્યાર્થીના ઘરમાં હાથ ફેરો કર્યો

# પતિની સારવાર માટે રામોલમાં રહેતી શિક્ષિકાએ કરી 7.81 લાખની ચોરી...

I(એજન્સી) અમદાવાદ, તા.૨૬I

રામોલ વિસ્તારમાં એક શિક્ષિકાએ પોતાના પતિની સારવાર માટે ચોરીનો રસ્તો અપનાવ્યો હતો. શિક્ષિકા સંગીતા નાયડુએ પોતાના જ વિદ્યાર્થીના ઘરમાંથી 10 તોલા સોનાના દાગીના અને રોકડ રકમની ચોરી કરી હતી. દિવાળીના તહેવાર દરમિયાન બનેલી આ ચોરીની ઘટનાએ પોલીસને ચકિત કરી દીધી હતી. રામોલ પોલીસે તપાસ હાથ ધરી અને ટૂંક સમયમાં જ શિક્ષિકાનો ભાંડો ફોડી તેને ધરપકડ કરી લીધી હતી.

તપાસ દરમિયાન પોલીસે સીસીટીવી ફૂટેજ ચકાસ્યા ત્યારે આરોપી મહિલા ભોગ બનનારના ઘરે એક પ્રસંગમાં કપડાં બદલવા પહોંચી હોવાનું સામે આવ્યું હતું. આ ફૂટેજના આધારે પોલીસને શંકા જતાં સંગીતા નાયડુની પૂછપરછ કરવામાં આવી, જેમાં તેણે ચોરી કબૂલ કરી લીધી હતી. પોલીસે તેની પાસે રૂ. 7.81 લાખના દાગીના અને રોકડ રકમનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ સંગીતા નાયડુ સ્કૂલમાં શિક્ષિકા રહી ચૂકી હતી, પરંતુ આર્થિક પરિસ્થિતિ નબળી પડતા અને પતિની સારવાર માટે પૈસાની જરૂર પડતાં તેણે ચોરી કરવાનો નિર્ણય લીધો હતો. પોલીસે વધુમાં જણાવ્યું કે, ચોરીના દાગીના એક પુરુષને વેચવા માટે આપ્યા હતા, જેના વિશે પણ તપાસ ચાલુ છે કે આ પુરુષનો ચોરીમાં કોઈ હિસ્સો છે કે નહીં.


મૃતક યુવકનું દેવુ વધતા વારંવાર ઝગડા થતા હતા

# કૌટુંબીક ઝગડા બાદ સાળાએ બનેવીને પાંચમા માળેથી ફેંકી હત્યા કરી

I (એજન્સી) અમદાવાદ, તા.૨૬ I

વાડજ વિસ્તારમાં પતિ-પત્ની વચ્ચેના ઝઘડાએ ભાઈબીજના દિવસે ભયાનક સ્વરૂપ ધારણ કર્યું હતું. નજીવા પારિવારિક અણબણાવના કારણે પત્નીના ભાઈએ પોતાના બનેવી ભાવેશ મકવાણાની ક્રૂર રીતે હત્યા કરી નાખી હતી. ભાવેશ અને તેની પત્ની વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો, જે અંગે પત્નીએ પોતાના ભાઈઓને જાણ કરતાં તેઓ ગુસ્સે ભરાઈ ઘર પર પહોંચી ગયા હતા અને વાતચીત દરમિયાન ઝઘડો શરૂ થયો હતો.





મૃતકના પિતાના જણાવ્યા મુજબ ભાવેશ પર થોડું દેવું હતું, જેના કારણે પતિ-પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતા હતા. ભાઈના ઘેર આવ્યા બાદ પહેલાં ભાવેશને ઢોર માર માર્યો અને ત્યારબાદ ગુસ્સામાં આવી તેને પાંચમા માળેથી ધકેલી દીધો હતો, જેના કારણે તેનો ઘટનાસ્થળે જ કરુણ અંત આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ વાડજ પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહ કબ્જે લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો.

પોલીસે મૃતકની પત્ની અને સાળા સહિત અન્ય સંભવિત આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો છે. મુખ્ય આરોપી સાળાની ધરપકડ કરવામાં આવી છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં પોલીસે જણાવ્યું કે આ હત્યાના મૂળમાં પતિ-પત્ની વચ્ચેનો લાંબા

ફટાકડા ભરેલી લોખંડની પાઈપ સળગાવતા દુર્ઘટના થઈ

# પાઈપમાં ફટાકડા ફોડતા સગીરાનું કરુણ મોત, ત્રણ યુવકો સામે ગુનો નોંધાયો

I (એજન્સી) અમદાવાદ, તા.૨૬ I

ન્યૂ રાણીપ વિસ્તારમાં ફટાકડા ફોડવામાં ગંભીર બેદરકારીના કારણે 16 વર્ષની હીના પુરોહિત નામની સગીરાનું મોત થયું હતું. 21 ઓક્ટોબરની રાત્રે ત્રણ યુવકો લોખંડની પાઈપમાં ફટાકડા ભરી ફોડી રહ્યા હતા, ત્યારે પાઈપનો ટુકડો ઉડીને હીનાના કપાળ પર વાગ્યો હતો. ગંભીર ઈજાઓ બાદ તેને સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં 22 ઓક્ટોબરે સાંજે 6:25 કલાકે ડૉક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.



મૃતક હીના ઘાટલોડિયાની નેશનલ સ્કૂલમાં ધોરણ 11માં અભ્યાસ કરતી હતી. ઘટનાના સમયે તે પોતાની મિત્ર સાથે પટેલ ડેરી પાર્લર પાસે ઊભી હતી, ત્યારે જોરદાર વિસ્ફોટ બાદ મદદ માટે બૂમો પડતાં તેના પિતા મિનેશભાઈ પુરોહિત ત્યાં પહોંચ્યા હતા. તેમણે જોયું કે દીકરીના કપાળમાંથી લોહી વહી રહ્યું હતું અને તે બેભાન હાલતમાં પડી હતી. બાદમાં પોલીસને જાણ કરી ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

ફરિયાદ બાદ પોલીસે આસપાસની સોસાયટીઓના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા, જેમાં નીલ હિરેનભાઈ રામી અને બે 13 વર્ષના સગીરો ફટાકડા ભરેલી લોખંડની પાઈપ સળગાવતા જોવા મળ્યા હતા. બેદરકારીપૂર્વક ફોડવામાં આવેલા ફટાકડાના કારણે થયેલા વિસ્ફોટમાં હીનાનું કરુણ મોત થતાં ત્રણેય સામે પોલીસેઘટના અંગે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

પહેલા ગરમ પાણી નાખ્યુ ત્યારબાદ એસીડ ફેંક્યો

# સેટેલાઇટ વિસ્તારમાં પત્નિએ આડાસંબંધની શંકા રાખી પતિ પર એસિડથી હુમલો કર્યો....

I (એજન્સી) અમદાવાદ, તા.૨૬ I

સેટેલાઈટ વિસ્તારમાં દાંપત્ય સંબંધોને કલંકિત કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં પત્નીએ પોતાના પતિ પર એસિડથી હુમલો કર્યો હતો. માહિતી મુજબ, પતિના અન્ય સ્ત્રી સાથેના આડાસંબંધોની શંકાને કારણે રોષે ભરાયેલી પત્નીએ આ ખતરનાક કૃત્ય અંજામ આપ્યો હતો.



બે વર્ષ પહેલા પ્રેમલગ્ન કરનાર આ દંપતી વચ્ચે છેલ્લા કેટલાક સમયથી તણાવ ચાલી રહ્યો હતો. પત્નીને પતિના ચારિત્ર્ય પર શંકા રહેતાં રાત્રિના સમયે, જ્યારે પતિ સૂતો હતો ત્યારે પહેલા ગરમ પાણી નાખી ત્યારબાદ એસિડ ફેંકી હુમલો કર્યો હતો. આ અચાનક હુમલાથી પતિ ગંભીર રીતે દાઝી ગયો હતો અને ચીસા પાડી ઉઠ્યો હતો. પીડિતાને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ સેટેલાઈટ પોલીસે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી છે અને આરોપી પત્ની સામે કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદમાં છઠ્ઠુ મહાપૂજાની તડામાર તૈયારીઓ: ઈન્દિરા બ્રિજના છઠ્ઠુ ઘાટ પર તંત્ર દ્વારા વિશેષ આયોજન

I (એજન્સી) અમદાવાદ, તા.૨૬ I

ઉત્તર ભારતમાં દિવાળી બાદ આવતા આસ્થાના મહાપર્વ છઠના તહેવારનું વિશેષ મહત્ત્વ હોય છે. ત્યારે અમદાવાદમાં વસવાટ કરતાં હજારો ઉત્તર ભારતીયો માટે પણ છઠ મહાપૂજાને લઈને તંત્ર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં શરુ કરી દેવામાં આવી છે. અમદાવાદના ઈન્દિરા બ્રિજ સહિત વિવિધ સ્થળો છઠ પૂજાનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં છઠ પૂજાના સ્થળો, સાબરમતી રિવરફ્રન્ટ પર જોરશોરથી તૈયાર ચાલી રહી છે. અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ પૂજા ઘાટ પર વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. આવતી કાલે (26 ઑક્ટોબર) છઠના દિવસે ચારથી પાંચ વાગ્યાથી પૂજાની શરુઆત થશે. ખાસ કરીને, સાબરમતી રિવરફ્રન્ટ ખાતે છઠ પૂજા માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. ઈન્દિરા બ્રિજ પાસે આવેલા છઠ પૂજાઘાટ ખાતે દર વર્ષે 5000થી વધુ શ્રદ્ધાળુઓ પૂજા માટે એકઠા થતા હોય છે. આ ભીડને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા અહીં વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે, ઘાટ પર ડોમ અને સ્ટેજ બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત, સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે સિક્યુરિટી ગાર્ડથી લઈ ચેન્જિંગ રૂમ સુધીની સુવિધાઓ પણ ઊભી કરવામાં આવી છે, જેથી વ્રતધારીઓને કોઈ મુશ્કેલી ન પડે.



ઉલ્લેખનીય છે કે, છઠની પૂજામાં વ્રતધારીઓ દ્વારા ઊગતા સૂર્યની આરાધના અને પૂજા કરવામાં આવે છે. નોંધનીય છે કે શહેરના પૂર્વના બાપુનગર, વિરાટનગર, ઠક્કરનગર, ખોડિયારનગર વગેરે વિસ્તારોમાં મોટી સંખ્યામાં પરપ્રાંતીય લોકો વસવાટ કરે છે. લોકવાયકા મુજબ યુદ્ધમાં વિજયી થઈને લંકાથી પરત ફર્યા બાદ માતા સીતા અને ભગવાન રામ દ્વારા બિહારમાં સૌપ્રથમ વાર ગંગા ઘાટે કૃતજ્ઞતા વ્યકત કરવા છઠ પૂજા કરવામાં આવી હતી. ત્યારથી આ પરંપરાચાલતી આવી છે. આ વર્ષે 26 ઑક્ટોબરે નહાય-ખાય એટલે કે સ્નાન કરી સાત્ત્વિક ભોજન સાથે છઠ પૂજા પર્વનો પ્રારંભ કરાયો હતો. બાદ આજે બીજા દિવસે 'છોટી છઠ્ઠી' મનાવી શ્રદ્ધાળુઓ 36 કલાકના નિર્જલા ઉપવાસ રાખશે. આવતી કાલે રવિવારે બડી છઠ્ઠી મનાવાશે. જેમાં સાંજે પાંચ વાગ્યાથી સૂર્યાસ્ત સુધી નદીમાં ઊભા રહીને આથમતા સૂર્ય અને છઠ્ઠી માતાની પૂજા કરાશે. પરોઢથી સૂર્યોદય સુધી નદીકાંઠે ઉગતા સૂર્યની આરાધના કરાશે. આ દરમિયાન મીઠી પુરી, મીઠા ભાત (બખીર) સહિત ફળ અને અળવી, કોળું વગેરે કાચા શાકભાજીનો ભોગ ધરાવાય છે.

# અમદાવાદના ISROમાં ભીષણ આગ લાગતા દોડધામ, મહત્ત્વનો ડેટા ખાક થયાની આશંકા

I (એજન્સી) અમદાવાદ, તા.૨૬ I

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO)ના અમદાવાદ સ્થિત કેમ્પસમાં આજે એક મોટી ઘટના બની હતી. કેમ્પસના IT સર્વર બિલ્ડિંગમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. સદભાગ્યે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

ISRO પરિસરના એક્ઝિટ ગેટ નજીક આવેલા આ બિલ્ડિંગના ઉપલા માળે આગની શરૂઆત થઈ હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ શહેરના ફાયર વિભાગે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. આગને કાબૂમાં લેવા માટે ચાર ફાયર ટેન્કર ઘટના સ્થળે દોડી ગયા હતા. ફાયર ફાઈટર્સે સમયસર કાર્યવાહી કરીને આગ પર કાબૂ મેળવી લીધો હતો. આ દરમિયાન સાવચેતીના ભાગરૂપે બિલ્ડિંગમાં કામ કરી રહેલા તમામ કર્મચારીઓને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું સંભવિત કારણ ઈલેક્ટ્રિક શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવે છે. જોકે ચોક્કસ કારણ જાણવા માટે આંતરિક તપાસ શરૂ કરવામાં આવી છે.



અધિકારીઓના જણાવ્યા અનુસાર આગના કારણે IT ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટું નુકસાન થયું છે, જેમાં અનેક કમ્પ્યુટર અને કિંમતી ઉપકરણો નાશ પામ્યા છે. જે સર્વરોમાં આગ લાગી હતી તેમાં મહત્ત્વપૂર્ણ ડેટા હોવાનું કહેવાય છે. હાલમાં નુકસાનના ચોક્કસ પ્રમાણનું આકલન ચાલી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે અમદાવાદમાં ISROના સ્પેસ એપ્લિકેશન્સ સેન્ટર (SAC) ખાતે વર્ષ 2018માં પણ આવી જ એક ઘટના બની હતી. તે સમયે પણ શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની શંકા હતી. તે દુર્ઘટનામાં એન્ટેના ટેસ્ટ સુવિધામાં આગ લાગવાથી કેટલાક ખાસ ઉપકરણોને નુકસાન થયું હતું અને એક CISF ગાર્ડના શ્વાસમાં ધૂમાડો ઘૂસી જતાં તબિયત લથડી હતી.

## તંત્રી લેખ...

# બાવા (પશુપતિ પારસ) ના બેઉ બગડયા

રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી આરએલજેપીના પ્રમુખ પશુપતિકુમાર પારસએ ઘોષણા કરી હતી કે એમનો પક્ષ બિહાર વિધાનસભાની ચૂંટણી એકલે હાથે લડશે. પારસના કહેવા પ્રમાણે વિપક્ષી મહાગઠબંધનમાં સામેલ થવાની એમની કોશિષ સફળ થઈ નથી. મજબૂરીને કારણે એમણે આ નિર્ણય લેવો પડયો છે. આરએલજેપીના ૩૩ ઉમેદવારોની યાદી જાહેર કરતી વખતે પશુપતિકુમારએ કહ્યું હતું કે, મેં તો ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ સફળ થયો નહીં. ૧૯૭૭થી ૨૦૧૦ સુધીમાં ૭ વખત અલવલી બેઠકનું પ્રતિનિધિત્વ કરનાર પારસને આશા હતી કે મહાગઠબંધન સાથે તેઓ જોડાશે તો એમને ઓછામાં ઓછી ૩ બેઠકો મળશે. જોકે મહાગઠબંધનને આ મંજૂર નહોતું. લોક જનશક્તિ પાર્ટીના (લોજપા)ના સ્થાપક રામવિલાસ પાસવાનના નાના ભાઈ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી પારસએ લોકસભા ચૂંટણીના થોડા મહિનાઓ પછી એનડીએ સાથે સંબંધ તોડી નાખ્યો હતો. હવે પારસની હાલત બાવાના બેઉ બગડયા જેવી થઈ છે.

બાંગ્લાદેશથી ભારતમાં આવેલા ૨૫૦૦ કુટુંબના ૧૨ હજાર લોકો ભારતની નાગરીકતા મેળવવાની રાહ જોઈ રહ્યા છે. ૮૦૦ લોકોએ નાગરીકતા માટે ઓનલાઈન અરજી કરી છે. પુરતા દસ્તાવેજ નહીં હોવાને કારણે મોટા ભાગની અરજીઓ પેન્ડીંગ છે. એક શરણાર્થીને જ નાગરીકતા મળી શકી છે. આ બાંગ્લાદેશીઓ લાંબા સમયથી ભારતના નાગરીક બનવા કાયદાકીય લડાઈ લડી રહ્યા છે. સ્થાનીક અધિકારીઓથી માંડીને રાજકીય નેતાઓએ નાગરીકતાનો મુદ્દો ચગાવ્યો છે. અખિલ ભારત બંગાળી સમન્વય સમીતીના રાષ્ટ્રીય પ્રમુખ દિંપાકર વૈરાગીના કહેવા પ્રમાણે બંગાળી બહુમતિવાળા ગામ અશોકનગર ઉર્ફ બંગાલી કોલોની, ગોકુલનગરી અને દીબદીબા જેવા ગામોમાં શરણાર્થીઓની સંખ્યા લગભગ ૧૨ હજાર છે. ૧૯૭૧ પછી બાંગ્લાદેશથી અહીં આવીને વસેલા હિન્દુઓની સંખ્યા વધતી જ રહી છે.


કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ સનાતન ધર્મની કરેલી ટીકાનો વિવાદ વધી રહ્યો છે. ભાજપએ સિદ્ધારમૈયા સામે વળતો હુમલો કર્યો છે. સિદ્ધારમૈયા હિન્દુત્વ વિરોધી હોવાનો આક્ષેપ થાય છે. સિદ્ધારમૈયાએ એક ભાષણમાં લોકોને સનાતનીઓથી દુર રહેવાની અપીલ કરી હતી.

સિદ્ધારમૈયાએ કહ્યું હતું કે, 'સારી સંગતમાં રહો. સમાજને પડખે ઉભા રહેનારા સાથે જોડાઓ. સામાજીક પરીવર્તનનો વિરોધ કરનારા અને સનાતનીઓનો સાથ છોડો. બંધારણનો વિરોધ કોણે કર્યો ? મનુવાદીઓએ કર્યો, ગોલવરકરે કર્યો, સાવરકરે કર્યો. આપણે બધાએ એમનાથી સાવધ રહેવાની જરૂર છે.' સિદ્ધારમૈયા સામે ભાજપએ પલટવાર કરતા કહ્યું છે કે, પોતાની સામે લાગેલા ભ્રષ્ટાચારના આરોપોથી ધ્યાન બીજે દોરવાની કોશિષ સિદ્ધારમૈયા કરી રહ્યા છે. જમણેરી નેતા વિનોદ બંસલે કહ્યું હતું કે, 'કર્ણાટકના મુખ્યમંત્રીના માતા-પિતાના નામમાં રામ છે. એમનું પત્નીનું નામ પાર્વતી છે અને પોતે પોતાની જાતને સિદ્ધારમૈયા કહે છે.'

બિહારની ચૂંટણી જેમ નજીક આવતી જાય છે તેમ દરેક પક્ષોનું કોકડુ વધુ ગૂચવાતુ જાય છે. કેન્દ્રીય મંત્રી અને એલજેપીના સુપ્રિમો ચિરાગ પાસવાનની મહત્વાકાંક્ષા વધતી જ જાય છે. એમને જ્યારે પૂછવામાં આવ્યું કે જો એનડીએ ચૂંટણી જીતે તો એમનો પક્ષ ઉપમુખ્યમંત્રી પદ માટે દાવેદારી કરશે કે નહીં. ચિરાગ પાસવાનએ જવાબમાં કહ્યું હતું કે, પહેલા સરકાર બને પછી નક્કી કરીશું, પરંતુ હું માનુ છુ કે ઉપમુખ્યમંત્રી પદ એલજેપીને જ મળવું જોઈએ. બીજી તરફ મહાગઠબંધનમાં દરેક પક્ષ પોતાનો ચોકો અલગ કરીને બેઠો છે. અત્યારથી જ ચૂંટણી જીતી ગયા હોય એવો રવૈયો જોવા મળે છે. કોંગ્રેસમાં સૌથી વધુ દ્વિધા એ બાબતે છે કે, દિલ્હીના કયા નેતાને પૂછીને રણનીતી નક્કી કરવી. રાહુલ ગાંધી આસાનીથી મળતા નથી અને રાષ્ટ્રીય પ્રમુખ ખડગે કોઈ નીર્ણય લઈ શકતા નથી. આરજેડીના નેતાઓ વધુ પડતા આત્મવિશ્વાસમાં છે.

## આરજેડી - તેજસ્વી પર બનતા ગીતોથી વડાપ્રધાન ચિંતીત

બિહાર વિધાનસભાની ચૂંટણી નજીક હોવાથી તમામ સ્ટાર પ્રચારકો બિહારમાં ઉતરી પડયા છે. વડાપ્રધાન મોદી પણ બિહાર પહોંચીને વિવિધ સભાઓ સંબોધીત કરી રહ્યા છે. બિહારમાં સૌથી પવિત્ર ગણાતા છઠ પૂજાના દિવસે મોદીએ સભા સંબોધી ત્યારે એમણે વિરોધીઓની ખાસ ટીકા કરી નહોતી, પરંતુ સોશ્યલ મીડિયા એક્સ પર કેટલાક ગીતોને લગતી પોસ્ટ મૂકી હતી. સોશ્યલ મીડિયા પર આરજેડી અને તેજસ્વી યાદવની સ્તુતિ કરતા તેમજ એક સમાજ વિશેષને લગતા ગીતો વગાડવામાં આવી રહ્યા છે એ બાબતે મોદીએ ચિંતા જાહેર કરી હતી. એક ગીત આ પ્રકારનું છે 'ભૈયા કે આબે દે સત્તા રે કટ્ટા સટાકે ઉઠા લે બાઉ ઘરા સેરે', 'જબ તેજસ્વી સરકાર બનતઉ, સબ યાદવ રંગદાર બનતઉ, ઘરે હથિયાર રખતઉ... ઘરે ઘરે સે ચલતઉ રાઈફલ કા દાના, યાદવ કે નામ સે ના કેસ લેતઉ થાના'




કેન્દ્ર સરકારે દેશના હવે પછીના ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયાની નિમણૂક કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે. કાયદા મંત્રાલયે હમણાના સીજેઆઇ ભૂષણ આર ગવઈના ઉત્તરાધિકારીનું નામ નક્કી કરવા વિનંતી કરી છે. સીજેઆઇ ગવઈ ૨૩ નવેમ્બરે નિવૃત્ત થઈ રહ્યા છે. સુપ્રિમ કોર્ટના સૌથી સિનિયર જસ્ટીસ સૂર્યકાંત ૫૩માં ચીફ જસ્ટીસ તરીકે પસંદ થશે. એ માટેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જસ્ટીસ સૂર્યકાંત ૨૪ નવેમ્બરથી સીજેઆઇ તરીકે કામગીરી શરૂ કરશે અને એમનો કાર્યકાળ ૧૪ મહિનાનો હશે. ૨૦૨૭ની ૯મી ફેબુરઆરીએ તેઓ નિવૃત્ત થશે. ૧૯૯૩માં નક્કી થયું હતું કે કાયદામંત્રાલય ચાલુ ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયાની નિવૃત્તના ૧ મહિના પહેલા ઉત્તરાધિકારીના નામની ભલામણ માંગશે.

ભોજપુરી પાવર સ્ટાર પવનસિંહના પત્ની જ્યોતિસિંહ બિહારમાં કારાકાટ વિધાનસભા ક્ષેત્રમાંથી ચૂંટણી લડી રહ્યા છે. જોકે તેઓ એકલા પડી ગયા છે. એમની પાસે એમના પતિ જેવા કોઈ સમર્થકો નથી અને પ્રચાર માટે પૈસા કે સાધનો નથી. જ્યોતિએ એમના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક ક્યુઆર કોડ શેર કરીને લોકોનો ટેકો માગવાની કોશિષ કરી છે. એમણે કહ્યું છે કે જેમની પાસે જેટલા પૈસા હોય એટલી મદદ કરે. આ સાથે જ્યોતિએ પોતાની વેદના પણ વ્યક્ત કરી છે. એમણે કહ્યું છે કે તેઓ અપક્ષ ચૂંટણી લડી રહ્યા છે અને પતિ સાથે સંબંધો કાપી નાખ્યા પછી સામાન્ય લોકો સિવાય એમની મદદ કોઈ કરતું નથી. જ્યોતિએ પોતાના બેન્ક એકાઉન્ટની માહિતી શેર કરીને લખ્યું છે કે, રામ અને કૃષ્ણ જેવા અવતારી પુરુષોને પણ સમાજે ખૂબ અન્યાય કર્યો છે. હું તો એક સામાન્ય મહિલા છું.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની સ્થાપનાને ૧૦૦ વર્ષ થયા છે ત્યારે ગુરુ ગોલવલકર વિશે નહી જાણેલી વાતો બહાર આવી રહી છે. સમાજ સેવા સિવાય ગોલવલકર ધાર્મિક બાબતે પણ ખૂબ સક્રિય હતા. તેઓ સતત નાગપુરના રામકૃષ્ણ મિશનમાં જતા રહેતા હતા. ૧૯૩૬માં માધવ બિમાર સ્વામી અખંડઆનંદની દેખભાળ કરવા માટે તેઓ બંગાળમાં રામકૃષ્ણ મિશન ખાતે આવેલા સરગાતી આશ્રમમાં પહોંચી ગયા હતા. બે વર્ષ સુધી તેઓ ત્યાં જ રહ્યા હતા. સ્વામીજી પાસે એમણે સન્યાસ પણ લીધો હતો અને સ્વામીજીના મૃત્યુ પછી બે મહિના સુધી તેઓ ત્યાં જ રહ્યા હતા. ૧૯૩૮માં તેઓ ફરીથી નાગપુર પરત થયા હતા. ગોલવલકરને જ્યારે આ બાબતે એક વખત પૂછવામાં આવ્યું ત્યારે એમણે કહ્યું હતું કે, 'તમે અયોગ્ય સવાલ પૂછયો છે. આશ્રમ અને સંઘની ભૂમિકા એક સરખી જ છે. મને હંમેશા રાષ્ટ્ર નિર્માણ અને ધાર્મિકતા પસંદ આવ્યા છે.'


### દિવાળી બાદ શિયાળા દરમિયાન દિલ્હીના આકાશમાં પ્રદુષણની ભરમાર હોય છે જે તેને ગેસચેમ્બર બનાવી નાખે છે

# દિલ્હીના પ્રદુષણને નાથવાનો નવતર પ્રયોગ

**હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી 28, 29 અને 30 ઓક્ટોબરે દિલ્હી NCRમાં વાદળોની પર્યાપ્ત હાજરીની સંભાવના છે. તેમાં પણ જો વાતાવરણ અનુકુળ રહ્યું તો 29 ઓક્ટોબરે દિલ્હી પ્રથમવાર કૃત્રિમ વરસાદનો અનુભવ કરી શકે છે : ક્લાઉડ સીડિંગ એક એવી રસાયણિક પદ્ધતિ છે જેના દ્વારા વાતાવરણમાં પલટો લાવી શકાય છે. તેના દ્વારા વાદળો ઉત્પન્ન કરીને વરસાદ અથવા તો હિમવર્ષા વરસાવી શકાય છે. તેના થકી વાદળોની ક્ષમતા વધારવામાં આવે છે અને વરસાદ કે હિમવર્ષા વધારવા માટે તેનો ઉપયોગ કરાય છે**

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી 28, 29 અને 30 ઓક્ટોબરે દિલ્હી NCRમાં વાદળોની પર્યાપ્ત હાજરીની સંભાવના છે. તેમાં પણ જો વાતાવરણ અનુકુળ રહ્યું તો 29 ઓક્ટોબરે દિલ્હી પ્રથમવાર કૃત્રિમ વરસાદનો અનુભવ કરી શકે છે : ક્લાઉડ સીડિંગ એક એવી રસાયણિક પદ્ધતિ છે જેના દ્વારા વાતાવરણમાં પલટો લાવી શકાય છે. તેના દ્વારા વાદળો ઉત્પન્ન કરીને વરસાદ અથવા તો હિમવર્ષા વરસાવી શકાય છે. તેના થકી વાદળોની ક્ષમતા વધારવામાં આવે છે અને વરસાદ કે હિમવર્ષા વધારવા માટે તેનો ઉપયોગ કરાય છે : ક્લાઉડ સીડિંગ દરમિયાન કન્ડેન્સેશનને જાગ્રત કરવા માટે જ્યારે સિલ્વર આયોડાઈડ અથવા તો સોડિયમ ક્લોરાઈડ વાદળોમાં નાખવામાં આવે છે. તેને ઓછા પ્રમાણમાં નાખવામાં આવે તો તેનાથી જોખમ ઓછું થાય છે

દિલ્હીમાં પ્રદૂષણનો સામનો કરવા માટે એક ઐતિહાસિક પહેલ કરવામાં આવી રહી છે. થોડા દિવસ પહેલાં જ દિલ્હીના સીએમ રેખા ગુપ્તાએ જાહેરાત કરી હતી કે, રાજધાનીમાં પ્રથમવાર ક્લાઉડ સીડિંગ કરાવવાની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે. તેનું સફળ ટેસ્ટિંગ પણ કરી લેવામાં આવ્યું છે. આગામી સમયમાં તેનું વિગતે અમલીકરણ કરાશે અને તેનું સકારાત્મક પરિણામ પણ જોવા મળશે. તેમણે જણાવ્યું હતું કે, બુરાડી વિસ્તારમાં ક્લાઉડ સીડિંગનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ૨૮, ૨૯ અને ૩૦ ઓક્ટોબરે દિલ્હી NCRમાં વાદળોની પર્યાપ્ત હાજરીની સંભાવના છે. તેમાં પણ જો વાતાવરણ અનુકુળ રહ્યું તો ૨૯ ઓક્ટોબરે દિલ્હી પ્રથમવાર કૃત્રિમ વરસાદનો અનુભવ કરી શકે છે. રેખા ગુપ્તાએ ટેક્નોલોજી અને વૈજ્ઞાનિક દ્રષ્ટિથી આ કૃત્રિમ વરસાદને દિલ્હીના ઈતિહાસનું મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું.



ઉલ્લેખનીય છે કે, સરકારનો ઉદ્દેશ્ય છે કે આ નવા પ્રયોગથી રાજધાનીની હવાને સ્વચ્છ અને વાતાવરણને સંતુલિત બનાવવામાં આવી શકે છે. આ સમગ્ર પ્રયોગ અને સ્થિતિ અંગે દિલ્હીના મંત્રી મનજિંદર સિંહ સિરસાએ પણ જણાવ્યું હતું કે, આઈઆઈટી કાનપુરથી મેરઠ, ખેકડા, બુરાડી, સાદકપુર, ભોજપુર, અલીગઢ થઈને દિલ્હી અને પરત આઈઆઈટી કાનપુર સુધી એક ટ્રાયલ સીડિંગ ઉડાન ભરવામાં આવી હતી. જેમાં ખેકડા અને બુરાડીની વચ્ચે અને બાદલી વિસ્તારના ઉપર ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ક્લાઉડ સીડિંગ ફ્લેયર્સ નાખવામાં આવ્યા. આ કલાઉડ સીડિંગની ક્ષમતાઓ, વિમાનની તૈયારી અને ક્ષમતા, ક્લાઉડ સીડિંગ ફિટિંગ અને ફ્લેયર્સની ક્ષમતાના આકલન અને તમામ સંબંધિત એજન્સીઓની વચ્ચે સમન્વયની તપાસ માટે એક ટેસ્ટિંગ ઉડાન હતી. હવે તેમાં સફળતા જોવા મળી છે તેથી મોટા વિસ્તારમાં તેનો ઉપયોગ કરવામાં આવશે.

ખાસ વાત એવી છે કે, દિલ્હી દર વર્ષે દિવાળી દરમિયાન પ્રદુષણથી ગેસ ચેમ્બરમાં ફેરવાઈ જાય છે. ખાસ કરીને એનસીઆર વિસ્તાર અને અન્ય વિસ્તારોમાં દિવાળીથી તેની પૂર્ણાહુતિ દરમિયાન દિલ્હીનું વાતાવરણ અત્યંત ઝેરી હોય છે અને દરેક વિસ્તારનો એક્યુઆઈ ખૂબ જ મોટા આંકડામાં આવે છે. તાજેતરમાં પણ દિવાળીના દિવસે દિલ્હી ગેસચેમ્બરમાં જ ફેરવાઈ ગયું હતું. હાલમાં પણ દિલ્હીની આવી જ સ્થિતિ છે. તાજેતરમાં સીપીસીબી દ્વારા દિલ્હીનો એક્યુઆઈ કાઢવામાં આવ્યો જે દિવાળીના દિવસ કરતા સુધર્યો છે છતાં ગણાય છે ખરાબ સ્થિતિમાં જ. તેને સામાન્ય કહી શકાય તેમ નથી. શિયાળાની શરૂઆત થતા જ દિલ્હીનું આકાશ કાળા અને ઝેરી ધુમાડાથી ભરાવા લાગે છે જેના કારણે નાગરિકોને ઘણી વખત શ્વાસ લેવામાં મુશ્કેલી થાય છે અને આંખોમાં પણ બળતરા થવા લાગે છે. આ મુશ્કેલી લાંબો સમય ચાલે છે. નીચું તાપમાન અને પવનનો અભાવ પ્રદુષણને જમીન ઉપર જ રોકી રાખે છે અને લોકોની મુશ્કેલી વધતી જાય છે. આ વર્ષે દિલ્હી સરકારે ક્લાઉડ સીડિંગ દ્વારા કૃત્રિમ વરસાદ વરસાવીને રાહત આપવાની તૈયારી કરી લીધી છે. હવે જોઈએ તે કેટલું કારગર સાબિત થાય છે. ક્લાઉડ સીડિંગ એક એવી રસાયણિક પદ્ધતિ છે જેના દ્વારા વાતાવરણમાં પલટો લાવી શકાય છે. તેના દ્વારા વાદળો ઉત્પન્ન કરીને વરસાદ અથવા તો હિમવર્ષા વરસાવી શકાય છે. તેના થકી વાદળોની ક્ષમતા વધારવામાં આવે છે અને વરસાદ કે હિમવર્ષા વધારવા માટે તેનો ઉપયોગ કરાય છે. તેના માટે કન્ડેન્સેશન ને સક્રિય કરવા માટે સામાન્ય વાદળોમાં સિલ્વર આઈયોડાઈડ, પોટેશિયમ આયોડાઈડ અથવા સોડિયમ ક્લોરાઈડ જેવા સોલ્ટ વાદળોમાં ઈન્જેક્ટ કરવામાં આવે છે. સંશોધકો દ્વારા વધારે વરાળ અને ભેજ ધરાવતા વાદળોની શોધ કરીને તેમાં આ કેમિકલના બીજ રોપવામાં આવે છે. આ વાદળો પૂરતો ભેજ હવા છતાં જાતે વરસવામાં સક્ષમ હોતા નથી તેથી આ કારણે કૃત્રિમ વરસાદ કરાવવામાં આવે છે. આ સોલ્ટ અથવા ઈન્વાયસ ફેક્ટર, ન્યૂક્લિયસ તરીકે કામ કરે છે. તેની ચારેતરફ પાણીના ટીપા બાઝવા લાગે છે. તે ઉપરાંત ક્રિસ્ટલકૃતિ બરફ ભેગો થાય છે. આ કણોને વિમાન, રોકેટ, અથવા તો જમીન ઉપરથી છોડવાની કોઈ પણ વ્યવસ્થા કરવામાં આવશે. આ ક્લાઉડ સીડિંગ કરવા દરમિયાન પાણીના ટીપાનો ભર વધવા લાગે છે. ૧૯૪૦ના દાયકામાં તેનું ચલણ હતું. તેને વિવિધ કારણોના લીધે લાગુ કરવામાં આવે છે. ૧૯૪૦ના દાયકામાં તો દુકાળ અને ઓલા પડવાના કારણે ઘણું કામ નુકસાન થતું હતું જે ટાળી શકાયું છે.

કૃત્રિમ વરસાદ અથવા ક્લાઉડ સીડિંગ, હવામાં રહેલા પ્રદૂષકો અને ધૂળને દૂર કરવામાં મદદરૂપ થાય છે. લાંબા સમય સુધી વરસાદ થવાથી સૂક્ષ્મ કણો (પીએમ ૨.૫) અને પીએમ ૧૦ વરસાદી પાણીમાં ધોવાઈને જમીન ઉપર આવી જાય છે. જોકે, ઓઝોન અને સલ્ફર ડાયઓક્સાઈડ જેવા અન્ય પ્રદૂષકો પર તેનો કોઈ અસર થતો નથી. આ ટેક્નોલોજીની અસરકારકતા વિશે સતત ચર્ચા ચાલ્યા કરે છે. દિલ્હી પ્રદુષણની સમસ્યાનો હાલમાં જોઈએ તો એકમાત્ર ઉકેલ ક્લાઉડ સીડિંગ નથી. તેનાથી કુદરતી વાદળો ઉપર પણ અસર થશે. તેની હાજરી પણ આ કામગીરીમાં ભૂમિક ભજવશે. થોડા સમય પહેલાં જ દિલ્હીના સેન્ટર ફોર એટોમોસ્ફેરિક સાયન્સીઝમાં કામ કરતા લોકોએ પણ તેમાંથી મુક્તિ મળવાનું નક્કી નથી તેવું કહ્યું છે. બીજી તરફ સીએફએસીના જાણકારોએ જણાવ્યું કે, વાદળો હોવા છતાં ક્લાઉડ સીડિંગ કરવાથી વરસાદમાં વધારો થશે તેવા ખાસ પુરાવા મળ્યા નથી અને આ મુદ્દો જ અત્યાર સુધી વિવાદાસ્પદ રહ્યો છે. તેમનું ખાસ તો એવું માનવું છે કે, આ પ્રકારના કૃત્રિમ વરસાદના કારણે બે-ચાર દિવસ જ લાભ થાય છે. વરસાદ પડે ત્યારે પ્રદુષણ ઘટે છે અને ફરી બે-ચાર દિવસમાં સ્થિતિ પહેલા જેવી થવા લાગે છે.

જાણકારોના મતે આ કામગીરી કરવામાં જોખમ વધારે લેવું પડે તેમ છે. ક્લાઉડ સીડિંગ દરમિયાન કન્ડેન્સેશનને જાગ્રત કરવા માટે જ્યારે સિલ્વર આયોડાઈડ અથવા તો સોડિયમ ક્લોરાઈડ વાદળોમાં નાખવામાં આવે છે. તેને ઓછા પ્રમાણમાં નાખવામાં આવે તો તેનાથી જોખમ ઓછું થાય છે. જ્યારે આ રસાયણોનો વધારે ઉપયોગ કરવામાં આવે છે ત્યારે આ વરસાદનું પાણી નીચે જમીન અને પાણીના સ્ત્રોતમાં ભેગું થવા લાગે છે. તે ઉપરાંત આ પદ્ધતિથી વારંવાર વરસાદ વરસાવવામાં આવે તો તેમાં કિકલની હાજરી વધવા લાગે છે. તેના કારણે પર્યાવરણ અને કુદરતી સ્ત્રોતને હાનિ પહોંચવા લાગે છે. કેટલાક જાણકારો માને છે કે, આ એક જવાબદારીપૂર્ણ કામગીરી છે. તેની શરૂઆત થયા બાદ તેના પરિણામોમાંથી પણ છટકી શકાય તેમ નથી. ક્લાઉડ સીડિંગ દરમિયાન જો યોગ્ય સંતુલન સધાયું ન હોય તો તેના કારણે ભારે વરસાદ પડવાની શક્યતાઓ વધી જાય છે જેના પગલે પૂર આવી શકે છે. આ પૂરના કારણે ખેતીને નુકસાન થાય છે, માળખાગત સેવાઓને અને ઈમારતોને નુકસાન થાય છે.

### ઇઝરાયેલ - હમાસ શસ્ત્રવિરામની કે યુક્રેન રશિયાના યુદ્ધની માત્ર વાતો જ છે દુનિયાના 110 દેશોમાં શસ્ત્ર લડાઇઓ ચાલી રહી છે

# મહાસત્તાઓ માટે 'યુદ્ધ' એ વૉર વેપન્સનો ધીકતો ધંધો

**વિશ્વયુદ્ધ પછી મહાસત્તાઓએ સુરક્ષાના નામે શસ્ત્રો વેચવાનો ધંધો શરૂ કર્યો હતો. અમેરિકા છેલ્લાં 80 વર્ષથી ડિફેન્સ માર્કેટમાં ટોચ પર છે. ગ્લોબલ મિલિટરી ટ્રેડ માર્કેટમાં અમેરિકાનો હિસ્સો 40 ટકા જેટલો છે. ટોપ-100 મિલિટરી કંપનીઓમાંથી 41 કંપનીઓ અમેરિકન છે. રશિયાએ 24 ટકા માર્કેટ શેર સાથે બીજો નંબર જાળવી રાખ્યો ફ્રાન્સ પાસે ગ્લોબલ મિલિટરી માર્કેટનો 16 ટકા જેટલો મોટો હિસ્સો છે. 2025ની સ્થિતિ પ્રમાણે ચીન પાસે વૈશ્વિક હથિયારના વેપારમાં 6 ટકા હિસ્સો**

વિશ્વયુદ્ધ પછી મહાસત્તાઓએ સુરક્ષાના નામે શસ્ત્રો વેચવાનો ધંધો શરૂ કર્યો હતો. અમેરિકા છેલ્લાં 80 વર્ષથી ડિફેન્સ માર્કેટમાં ટોચ પર છે. ગ્લોબલ મિલિટરી ટ્રેડ માર્કેટમાં અમેરિકાનો હિસ્સો 40 ટકા જેટલો છે. ટોપ-100 મિલિટરી કંપનીઓમાંથી 41 કંપનીઓ અમેરિકન છે. રશિયાએ 24 ટકા માર્કેટ શેર સાથે બીજો નંબર જાળવી રાખ્યો. ફ્રાન્સ પાસે ગ્લોબલ મિલિટરી માર્કેટનો 16 ટકા જેટલો મોટો હિસ્સો છે. 2025ની સ્થિતિ પ્રમાણે ચીન પાસે વૈશ્વિક હથિયારના વેપારમાં 6 ટકા હિસ્સો છે. ચીન અમેરિકા-રશિયા-ફ્રાન્સ પછી ચોથા ક્રમે આવી પહોંચ્યું છે

જગતમાં ૨૦૦ દેશોમાંથી ભારત સહિત માત્ર આઠ દેશોનું અર્થતંત્ર આ ગ્લોબલ ડિફેન્સ બજેટથી વધારે છે. એના પરથી કલ્પના થઈ શકે કે વિશ્વમાં શસ્ત્રોની દોડ કેટલી વધી ગઈ છે. દુનિયામાં યુદ્ધો વધ્યા તેના કારણે અજંપાનું વાતાવરણ સર્જાયું. ભયનો માહોલ બન્યો. 'જો આપણી પાસે શસ્ત્રો નહીં હોય તો આપણો વિનાશ થઈ જશે' એવું સામાન્ય નાગરિકોના દિમાગમાં શસ્ત્રોના સોદાગરો, રાજકારણીઓએ ઠસાવ્યું. વિકસિત અને વિકાસશીલ દેશોની સરકારોએ સતત ડિફેન્સ બજેટ વધારવાની પૉલિસી લાગુ પાડી. યુદ્ધનો ભય બતાવીને દુનિયામાં શસ્ત્રોનો મોટો વેપાર વિકસ્યો છે. ને એમાં શસ્ત્રોના મોટા વેપારીઓ છે - અમેરિકા, રશિયા, ચીન, ફ્રાન્સ, જર્મની, બ્રિટન જેવા દેશો. દુનિયામાં શસ્ત્રો અને લશ્કરી સામગ્રીનો ધંધો ધમધોકાળ ચાલે છે. વિશ્વયુદ્ધ પછી મહાસત્તા દેશોએ સુરક્ષાના નામે શસ્ત્રો વેચવાનો ધંધો શરૂ કર્યો હતો. એકબીજા દેશોને લડાવીને એના પર શસ્ત્રોના વેપારની ઈમારત ઉભી કરનારા દેશોમાં અમેરિકા છેલ્લાં ૮૦ વર્ષથી ટોચ પર છે. ગ્લોબલ મિલિટરી ટ્રેડ માર્કેટમાં અમેરિકાનો હિસ્સો ૪૦ ટકા જેટલો છે. આ આંકડો



અમેરિકાનો દબદબો દર્શાવવા માટે પૂરતો છે. શસ્ત્રોના વેપારમાં ટોપ-૧૦૦ મિલિટરી કંપનીઓમાંથી ૪૧ કંપનીઓ અમેરિકન છે. વિશ્વમાં શસ્ત્રો અને લશ્કરી સામગ્રીનું વાર્ષિક માર્કેટ ૬૫૦ અબજ ડોલરનું છે અને એમાંથી ૩૨૦ અબજ ડોલરનો વેપાર અમેરિકન કંપનીઓ પાસે છે. અમેરિકાએ રાજદ્વારી વ્યૂહ અજમાવીને, જગત જમાદારી બતાવીને, માતબર લોન ઓફર કરીને, યુદ્ધોમાં હથિયારોના પરીક્ષણો કરીને હરીફ કંપનીઓ પર ભારે પડયા પછી આ દબદબો બનાવ્યો છે. બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકાની સીધી સ્પર્ધા રશિયા સાથે હતી. તે વખતે અમેરિકા તેમના સાથી દેશોને લોન પર હથિયારો આપતું હતું. તો રશિયા પણ કેટલાય દેશો સાથે લશ્કરી સહયોગ કરીને પ્રોડક્શન કરતું હતું. દોઢ દશકા સુધી અમેરિકા-રશિયા વચ્ચે ગ્લોબલ મિલિટરી ટ્રેડ પર અધિકાર જમાવવા લડાઈ ચાલતી રહી. પરંતુ દુનિયાભરના સંરક્ષણ સંશોધકોને પોતાના દેશમાં યોગ્ય માહોલ આપીને, સન્માન આપીને, વળતર આપીને અમેરિકાએ આકર્ષ્યા અને ડિફેન્સ ટેકનોલોજી રશિયાથી બહેતર બનાવી એમાં રશિયાના હાથમાંથી આ બાજી સરકી ગઈ. અમેરિકાએ પહેલો ક્રમ મેળવી લીધો ને પહેલા ક્રમે આવવાના પ્રયાસો કરતા રશિયાએ ૨૪ ટકા માર્કેટ શેર સાથે બીજો નંબર જાળવી રાખ્યો. આજેય ગ્લોબલ મિલિટરી ટ્રેડમાં રશિયા બીજા નંબરે છે. હથિયારો, લડાકુ વિમાનો, સબમરીન, લશ્કરી હેલિકોપ્ટર્સ વગેરેના આ ધંધામાં અમેરિકા-રશિયા ઉપરાંત ફ્રાન્સ, બ્રિટન અને જર્મની પણ બિગ પ્લેયર્સ છે. ફ્રાન્સ પાસે ગ્લોબલ મિલિટરી માર્કેટનો ૧૬ ટકા જેટલો મોટો હિસ્સો છે અને ભવિષ્યમાં રશિયાને ટક્કર આપે તો નવાઈ નહીં. એ બધામાં છેલ્લાં થોડા વર્ષોમાં ધ્યાન ખેંચી રહેલું નામ છે ચીન. અમેરિકા-રશિયા-ફ્રાન્સ-બ્રિટન-જર્મની-ઈઝરાયલ જેવા દેશો પાસેથી શસ્ત્રો ખરીદવાનું બધા દેશોનું ગજું ન હતું. અમેરિકા સામે ગ્લોબલ મિલિટરી ટ્રેડની બેટલ હાર્યા પછી રશિયાએ મધ્યમ આવક ધરાવતા વિકાસશીલ દેશોને હથિયાર આપવાનું શરૂ કર્યું. તેમ છતાં એવા અસંખ્ય દેશો હતા, જેમને શસ્ત્ર-સરંજામની જરૂર તો હતી પરંતુ બજેટ ન હતું. એ દેશોને ધ્યાનમાં રાખીને ચીને હથિયારો બનાવ્યા. પ્રોડક્ટ ડિઝાઈનની કોપી કરવામાં કુખ્યાત ચીને અમેરિકા-રશિયા-ફ્રાન્સના યુદ્ધજહાજો, સબમરીન, લડાકુ વિમાનો, બંદૂકો, તોપો વગેરેની ડિઝાઈન કોપી કરી અને એ સસ્તાં ભાવે વેચવાનું શરૂ કર્યું. એના શરૂઆતના ઘરાક બન્યા - પાકિસ્તાન, શ્રીલંકા, મલેશિયા, થાઈલેન્ડ, ઈરાક, સર્બિયા, કઝાકિસ્તાન વગેરે.

અમેરિકા-રશિયાની વિદેશ નીતિમાં શસ્ત્રોનો વેપાર બહુ જ મહત્ત્વનો રહેતો આવ્યો છે. અમેરિકા પાસેથી શસ્ત્રો ખરીદતા દેશોના હિતો જાળવવા દરેક અમેરિકન પ્રમુખ કટિબદ્ધ રહે છે, બીજી તરફ કોલ્ડ વૉર સુધી જ્યારે અમેરિકા-રશિયા વચ્ચે સ્પર્ધા હતી ત્યાં સુધી રશિયા પાસેથી જે દેશો શસ્ત્રો ખરીદે તેનું હિત જાળવવા રશિયા પણ મહેનત કરતું હતું. એકબીજાના શસ્ત્રો ચડિયાતા છે એ બતાવવા માટે તો કેટલાય નિર્દોષ દેશોના આ બંને દેશોએ બેટલ ફીલ્ડ બનાવી દીધા હતા. કોરિયા મહાદ્વિપનું વિભાજન જ અમેરિકા-રશિયાની રાજકીય-સંરક્ષણ મહત્ત્વાકાંક્ષાના કારણે થયું. બંને દેશોએ આ 'ભાઈઓ'ને લડાવીને શસ્ત્રોના પરીક્ષણો કર્યા. એવા જ પરીક્ષણો વિએટનામથી માંડી સીરિયા સુધી થઈ ચૂક્યા છે.

આ શસ્ત્રોના વેપારની બુનિયાદ પર દુનિયામાં યુદ્ધ છમકલા થઈ રહ્યાં છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શાંતિના નોબેલ પારિતોષિકની મહત્ત્વાકાંક્ષાના કારણે મધ્યસ્થી કરાવીને ઈઝરાયલ-હમાસ વચ્ચે શાંતિ સ્થાપી, પણ એ શાંતિ કેટલું ટકે એ કહી શકાય તેમ નથી. એ યુદ્ધવિરામ અસ્થિર છે એની સાબિતી તો એક જ સપ્તાહમાં મળી ગઈ. કેટલાય લોકો ફરીથી બંને તરફના હુમલામાં માર્યા ગયા છે. હજુય સામ-સામી ધમકીનો સિલસિલો અટક્યો નથી. મિડલ ઈસ્ટમાં ભારેલો અગ્નિ છે અને ગમે ત્યારે ભભૂકી ઉઠે એવી દહેશત છે. એકથી વધુ દેશો વચ્ચે ભારે તંગદિલીનો માહોલ છે ને અધૂરામાં પૂરું આતંકવાદી-બળવાખોર જૂથો પણ હાહાકાર મચાવે છે. ઈઝરાયલ-હમાસ ઉપરાંત ઈઝરાયલ-ઈરાન જેવા દેશો વચ્ચેય ગમે ત્યારે મિસાઈલ મારો થઈ જાય છે. ઈઝરાયલ, પેલેસ્ટાઈન, ઈરાન, લેબેનોન, સીરિયા, તુર્કી, યમનમાં હિંસા થઈ રહી હોવાથી હજારો લોકોએ જીવ ખોયો છે. વેસ્ટર્ન સહારામાં પણ મોરોક્કો અને સહરાબી આરબ ડેમોક્રેટિક રિપબ્લિક વચ્ચે ટેરેટરીનો વિવાદ ચાલે છે. દાયકાઓથી આ વેસ્ટર્ન સહારામાં પ્રભુત્વની લડાઈ ચાલતી હોવાથી સેંકડો લોકો પ્રભાવિત થયા છે. કેટલાયને દર દર ભટકતા રહેવું પડે છે. મિડલ ઈસ્ટ પછી બીજો કોઈ સૌથી સળગતો વિસ્તાર હોય તો એ આફ્રિકા છે. આફ્રિકાના જુદા જુદા દેશોમાં લગભગ ૩૫ જેટલા સશસ્ત્ર સંઘર્ષો ચાલી રહ્યા છે. એમાંથી ઘણાં આંતરરાષ્ટ્રીય સ્તરના નથી એટલે બહુ ચર્ચા થતી નથી. આમાંથી ઘણાં આંતરિક ઝઘડા છે, પણ તેમાં લાખો નિર્દોષ લોકોનું લોહી વહી રહ્યું છે. બુર્કિના ફાસો, કેમેરોન, સેન્ટ્રલ આફ્રિકા રિપબ્લિક, કોંગો, ઈથિયોપિયા, માલી, મોઝામ્બિક, નાઈજીરિયા, સેનેગલ, સોમાલિયા, સુદાન, સાઉથ સુદાન જેવા દેશોમાં વર્ષોથી ચાલતી હિંસાની આગ ઠરવાનું નામ લેતી નથી.

### વાણી કપૂરે બાળપણની દિવાળીની યાદો તાજી કરી

# મારી દિવાળી શાંતિ અને ઘરે બનેલાં ભોજનવાળી રહી

## અમે હંમેશા પૂજા સાથે શરૂઆત કરતા હતા પછી તેમાં પરિવારની મજાક મસ્તી ચાલતી : વાણી કપૂર



એક તરફ બોલિવૂડમાં દિવાળી પાર્ટીની ધૂમ મચી છે, ત્યારે બીજી તરફ કેટલાંક કલાકારો એવા પણ છે, જેમને દિવાળી પર શાંતિથી ઘરમાં રહીને ઘરે બનેલું ભોજન લેવું ગમે છે. એક્ટ્રેસ વાણી કપૂરે પણ આવી જ દિવાળીની વાત કરતા પોતાની બાળપણની દિવાળીની યાદો પણ તાજી કરી હતી. વાણીએ કહ્યું,''આ વખતે મારી ઈચ્છા ઘરમાં અને મિત્રો સાથે ઘરે બનાવેલું ભોજન ખાવાની શાંતિપૂર્વકની દિવાળી ઉજવવાની છે. આ વખતે કોઈ કાર્યક્રમો અને પાર્ટીમાં જવાનું દબાણ નથી. મને લાગે છે, ખરી દિવાળીની ઉજવણી, ઉશ્મા અને કરુણાભરી તેમજ અર્થસભર હોવી જોઈએ. દિવા પ્રગટાવીશ, મીઠાઈઓ અને ખુશીઓ વહેંચીશ, આવી દિવાળી હવે બહુ ઉજવવા મળતી નથી.''દિલ્હીની પોતાની બાળપણની દિવાળીની ઉજવણી વિશે વાત કરતા વાણીએ કહ્યું,'' મને એ ધમાલ સ્પષ્ટ રીતે યાદ છે, અડધા પ્રગટેલા દિવા, તો કોઈ પોતાના પગ પાસે ચકરડી સળગાવે. દિલ્હીની દિવાળી ઘણી રંગીન રહેતી જેમાં ડાન્સ, વાનગીઓ અને પરિવારો એકસાથે આવીને ઉજવણી કરે છે.''આગળ વાણીએ કહ્યું,''અમે હંમેશા પૂજા સાથે શરૂઆત કરતા હતા પછી તેમાં પરિવારની મજાક મસ્તી ચાલતી. કોઈ માચીસ ભુલી જતું તો કોઈ મીઠાઈની ફરિયાદો કરતું, બહુ જ ધમાલ રહેતી.''વાણીને તેનું ઘર સજાવવું પણ ગમતું હતું, આ અંગે તેણે જણાવ્યું,''બધે દિવાઓ જ રહેતાં, તાજા ફૂલોની મહેક અને લલચાવે એવી વાનગીઓ. હું હંમેશા દિવાળી પર ઘરે જવાની કોશિશ કરું છું, પરંતુ ક્યારેક કામ તમને ઘરથી દૂર રાખે છે. તેથી અમે કમસે કમ વીડિયો કોલમાં વાત કરી લઈએ છીએ.''દિવાળી નવી ખરીદીઓનો સમય છે, આ અંગે વાણી કહે છે, ''મને હવે લાગે છે, દિવાળી નવી ખરીદીથી વિશેષ તો શાંતિ, ઓછી વસ્તુઓ, હળવાશ અને તમને પ્રેમ કરતાં લોકો વચ્ચે રહેવામાં જ છે. તેમાં પણ દિવાળી પર ગુજિયા અને લાડુ મને સૌથી વધુ ગમે છે. મને ઘરમાં દિવાઓ પ્રગટાવવા પણ બહુ જ ગમે છે. હું મુંબઈમાં એકલી રહું છું એટલે ખાસ રસોઈ બનાવતી નથી. પરંતુ આ યાદો તાજી થાય એવું કશુંક તહેવારમાં બનાવી લઉં છું. કારણ કે તહેવારોના ભોજનમાં ભાવના અને લાગણીઓ રહેલી છે.''

### ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ આ ફિલ્મ રિલીઝ થશે

# સન્ની દેઓલે નવી ફિલ્મ 'ગબરુ'ની જાહેરાત કરી

## આ પહેલાં સન્ની દેઓલ ગોપીચંદ માલીનેનીની ફિલ્મ 'જાટ'માં જોવા મળ્યો હતો, જેમાં તેની સાથે રણદીપ હૂડા પણ હતો



એક તરફ સન્ની દેઓલની 'બોર્ડર ૨'ની રાહ જોવાઈ રહી છે, ત્યારે પોતાના ૬૮મા જન્મ દિવસે વધુ એક નવી ફિલ્મની જાહેરાત કરી છે, 'ગબરુ'. આ ફિલ્મ શશાંક ઉદાપુરકરે લખી અને ડિરેક્ટ કરી છે. તેમજ ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ આ ફિલ્મ રિલીઝ થશે. સન્ની દેઓલે ફિલ્મનું મોશન પોસ્ટર શેર કરીને ફેન્સને આ સમાચાર આપ્યા હતા. તેણે આ ફિલ્મની સ્ટોરીને 'હિંમત, અંતરાત્મા અને કરુણાની ફિલ્મ' ગણાવી હતી.આ ફિલ્મ ઓમ છાંગાણી અને વિશાલ રાણા દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. જોકે, આ ફિલ્મ અંગે અન્ય કોઈ પણ માહિતી હજુ જાહેર કરવામાં આવી નથી. ફિલ્મનું સંગીત મીથૂન દ્વારા તેમજ લિરિક્સ સઈદ કાદરી દ્વારા લખાયા છે. આ મોશન પિક્ચરમાં સન્નીની કેટલીક તસવીરો છે, જેમાંથી એકમાં તે ઘાયલ છોકરીને હાથમાં ઉઠાવીને ચાલતો દેખાય છે. તેની ટૅગલાઈનમાં લખાયું છે, 'તમે જે બતાવો છો એ શક્તિ નથી, તમે જે કરો એ શક્તિ છે.'જ્યારે સન્ની દેઓલે તેની કૅપ્શનમાં લખ્યું હતું,'તમારા પ્રેમ અને આશીર્વાદ માટે આભાર, જે લોકો રાહ જોતા હતા, એમના માટે કશુંક રજૂ કરી રહ્યા છીએ..ગબરુ ૧૩ માર્ચે સિનેમાઘરોમાં..હિંમત, અંતરાત્મા અને કરુણાની ફિલ્મ. મારા દિલથી દુનિયા સુધી!'આ પહેલાં સન્ની દેઓલ ગોપીચંદ માલીનેનીની ફિલ્મ 'જાટ'માં જોવા મળ્યો હતો.

## સલમાન સાથે સાજિદ નડિયાદવાલા 'તેરે નામ ૨' ફિલ્મ નહીં બનાવે

દિવાળી આસપાસ એવી ચર્ચાઓ શરૂ થઈ હતી કે સાજિદ નડિયાદવાલા સલમાન ખાન સાથે 'તેરે નામ ૨' બનાવવા માગે છે અને તે ફિલ્મને પ્રોડ્યુસ કરવાના




અધિકારો મેળવવાની કોશિશમાં છે. પરંતુ હવે કેટલાક વિશ્વસનીય સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર, સાજિદ નડિયાદવાલા આવી કોઈ ફિલ્મ સાથે સંકળાયેલા નથી. સુત્રએ જણાવ્યું, ''સાજિદ તેની પોતાની ફ્રેન્ચાઈઝી ઉભી કરવામાં માને છે અને તેને બીજા કોઈ પ્રોડ્યુસર્સ પાસેથી કોઈ ફિલ્મના અધિકારો મેળવવામાં કોઈ રસ નથી. તેઓ સલમાન ખાન કે બીજા કોઈ પણ કલાકાર સાથે હાલ તો તેરે નામ ૨ નથી બનાવી રહ્યા.''તેરે નામ એ સલમાન ખાન અને ભૂમિકા ચાવલાની ૨૦૦૫માં આવેલી ફિલ્મ છે, લાંબા સમયથી આ ફિલ્મની સિક્વલ અંગે ચર્ચાઓ ચાલતી હતી. સુત્રના જણાવ્યા અનુસા, ''સ્ક્રિપ્ટ વિના સિક્વલ કઈ રીતે બની શકે. સાજિદ નડિયાદવાલા સાથે બીજો ભાગ બનાવવાનો વિચાર જ બેતૂકો છે. સાજિદે લોકોને એમજ ઉદાહરણ તરીકે કહેલું કે તેના દિકરાને લોંચ કરવાની શશાંક ખૈતાન સાથેની ફિલ્મ તેરે નામ જેટલી જ તીવ્ર હશે. કોઈએ તેમના શબ્દોને મારી મચડીને, મસાલા ભભરાવીને , લોકોએ જ તેરે નામ ૨ જાહેર કરી દીધી.''આગળ સુત્રએ એમ પણ કહ્યું કે તેરેનામ એક પ્રેમની કાલાતિત ફિલ્મ છે, એને અડાય જ નહીં. ''એ તેના મિત્ર સલમાન સાથે બિલકુલ એક નવી ફિલ્મ બનાવશે, તેમની બંનેની વચ્ચે કોઈ તકલીફ પણ નથી. તે કિક ૨ કે બીજું કંઈ બનાવી શકે, પરંતુ તેઓ સાથે મળીને તેરે નામ આસપાસ કશું જ કરી રહ્યા નખી.''હાલ સાજિદનું બધું ધ્યાન વિશાલ ભારદ્વાજની ઓ રોમિયો અને તેના દિકરાના ડેબ્યુ પર છે.

### આમિર, શાહરુખ અને સલમાન ખાને એક મંચ પરથી ઐતિહાસિક મજા કરાવી

# અમે ત્રણ એક ફિલ્મમાં હોઇએ એ જ એક સપનું છે : શાહરુખ

## ''સલમાન ભાઈ અરેબિક શીખી રહ્યા છે. હું ડાન્સ શીખું છું અને આમિર હવે એક ગીત માટેનું ઓડિશન આપવાનો છે''



શાહરુખ ખાન, સલમાન ખાન અને આમિર ખાન સાઉદીઅરેબિયાના રિઆદમાં યોજાયેલા જોય ફોરમ ૨૦૨૫ના કાર્યક્રમમાં એકસાથે હાજર રહ્યા હતા. તેમણે એકબીજાના વખાણ કર્યા, એકબીજાને સપોર્ટ કર્યો અને ઓડિયન્સને એવી મજા કરાવી કે લોકો માટે આ કાર્યક્રમ ઐતિહાસિક બની ગયો હતો.આ કાર્યક્રમમાં શાહરુખ ખાને કહ્યું, ''સલમાન ભાઈ અરેબિક શીખી રહ્યા છે. હું ડાન્સ શીખું છું અને આમિર હવે એક ગીત માટેનું ઓડિશન આપવાનો છે.''આગળ શાહરુખે મજાક કરતા કહ્યું, ''મારો પ્રશ્ન એ છે કે એ લોકો બુદ્ધિગમ્ય પ્રશ્નો પૂછ્યા કરશે અને અમારી પાસે જવાબો ખૂટી પડશે. અમારું કામ મનોરંજન આપવાનું છે, અમારે મનોરંજન જોઈએ. અમે ભલે બહુ બુદ્ધિશાળી દેખાતા હોઈશું પણ અમે મનમાં તો હવે કેવા મોટા શબ્દો બોલવા એ વિચારી રહ્યાં હોઈશું.''આગળ શાહરુખે કહ્યું, ''તો એમે આણિરને કહીશું કે અમને બચાવી લે. એ હવે શીખી રહ્યો છે. અમે બધાં બહુ જ ખુશ છીએ કે એણે ગાવાનું શરૂ કરી દીધું છે. હવે એ થોડું ગાઈને સંભળાવશે. સૌથી વધુ જોરથી તાલીઓ પડવી જોઈએ. એ ગાશે ત્યારે હું અને સલમાન સૌથી જોરથી તાલીઓ પાડીશું.''આ વાતથી છોભિલા પડી ગયેલા આમિરે કબૂલ્યું, ''મને ગાવું ગમે છે. મને ખબર નથી, બાકીના લોકોને મારું ગાયેલું કેટલું ગમે છે. પણ મને મજા પડે છે. આપણે ત્રણેય ગાઈએ તો કેવું?'' તો શાહરુખે કહ્યું, ''અમે લોકો તારી પાછળ ડાન્સ કરીશું, જેવું આપણે હિન્દી ફિલ્મોમાં કરીએ છીએ. હું અને સલમાન પાછળ ઉભા રહીશું અને અમે થોડો ડાન્સ કરીશું.'' ત્યારે આમિર હસી પડ્યો હતો અને કહ્યું, ''શું મસ્તી કરે છે..''પછી આમિરે ૧૯૬૮ની ફિલ્મ અનોખી રાતમાંથી ઓહ રે તાલ મિલે નદી કે જલ મેં ગાયું હતું અને સલમાન અને શાહરુખે તેની પાછળ ઉભા રહીને થોડો ડાન્સ કર્યો હતો.ત્યાર પછી આમિરે કહ્યું કે સલમાન પણ ગાય છે, ત્યારે જવાબમાં સલમાને કહ્યું, ''હું માત્ર સ્ટુડિયોમાં જ ગાઉં છું અને એના પછી ટેક્નિશિયન્સ મારો અવાજ સરખો કરવામાં બે મહિના મહેનત કરે છે. તો મને નથી લાગતું મારો ગાવાનો વિચાર યોગ્ય છે.''આ કાર્યક્રમનો વધુ એક વીડિયો વાયરલ થયો છે, જેમાં આમિર શાહરુખના વખાણ કરતા કહે છે, ''હું ફિલ્મી પરિવારમાંથી આવું છું, સલમાન પણ ફિલ્મી પરિવારમાંથી આવે છે. પરંતુ આ માણસ શાહરુખ, દિલ્હીથી આવ્યો અને તેણે જાતે મહેનત કરીને પોતાનું સ્થાન બનાવ્યું.'' આ વાતમાં આમિરને અટકાવતા શાહરુખે કહ્યું, ''હું પણ ફિલ્મી પરિવારમાંથી આવું છું, સલમાન અને આમિરનો પરિવાર.'' ત્યારે સલમાને મજાક કરી હતી કે ''તમને હવે ખબર પડી એ સુપરસ્ટાર કઈ રીતે બન્યો.''અંતે શાહરુખને એના ડ્રીમ પ્રોજેક્ટ વિશે પૂછતા તેણે કહ્યું હતું, ''હું થોડો દેખાડો કરી લઉં, આ મંચ પર હું ઘણો વિનમ્ર રહ્યો છું. મેં ઘણું સારું વર્તન કર્યું છે.

## સલમાન ખાનને સલીમ ખાને સ્મૃતિ ઈરાની સામે કેમ ધમકાવી નાખ્યો હતો




'ક્યોંકિ સાસ ભી કભી બહુ'થી ટીવી સિરિયલથી 'તુલસી' તરીકે ઘેરઘેર જાણીતી બની ગયેલી સ્મૃતિ ઈરાની ફાયરબ્રાન્ડ રાજનેતા તરીકે પણ પણ એટલા જ જાણીતા છે. વર્ષો પછી ફરીથી 'ક્યોંકિ'ની બીજી સિઝન સાથે તેમણે ટીવી પર વાપસી કરી છે. ભૂતપૂર્વ શિક્ષણ મંત્રીએ તાજેતરમાં સલમાન ખાનને પહેલી વાર મળવાનો એક રસપ્રદ કિસ્સો શેર કર્યો હતો.સેન્ટ ઝેવિયર્સમાં સલમાન અને મારા પતિ ક્લાસમેટ હતા. જ્યારે ઝુબિન (સ્મૃતિના પતિ) મને સલમાન સાથે પરિચય કરાવવા લઈ ગયો ત્યારે સલીમ ખાન ત્યાં હતા. તેમણે મને કહ્યું, 'તુમકો માલુમ હૈ તુમ્હારે મિંયા સાહબ મેરે બેટે કે સાથ ક્યા કરતે? બંને મારી ગાડી ચોરીને ભાગી જતા હતા. નિકમ્મે હૈ દોનો! હું ત્યાં ચૂપચાપ ઊભી હતી અને સલમાન અને મારા પતિ બંને નીચે જોઈ રહ્યા હતા. મેશેબલ ઈન્ડિયાની યુટ્યુબ ચેનલ પર સ્મૃતિએ આ ઘટના શેર કરી હતી. તેણે શાહરૂખ ખાનને મળેલી મુલાકાતને પણ યાદ કરી, તેના પતિનો આભાર માનતા કહ્યું, ''હું મારા પતિના કારણે શાહરૂખને મળી હતી. તે તેને ઓળખતો હતો, તેથી હું શાહરૂખને ઈન્ટરવ્યૂ માટે પૂછવા માટે ઘણી વાર તેને હેરાન કરતી હતી. શાહરૂખ ખાને મને પહેલા કહ્યું હતું કે 'સાંભળ, લગ્ન નહીં કરતી. મેં બતા રહા હૂં તુઝે મત કરના શાદી.' મેં વિચાર્યુ, 'ભાઈ, બહુ મોડું થઈ ગયું.' 'કયુંકી સાસ ભી કભી બહુ'થી ૨ આજકાલ ટ્રેન્ડિંગ છે. સ્મૃતિ ૧૭ વર્ષ પછી તેમાં ફરી તુલસી વિરાણીના પાત્રમાં જોવા મળી રહી છે.

### સચિન સંઘવી કેસની તપાસ ચાલુ

# સિંગર સચિન સંઘવી પર લગ્નની લાલચ આપી યૌન શોષણનો આરોપ



બોલિવૂડ સિંગર અને સંગીતકાર સચિન સંઘવીની, એક ૨૯ વર્ષીય મહિલા સાથે યૌન ઉત્પીડનના આરોપસર ગુરુવારે ધરપકડ કરવામાં આવી છે. સિંગર સચિન સંઘવી 'સ્ત્રી ૨' અને 'ભેડિયા'ના હિટ ગીતો માટે જાણીતો છે. પોલીસ પાસેથી મળતી માહિતી અનુસાર સચિને મહિલાને સંગીત આલ્બમમાં તક આપવા અને લગ્ન કરવાના વચનો આપ્યા હતા.પોલીસે આપેલી જાણકારી અનુસાર મહિલા ફેબ્રુઆરી ૨૦૨૪માં ઈન્સ્ટાગ્રામ દ્વારા સિંગરના સંપર્કમાં આવી હતી. ત્યારબાદ બંને વચ્ચે વાતચીત શરુ થઈ અને કામ આપવાની લાલચ આપીને સચિને મહિલાને સ્ટુડિયો બોલાવી લગ્નનો પ્રસ્તાવ મૂક્યો અને કથિત રીતે સતત યૌન ઉત્પીડન કર્યું. ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ખાતરી આપી છે કે કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ અને પૂછપરછ ચાલુ છે અને કડક કાર્યવાહી કરાશે. આ મામલો સચિનની પ્રોફેશનલ કારકિર્દી માટે મોટો સંકટ બન્યો છે.પોલીસના જણાવ્યા અનુસાર, સંઘવીએ મહિલાને સંગીત આલ્બમમાં તક આપવાનું વચન આપીને ફોન નંબરોની આપ-લે કરી હતી. ત્યારબાદ, તેમણે મહિલાને પોતાના સ્ટુડિયો બોલાવીને કથિત રીતે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો અને ઘણી વખત યૌન ઉત્પીડન કર્યું. મહિલાએ પોલીસને જણાવ્યું કે આ વ્યવહાર સતત અને જાણી જોઈને કરવામાં આવ્યો હતો. મહિલાની ફરિયાદ બાદ સિંગરની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં તપાસ અધિકારીએ કહ્યું કે ફરિયાદકર્તા દ્વારા આપવામાં આવેલી ફરિયાદની તપાસ કરવામાં આવી રહી છે અને ધરપકડ કરાયેલા સચિનની પૂછપરછ કરીવામાં આવી. કેસની ગંભીરતાને જોતાં, પોલીસે કહ્યું કે કેસમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. સચિન સંઘવીના વકીલ આદિત્ય મિત્થેએ નિવેદન આપ્યું છે કે, 'એફઆઈઆરમાં લગાવવામાં આવેલા તમામ આરોપો પાયાવિહોણા અને નિરાધાર છે. મારા અસીલની ધરપકડ ગેરકાયદેસર હતી, તેથી તેમને તરત જ જામીન મળી ગયા. અમે આ ખોટા આરોપોનો મજબૂતીથી બચાવ કરીશું.'સંગીત અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સચિન સંઘવીના યોગદાનની ચર્ચા રહી છે, પરંતુ હવે આ મામલો તેમની પ્રોફેશનલ કારકિર્દી માટે પણ ગંભીર સંકટ બની ગયો છે.

# પતિ સાથે વિદેશમાં સ્થાયી થઈ જાણીતી બોલિવૂડ અભિનેત્રી

## ગયા વર્ષે અભિનેત્રીએ પોતાના લોન્ગ ટાઇમ બોયફ્રેન્ડ મૈથિયાસ સાથે લગ્ન કરીને ફેન્સને ચોંકાવી દીધા હતા



તાપસી પન્નૂ બોલિવૂડની ટેલેન્ટેડ અને પોપ્યુલર એક્ટ્રેસમાંથી એક છે. તે અવારનવાર પોતાના પ્રોફેશનલ તેમજ અંગત જીવનને લઈને ચર્ચામાં રહે છે. ગયા વર્ષે તેણે પોતાના લોન્ગ ટાઈમ બોયફ્રેન્ડ મૈથિયાસ સાથે લગ્ન કરીને ફેન્સને ચોંકાવી દીદા હતા. હવે તેણે પોતાના લગ્નજીવન વિશે વાત કરી છે. એક્ટ્રેસે જણાવ્યું કે, લગ્ન બાદ તે સાસુ-સસરા સાથે રહે છે. એક ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે, હું, મૈથિયાસ અને તેના માતા-પિતા અમે ડેનમાર્કમાં સાથે રહીએ છીએ. ડેનિસ લોકો માટે આ થોડી અજીબ વાત છે પરંતુ, ભારતીયો માટે આ ખૂબ જ સામાન્ય છે. મૈથિયાસના માતા-પિતા અમારી સાથે જ રહે છે. તેમના માટે ગ્રાઉન્ડ ફ્લોર પર અલગ ભાગ બનાવેલો છે. જ્યાં તેમનો બેડરૂમ, લિવિંગ રૂમ, ડાઇનિંગ અને લાઉન્જ એરિયા છે. આ ઘરમાં સૌથી મોટી ભારતીય વસ્તુ છે, જે હું લઈને આવી છું. તેમને આ વિશે સમજાવવામાં સમય લાગ્યો. કારણ કે, ત્યાં ઘરના વડીલ સાથે રહેવું સામાન્ય નથી. એક્ટ્રેસે વધુમાં જણાવ્યું કે, હું અને મારો પતિ હંમેશા ટ્રાવેલ કરતા રહીએ છીએ. તેથી અમને લાગ્યું કે, ઘરમાં કોઈનું હોવું સારૂ રહેશે. સાચું કહું તો આ ખૂબ જ સુંદર અનુભૂતિ છે. ઘર જેવું લાગે છે.

# કરમસદ આણંદ મનપા દ્વારા રેલ્વે વિભાગએ હડપેલી જમીન પરત મેળવવા નોટિસ આપી....





| (એજન્સી) આણંદ, તા.26 |

આણંદ ના સ્ટેશન વિસ્તારમાં વ્યવસાયિક સુવિધા ઉપલબ્ધ થાય તેવા આશયથી વર્ષોથી રેલ્વે વિભાગ દ્વારા મનપા હસ્તે ની હડપેલ જમીન પરત મેળવવા નોટિસ આપી હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર આણંદ પાલિકા શાસન દરમ્યાન રેલ્વે વિભાગ ને સ્ટેશન નજીક ની ટીપી૧મા આવેલ જમીન પાર્કિંગ માટે નવ વર્ષના નજીવા ભાડાપટ્ટે આપવામાં આવી હતી.સદર જમીન નો ગતવર્ષે કરાર પૂર્ણ થતાં પુનઃ રેલ્વે વિભાગ દ્વારા માંગણી કરતા પાલિકા સામાન્ય સભામાં ઠરાવ રજૂ કરવામાં આવતાં વિરોધ ઉઠતાં ઠરાવ પડતો મૂકવામાં આવ્યો હતો. તેમછતા રેલ્વે વિભાગ દ્વારા કબ્જો રાખી લાખોની આવક રળવા પાર્કિંગ કોન્ટ્રાકટર ને જગ્યા ફાળવતા વિરોધ ઉઠવા છતાં પાલિકા દ્વારા આંખ આડા કાન કરવામાં આવતાં ગતવર્ષે કરમસદ આણંદ મહાપાલિકા બનતાં મનપા દ્વારા સદર પાર્કિંગ જગ્યા સહિત રેલ્વે દ્વારા દબાણ કરેલ જગ્યા ઉપરાંત સ્ટેશન ને અડીને આવેલ કાચી પાકી દુકાન સહિતની જમીન જગ્યા પરત મેળવવા મનપા દ્વારા સ્થાનિકો માટે વ્યવસાયિક સુવિધા ઉપલબ્ધ કરવા નોટિસ આપી હોવાનું જાણવા મળેલ છે.

### સ્થાનિક નબળી નેતાગીરી પુન: ઉજાગર

# વર્ષોથી નિર્માણ પામતાં ખંભાત તથા ભાલેજ ફ્લાયઓવર બ્રિજની કામગીરી ઠપ રહેતાં ડબલ એન્જીનની વિકાસશીલ સરકાર પર અંગુલિનિર્દેશ....

| (એજન્સી) ખંભાત, તા.26 |

છેલ્લા કેટલાક સમયથી તંત્ર દ્વારા ખંભાત ને મુખ્યમાર્ગ સાથે જોડતો ફ્લાયઓવર ની કામગીરી હાથ ધરવામાં આવ્યા બાદ ઠપ થવા ઉપરાંત ભાલેજ ને સાવલી તરફ જોડતો ફ્લાયઓવર ની પણ આજ પ્રકારની અવદશા ના કારણે સ્થાનિક નબળી નેતાગીરી પુનઃ હોય ઉજાગર સાથે ડબલ એન્જીન વિકાસશીલ સરકાર ની કામગીરી પર પણ અંગુલિનિર્દેશ થવા પામ્યાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર જનસુવિધા ઉપલબ્ધ કરવા સરકાર દ્વારા ગત દશક દરમ્યાન ખંભાત ને મુખ્યમાર્ગ સાથે જોડતો ફ્લાયઓવર બ્રિજ નિર્માણ ની મંજૂરી આપવામાં



આવી હતી.પરંતુ નિર્માણ કામગીરી હાથ ધરવામાં આવ્યા બાદ અધૂરપ રહેતાં આ મુદ્દે આણંદ સાંસદ મિતેષ પટેલ દ્વારા લોકસભામાં પણ રજૂઆત કરવા છતાં ઠપ રહેતાં ઉપરાંત ભાલેજ સાવલી ને જોડતો ફ્લાયઓવર ની કામગીરી પણ નિર્મોણ હાથ ધરવામાં આવ્યા બાદ ઠપ થઈ રહેવા પામતાં સ્થાનિક નબળી નેતાગીરી પુનઃ સ્થાપિત સાથે ડબલ એન્જીન ની વિકાસશીલ સરકાર ની કામગીરી પર પણ અંગુલિનિર્દેશ થવા પામ્યાનું જાણવા મળેલ છે.

# હિન્દુ સંસ્કૃતિના વિક્રમ સવંત 2082ની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઇ

## નવા વર્ષની પ્રભાતે સબરસની વહેંચણી સાથે મંદિરમાં ભક્તો ની ભીડ તથા ઠેરઠેર અન્નકૂટ ના આયોજન કરાયા

| (એજન્સી) ગાંધીનગર, તા.26 |

હિન્દુ સંસ્કૃતિ ના વિક્રમ સવંત ૨૦૮૨ના વર્ષ પ્રવેશ પર વહેલી સવારના સબરસની વહેંચણી સાથે મંદિરમાં દર્શાનાર્થે ભક્તોની ભીડ ઉમટેલ જોવા મળી હતી.આ ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાય, શહેરના સ્વયંભૂ જાગનાથ મહાદેવ મંદિર, લાંભવેલ હનુમાન મંદિર સહિત વિવિધ મંદિરોમાં અન્નકૂટ ના આયોજન કરવામાં આવ્યા હતા.સાથેસાથે તમામ સમાજના નગરજનો દ્વારા એકબીજાને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર કારતક સુદ એકમથી હિન્દુ સંસ્કૃતિ અનુસાર વિક્રમ સવંત વર્ષના પ્રારંભ થતાં ગત બુધવારે વિક્રમ સવંત ૨૦૮૨ના વર્ષ નો પ્રારંભ થતાં સવારે સબરસ ની વહેચણી ઉપરાંત વર્ષ ના વધામણા ફટાકડા ફોડી આતશબાજી થી કરવામાં આવ્યા હતા.નવાવર્ષની મંગલ પ્રભાતે ભક્તોની ભીડ વિવિધ મંદિર ખાતે દર્શનાર્થે ઉમટી જોવા મળી હતી.આ ઉપરાંત સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા અક્ષર ફાર્મ, સ્વયંભૂ જાગનાથ મહાદેવ મંદિર, લાંભવેલ હનુમાન મંદિર સહિત વિવિધ મંદિરોમાં અન્નકૂટ ના આયોજન કરવામાં આવ્યા હતા.જેનો ભક્તોએ દર્શન લાભ મેળવ્યો હતો.નવા વિક્રમ સવંત ના પ્રારંભ થતાં તમામ સમાજના નગરજનો દ્વારા નવા વર્ષની શુભેચ્છા પાઠવતા હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.



# સુંદલપુરા સુરેલી રોડ પરના બાયોગેસ પ્લાન્ટ નજીક અજાણ્યા વાહનની ટક્કરે મહિલાનું મોત

| (એજન્સી) ઉમરેઠ, તા.26 |

ઉમરેઠ તાલુકાના સુંદલપુરા સુરેલી રોડ બાયોગેસ પ્લાન્ટની પહેલાં રોડ ઉપર શુક્રવાર બપોરના સમયે પૂર ઝડપે જઈ રહેલાં અજાણ્યા વાહન ચાલકે મહિલાને ટક્કર મારતાં ગંભીર ઈજા પામેલા મહિલાનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ બનાવ ઉમરેઠ પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગત અનુસાર ઉમરેઠ તાલુકાના સુંદલપુરા ઝાલા ખડકી માં રહેતાં લીલાબેન બળવંતસિંહ ઝાલા ઉ.વ.૫૦ શુક્રવાર બપોરના બે વાગ્યાના આસપાસના સમયે સુંદલપુરાથી સુરેલી જવાના રોડ ઉપર બાયોગેસ પ્લાન્ટ નજીકથી પસાર થતાં હતાં.તે સમયે પુરઝડપે ઝડપી આવી ચડેલા અજાણ્યા વાહન ચાલકે પાછળથી લીલાબેન ઝાલાને ટકકર મારતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટનાને લઈને આજુબાજુના લોકો દોડી આવ્યાં હતાં. અને ૧૦૮ ને ફોન કરતાં ૧૦૮ ઘટના સ્થળે આવી પહોંચી હતી. જોકે, અકસ્માતમાં ગંભીર ઈજા પામેલ લીલાબેન ઝાલાનું મોત નીપજ્યું હતું. બીજી બાજુ અકસ્માત કરનાર વાહન ચાલક ઘટના સ્થળેથી પોતાનું વાહન લઈને નાસી ગયો હતો.આ અંગે કુલદિપસિંહ મનહરસિંહ ઝાલા રહે. સુંદલપુરા જુના મહાદેવ વાળુ ફળિયું એ ઉમરેઠ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો નોંધીને આગળની વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

### ચિખોદરા ખાતે પોલીસ પુત્ર અને તેના મિત્રો ની દાદાગીરી

# અંગત અદાવતમાં ત્રણોલ ગામના યુવકને ઢોર માર મારી પોલીસ પિતાની પિડિતને પતાવી દેવાની ધમકી નો આક્ષેપ

## કાયદાના રક્ષક ના ધમકી સૂર પર પરિવાર ફફડી ઉઠ્યો

| (એજન્સી) આણંદ, તા.26 |

આણંદ નજીકના ચિખોદરા ખાતે ગતરોજના આણંદ ઉચ્ચ પોલીસ અધિકારીના માનીતા પોલીસ પુત્રો અને તેમના મિત્રો દ્વારા ત્રણોલ ના યુવાનને અંગત અદાવતમાં ઢોર મારવાનો બનાવ બન્યો હતો.જે બાદ પોલીસ પુત્રે પિતાને જાણ કરતાં પોલીસે પિડિતને પતાવી દેવાની વાત કર્યાનો આક્ષેપ પિડિત પરિવાર દ્વારા વ્યક્ત કરતાં ફફડી ઉઠી માર મારનાર કાયદાના રક્ષક ના પરિવારજન હોય પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હોવાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત વિગત અનુસાર આણંદ ઉચ્ચ પોલીસ અધીકારીની કચેરીમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી ના પુત્રો દિવ્યેશ અને ભાવિન સોઢા તથા તેમના મિત્રો દ્વારા શહેર નજીકના ચિખોદરા ખાતે અંગત અદાવતમાં ત્રણોલ ગામના મિતેષ પરમાર નામના યુવકને ઢોર માર માર્યો હતો.જે બાદ પોલીસ પુત્રે પોલીસ પિતાને ફોન થી જાણ કરતાં ઉલ્ટા ચોર કોટવાલ કો ડાટેની માફક પિડિત યુવકને પતાવી દેવાની ધમકી આપી હોવાનો આક્ષેપ કરી પરિવારે ઈજાગ્રસ્ત ને સારવાર્થે હોસ્પિટલ ખસેડી આણંદ ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.પરંતુ હુમલો કરનાર પોલીસ પરિવારના હોય કાયદાના રક્ષક દ્વારા જ ધમકી આપતા પોલીસ દ્વારા કાયદેસરની નિષ્પક્ષ કાર્યવાહી કરવા માંગ કરી હોવાનું જાણવા મળેલ છે.

# ઈરમા ખાતે ત્રિભુવનદાસ પટેલની 122મા જન્મદિને સહકારી શિક્ષણ પર પરિસંવાદ યોજાયો

| (એજન્સી) આણંદ, તા.26 |

આણંદ સ્થિત ઈરમાના ઓડિટોરિયમ ખાતે શ્રી ત્રિભુવનદાસ પટેલની ૧૨૨મી જન્મજયંતિ નિમિત્તે સહકારી શિક્ષણ પર રાષ્ટ્રીય પરામર્શ નો એક દિવસીય પરિસંવાદ 'ત્રિભુવન' સહકારી યુનિવર્સિટી દ્વારા રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઈફકોના ચેરમેન અને પૂર્વ મંત્રીશ્રી દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે ત્રિભુવનદાસ પટેલ ની દીર્ધદ્રષ્ટિને કારણે આણંદ ખાતે અમૂલની સ્થાપના કરવામાં આવી હતી અમૂલના માધ્યમથી વિશ્વ કક્ષાએ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે અને ખાસ કરીને પશુપાલકો ખેડૂતોને સન્માન મળ્યું છે.

ભારત સરકારે વિશ્વની પ્રથમ સહકારી યુનિવર્સિટી ની સ્થાપના ત્રિભુવનદાસ પટેલ ના નામથી કરીને તેમને સન્માન આપવાનું કામ કર્યું છે ત્યારે સહકારથી સમૃદ્ધિ નો નારો આપીને ભારત સરકારે મહિલાઓને પશુપાલકોને ખેડૂતોને ખાસ પ્રાધાન્ય આપ્યું છે તેમ તેમણે જણાવ્યું હતું.

ત્રિભુવનદાસ પટેલ સહકારી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર અને પદ્મશ્રી શ્રી જે એમ વ્યાસે જણાવ્યું હતું કે ભારત સરકારે સહકારીતા ક્ષેત્રનું મહત્વ સમજીને સહકાર મંત્રાલયની સ્થાપના કરી અને સહકારીતા ક્ષેત્રને વધુ મજબૂત કરવા માટે શું કરવું જોઈએ તે માટે ભારત સરકાર કટિબદ્ધ હોય સહકારીતા ક્ષેત્રના નિષ્ણાતો આણંદ ખાતે સહકારીતા યુનિવર્સિટીમાં પેદા થાય તેવું કામ કર્યું છે સહકારીતા યુનિવર્સિટીની સ્થાપના બાદ ત્રિભુવનદાસ પટેલની પહેલી જન્મ જયંતી આવતી હોય ત્રિભુવન સહકારી યુનિવર્સિટી દ્વારા તેમની જન્મ જયંતી ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સહકારીતા ક્ષેત્રને વધુ મજબૂત કરવા માટે યુનિવર્સિટી પાસેથી નિષ્ણાતો શું અપેક્ષા રાખે છે અને સહકારીતા યુનિવર્સિટી ખાતે કયા પ્રકારના ઈજનેરો ઊભા થાય તે માટે કો ઓપરેટિવ સેક્ટરના નિષ્ણાતોને આણંદ ખાતે આમંત્રિત કરવામાં આવ્યા છે તેમના અનુભવનો લાભ મેળવીને સહકારીતા યુનિવર્સિટી ખાતે આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે નિષ્ણાતો નો મત ખૂબ જ ઉપયોગી સાબિત થશે તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

આ પ્રસંગે ભારત સરકારના સહકારીતા વિભાગના અધિકારી શ્રી આનંદકુમાર જા અને ડોક્ટર મુકેશકુમાર સહિત રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર શ્રી સતીશ મરાઠી ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના વિચારો રજૂ કર્યા હતા .ઈરમા ના ડાયરેક્ટર શ્રી શાસવાન નારાયણને સૌનો આવકાર કર્યો હતો.આ સમયે કો ઓપરેટિવ સેક્ટરના નિષ્ણાતો સહિત ઈરમા, એનડીડીબી, અમૂલના અધિકારીઓ અને ઈરમા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં

# નવા વિક્રમ સવંત વર્ષનો પ્રારંભ થતાં જ રાજકીય નેતાઓ દ્વારા આગામી મનપા જંગ ની સોગઠાબાજીની શરુઆત

## દાવેદારોએ નવા વર્ષની શુભેચ્છા પાઠવી મજબૂત દાવેદારી ની નેતાઓ ના કાનમાં ફૂંક મારી

| (એજન્સી) ગાંધીનગર, તા.26 |

આગામી વર્ષના પ્રારંભે કરમસદ આણંદ મનપા સહિત જીલ્લાની છ પાલિકાના યોજાનાર ચૂંટણી પગલે ગત બુધવારે વિક્રમ સવંત ૨૦૮૨ના પ્રારંભે રાજકીય નેતાઓ દ્વારા શુભેચ્છા સાથે ચુંટણી ની સોગઠાબાજી ગોઠવી હોવાનું જાણવા મળેલ છે.જયારે આગામી મનપા હોય કે પાલિકા જંગમાં ટિકિટ મેળવવા દાવેદારો દ્વારા નવા વર્ષની શુભેચ્છા પાઠવી પોતાની મજબૂત દાવેદારી ની નેતાઓ ના કાનમાં ફૂંક મારી હોવાનું જાણવા મળેલ છે.ગત માસે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા કરમસદ આણંદ મનપા ના તેર વોર્ડ ના સીમાંકન તથા બાવન નગરસેવક ની બેઠક અંતર્ગત નું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું.જેના પગલે આગામી વર્ષારંભે મનપા જંગ યોજાવાની સંભાવના પગલે ગત બુધવારે વિક્રમ સવંત ૨૦૮૨નો પ્રારંભ થતાં રાજકીય ગતિવિધિ પણ તેજ થવા પામી હોય તેમ આગામી મનપા જંગ અંતર્ગત રાજકીય નેતાઓ દ્વારા સોગઠાબાજી ગોઠવતા ટિકિટ મેળવવા દાવેદારો દ્વારા નવા વર્ષની શુભેચ્છા પાઠવી પોતાની મજબૂત દાવેદારી ની નેતાઓ ના કાનમાં ફૂંક મારી હોવાનું જાણવા મળેલ છે.આ ઉપરાંત જીલ્લાની છ પાલિકા બોરસદ, ખંભાત, પેટલાદ, સોજીત્રા, ઉમરેઠ તથા તારાપુર પાલિકાના ચુંટણી જંગ યોજાવાની સંભાવના પગલે સ્થાનિક સ્તરે પણ દાવેદારો દ્વારા નવા વર્ષની શુભેચ્છા પાઠવવા ના બહાને નેતાઓ સમક્ષ પોતાની મજબૂત દાવેદારી ઉભી કરી હોવાનું જાણવા મળેલ છે.અત્રે ઉલ્લેખનીય છેકે આણંદ જીલ્લા ભાજપ પ્રમુખ પદે સંજય પટેલની વરણી થયા બાદ તેઓએ પદ માટે ટિકિટ માટે સંપર્ક કે ભલામણ નહીં કરવા ના સૂચન કરતાં દાવેદારો દ્વારા સ્થાનિક મજબૂત નેતા ના સથવારે પ્રદેશ સુધી એડીચોટીનું જોર લગાવ્યું હોવાનું જાણવા મળેલ છે.

### સાડા છ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી

# સેવાલિયાના મહારાજના મુવાડા ચેક પોસ્ટ પર પોલીસે સઘન ચેકીંગ હાથ ધરાયું.....

| (એજન્સી) ગોધરા, તા.26 |

સેવાલિયા પોલીસે ગતરોજ બાતમીના આધારે ગોધરા તરફથી આવતા ટેમ્પામાંથી વિદેશી દારૂનો જથ્થો સહિત કુલ ૧૬.૬૨લાખનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે ટેમ્પા ચાલકની પ્રાથમિક પૂછપરછ કરતા રાજસ્થાનના બાડમેર થી ટેમ્પાના માલિક વિદેશી દારૂ ભરી આપી અમદાવાદ પહોચી ફોન કરવા કહ્યું હોવાની કબૂલાત કરી હતી.આ બનાવ અંગે સેવાલિયા પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગત અનુસાર સેવાલિયા પોલીસની ટીમ મહારાજના મુવાડા નવી ચેક પોસ્ટ પર પેટ્રોલિંગમાં હતી.આ દરમિયાન બાતમી મળી હતી કે ગોધરા તરફ થી આવતા એક ટેમ્પામાં વિદેશી દારૂ ભરીને પસાર થાય છે.જે અન્વયે પોલીસની ટીમ ગોધરા તરફથી આવતા નાના મોટા વાહનો ઉભા રાખી સઘન ચેકીંગ હાથ ધર્યું હતુ.આ દરમિયાન બાતમી આધારિત ટેમ્પો આવતા પોલીસે ટેમ્પાને સાઇડમાં ઉભા રહેવા ઈશારો કર્યો હતો.જેથી ટેમ્પાના ચાલકે ટેમ્પાને સાઇડમાં ઉભા રાખતા પોલીસ ટીમે ટેમ્પાની તલાશી લીધી હતી.જેમાં ટેમ્પાની ડ્રાઈવર કેબિન પરથી વિદેશી દારૂ મળી આવ્યો હતો.જે બાદ પોલીસે ટેમ્પાની સાઇડમાં બનાવેલા બોક્ષોની તલાશી લેતા તેમાંથી પણ વિદેશી દારૂ મળી આવ્યો હતો.આ બાદ પોલીસે અટકાયત કરેલા ટેમ્પાના ચાલક હનુમાનરામ ગુમના રામ સીયાંગ રહે.સીયાગપૂરા તા.ચોટન જી.બાડમેર ની પ્રાથમિક પૂછપરછ કરતા કબુલાત કરી હતી કે ટેમ્પાના માલિક ડુગારામે ટેમ્પામાં વિદેશી દારૂ ભરી રાજસ્થાનના બાડમેર થી આપી અમદાવાદ પહોંચી ફોન કરવા કહ્યું હતુ.આ બનાવ અંગે સેવાલિયા પોલીસે રૂ ૬.૫૨ લાખનો વિદેશી દારૂ,ટેમ્પો કિંમત રૂ દસલાખ,મોબાઈલ રૂ દસ હજાર મળી કુલ રૂ ૧૬.૬૨લાખના મુદ્દામાલ સાથે હનુમાનરામ સીયાંગની અટકાયત કરી ટેમ્પા માલિક ડુગારામને વોન્ટેડ જાહેર કરી ફરિયાદ નોંધી છે.

### ખેલશે ગુજરાત ના સરકારના અભિયાન ના લીરા ઉડાડતી સ.પ.યુનિ.

# મહારાષ્ટ્રના લાતુર ખાતે યોજાયેલ મહિલા કબડ્ડી ટુર્નામેન્ટથી વંચિત રાખવાના ખેલ રચાતાં વિદ્યાર્થીનીઓમાં રોષ.....

| (એજન્સી) ગાંધીનગર, તા.26 |

ગુજરાત સરકાર રમતગમત ને પ્રોત્સાહન આપતાં હોય ખેલ મહાકુંભ ના આયોજન થકી ખેલશે ગુજરાત ના અભિયાન હાથ ધરી રહ્યા છે.જેના અત્રેની સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા લીરા ઉડાડવામાં આવતાં હોય તેમ મહારાષ્ટ્ર ના લાતુર ખાતે યોજાયેલ મહિલા કબડ્ડી ટુર્નામેન્ટ માં ભાગ ન લેવાનો નિર્ણય ની જાણ વિદ્યાર્થીનીઓ યુનિવર્સિટી ખાતે ભાગ લેવા પહોંચતા કરવામાં આવતાં વિદ્યાર્થીનીઓ દ્વારા રોષ પ્રગટ કરવામાં આવ્યો હતો.આ અંગે યુનિવર્સિટી પદાધિકારીઓ ને પૃચ્છા કરતાં અજાણ હોય હાથ ખંખેરી બાઈબાઈ ચારણી ના ખેલ રચતાં જોવા મળ્યા નું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર રાજ્ય સરકાર



રમતગમત ને પ્રોત્સાહન આપતાં ખેલ મહાકુંભ ના આયોજન હાથ ધરી ખેલશે ગુજરાત અભિયાન હાથ ધરતાં હોય છે.પરંતુ સરકારના અભિયાન ના અત્રેની સરદાર પટેલ યુનિવર્સિટી ના પદાધિકારીઓ લીરા ઉડાવતા હોય તેમ દિવાળી નું વેકેશન છતાં યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા સોમવાર થી મહારાષ્ટ્ર ના લાતુર ખાતે યોજાયેલ કબડ્ડી ટુર્નામેન્ટ માં ભાગ લેવા આકરી મહેનત કરી ગત સાંજે યુનિવર્સિટી ખાતે લાતુર જવા ના કાર્યક્રમ અંતર્ગત પહોંચતા તેઓને ભાગ લેવા જવાનું નથી નો નિર્ણય લેવામાં આવ્યા ની જાણ કરતાં વિદ્યાર્થીનીઓ દ્વારા રોષ પ્રગટ કરી છેલ્લી ઘડીએ વેકેશન હોવાછતાં ટુર્નામેન્ટ માં ભાગ લેવા તૈયારી કરી ભાગ લેવા ન પાછળ કારણ શું?ના સવાલ ઉઠાવતા આ મુદ્દે યુનિવર્સિટી પદાધિકારીઓ ના સંપર્ક કરતાં નિર્ણય પર હાથ ખંખેરી બાઈબાઈ ચારણી ના ખેલ રચતાં આ બાબતની જાણ યુનિવર્સિટી ના પૂર્વ સિન્ડિકેટ સભ્ય અલ્પેશ પુરોહિતને થતાં જીલ્લા કલેકટર ને રજૂઆત કરી વિદ્યાર્થીનીઓ ને પ્રોત્સાહન આપી ટુર્નામેન્ટમાં સહભાગી થવા ઉકેલ લાવવા માંગ કરી હોવાનું જાણવા મળેલ છે.

# પાણીગેટ બાવચાવાડમાં વિદેશી દારુ વેચતી મહિલા ઝડપાઈ

| (એજન્સી) વડોદરા, તા.26 |

પાણીગેટ બાવચાવાડમાં દારુ વેચતી મહિલા સહિત ત્રણ આરોપીઓને પોલીસે દારુની 169 બોટલ સાથે પોલીસે ઝડપી પાડયા છે. પાણીગેટ બાવચાવાડમાં રહેતો નિશાંત ઉર્ફે ગોટિયો ભટ્ટ તથા પાયલબેન થાપા વિદેશી દારૂનો જથ્થો લાવ્યા છે અને વેચાણ કરતો હોવાની માહિતી પી. સી.બી. પોલીસને મળી હતી. જેથી, પોલીસે ઉપરોક્ત સ્થળે જઈને તપાસ કરતા નિશાંત ઉર્ફે ગોટિયો ગોપાલભાઈ ભટ્ટ (રહે. સ્લમ ક્વાટર્સ, બાવચાવાડ, પાણીગેટ) મળી આવ્યો હતો. પોલીસે તેની પાસેથી દારૂની 77 બોટલ કિંમત રૂપિયા 23,100 ની કબજે કરી હતી. જ્યારે પાયલ હરિશભાઈ થાપા (રહે. સ્લમ ક્વાટર્સ, બાવચાવાડ, પાણીગેટ) પાસેથી 54 બોટલ કિંમત રૂપિયા 16,200ની કબજે કરવામાં આવી છે. ખોડિયાર નગર ડી માર્ટની પાછળ મણીનગર સોસાયટીમાં રહેતો પવન ઉર્ફે ગોલુ બંસીલાલ તોલાણી દારુ વેચતો હોવાની માહિતીના આધારે પોલીસે રેડ કરતા પવન મળી આવ્યો હતો.

### કેબિનેટ મંત્રી બનતાં જ મંત્રી પ્રજાલક્ષી કાર્ય માટે એકશનમાં

# ગંભીરા બ્રિજ નવ નિર્માણ સ્થળની રૂબરૂ મુલાકાત લેતા મંત્રી રમણ સોલંકી

| (એજન્સી) આણંદ, તા.26 |

આણંદ જિલ્લાની ગંભીરા નદી ઉપર બની રહેલા નવા બ્રિજના નિર્માણ કાર્યસ્થળની રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ રૂબરૂ મુલાકાત લીધી હતી.

ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ રાજ્ય સરકાર દ્વારા ૨૧૨ કરોડના ખર્ચે વડોદરા અને આણંદ જિલ્લાને જોડતા નવા આધુનિક બ્રિજનું નિર્માણ શરૂ કરાયું છે. ગંભીરા નદી ઉપર ચાલતા આ નવા બ્રિજના નિર્માણ સ્થળે અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી પહોંચીને બ્રિજના નિર્માણ કાર્યની વિસ્તૃત સમીક્ષા કરી અને અધિકારીઓ પાસેથી હાલ ચાલી રહેલી કામગીરી અંગે વિગતવાર



માહિતી મેળવી હતી.તેમણે બ્રિજના નિર્માણ કાર્ય દરમિયાન ગુણવત્તા અને ગતિ બંને જળવાય એ માટે જરૂરી સૂચનાઓ પણ આપી હતી. આ પ્રસંગે મંત્રીશ્રીએ બ્રિજ નજીક આવેલ મહીસાગર માતાના મંદિરે પહોંચી દર્શન કર્યા હતા અને નવા બ્રિજનું નિર્માણ જલ્દીથી પૂર્ણ થાય એ માટે પ્રાર્થના પણ કરી હતી. નોંધનીય છે કે, બોરસદ વિસ્તારના લોકો માટે આ બ્રિજ આશીર્વાદ સમાન સાબિત થવાનો છે. , જે વડોદરા અને આણંદ જિલ્લાઓ માટે વિકાસનો નવો માર્ગ ખોલશે.

# કોહલીનો વિરાટ રેકોર્ડ: વનડેમાં તેંડુલકર બાદ બીજો સૌથી શ્રેષ્ઠ ખેલાડી, સંગાકારાનો રેકોર્ડ તોડ્યો.....



ભારતીય ટીમના મહાન બેટર વિરાટ કોહલીએ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (SCG)માં ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વન-ડે ઈન્ટરનેશનલ (ODI) મેચમાં વિસ્ફોટક ઈનિંગ્સ રમવાની સાથે શ્રીલંકાના દિગ્ગજ ક્રિકેટર કુમાર સંગાકારાનો મોટો રેકોર્ડ તોડી નાખ્યો છે. વિરાટ કોહલી હવે ODI ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવનાર બેટર્સની યાદીમાં બીજા ક્રમે પહોંચી ગયા છે.

15 વર્ષના ODI કારકિર્દી દરમિયાન કુમાર સંગાકારાએ શ્રીલંકા અને ICC માટે 404 મેચ રમી, જેમાં 14,234 રન બનાવ્યા. વિરાટ કોહલી હવે 14,255 રન સાથે ODI ક્રિકેટમાં બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી બની ગયા છે. જો કે, ODI ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ 14,426 રન સાથે મહાન બેટર સચિન તેંડુલકરના નામે છે.

ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીની પહેલી બે વન-ડેમાં (પર્થ અને એડિલેડ) વિરાટ કોહલી શૂન્ય રને આઉટ થયા હતા, જેના કારણે તેના ફોર્મને લઈને સવાલો ઊઠી રહ્યા હતા. જો કે, નિર્ણાયક ત્રીજી ODIમાં કોહલીએ જોરદાર વાપસી કરીને પોતાની 75મી ODI અડધી સદી ફટકારી. આ મેચમાં તે 81 બોલમાં અણનમ 74 રન બનાવીને અંત સુધી ક્રિઝ પર રહ્યા હતા.

રોહિત શર્મા અને વિરાટ કોહલીના દમદાર બેટિંગ પ્રદર્શનને કારણે ભારતે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વનડે 9 વિકેટથી જીતી લીધી. ટોસ જીતીને પહેલા બેટિંગ કરનાર ઓસ્ટ્રેલિયાની ટીમ 46.4 ઓવરમાં માત્ર 236 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. જવાબમાં, ભારતે 38.3 ઓવરમાં માત્ર 1 વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધો. જેમાં હિટમેન રોહિત શર્માએ અણનમ 121 રન બનાવીને ફોર્મમાં જોરદાર વાપસી કરી, જ્યારે વિરાટ કોહલીએ અણનમ 74 રનનું યોગદાન આપ્યું. આ જીત સાથે ભારતીય ટીમે ત્રણ મેચની આ ODI શ્રેણી 2-1થી પોતાના નામે કરી લીધી છે.

# ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ સદી ફટકારતાં જ રોહિત શર્માએ રચ્યો ઈતિહાસ, આવો રેકોર્ડ બનાવનારો દુનિયાનો પહેલો બેટર

ઓસ્ટ્રેલિયા સામે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી ત્રીજી વન-ડે ઈન્ટરનેશનલ (ODI) મેચમાં ભારતીય ટીમના હિટમેન રોહિત શર્માએ બેટિંગમાં પોતાનો દબદબો સાબિત કર્યો છે. 237 રનના લક્ષ્યનો પીછો કરતાં હિટમેને મેચ વિનિંગ શાનદાર સદી ફટકારીને ભારતને વિજય અપાવ્યો અને સાથે જ વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. રોહિત શર્માએ 105 બોલમાં 11 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી આ સદી ફટકારી હતી, જે તેની કારકિર્દીની 33મી ODI સદી હતી. આ સદી સાથે જ તેના આંતરરાષ્ટ્રીય સદીઓની સંખ્યા 50 (ODIમાં 33, ટેસ્ટમાં 12, T20Iમાં 5) પર પહોંચી ગઈ છે. આ સિદ્ધિ સાથે રોહિત શર્મા આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટ (ટેસ્ટ, ODI અને T20I)માં પાંચ કે તેથી વધુ સદી ફટકારનાર વિશ્વનો પહેલો અને એકમાત્ર બેટર બની ગયો છે.



રોહિત શર્માએ આ મેચમાં અન્ય એક મોટો રેકોર્ડ પણ તોડ્યો છે. ઓસ્ટ્રેલિયાની ધરતી પર આ તેમની છઠ્ઠી ODI સદી છે. આ સિદ્ધિ સાથે રોહિત શર્મા ઓસ્ટ્રેલિયામાં કોઈ પણ મુલાકાતી (વિઝિટિંગ) બેટર દ્વારા સૌથી વધુ ODI સદી ફટકારનાર બેટર બની ગયો છે. અગાઉ આ રેકોર્ડ ભારતના દિગ્ગજ બેટર વિરાટ કોહલી અને શ્રીલંકાના પૂર્વ બેટર કુમાર સંગાકારાના નામે હતો. વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયામાં 32 ODI ઈનિંગ્સમાં 5 સદી ફટકારી હતી, જ્યારે સંગાકારાના નામે પણ 5 સદી છે. રોહિત શર્માએ માત્ર 33મી ઈનિંગમાં છઠ્ઠી સદી ફટકારીને આ રેકોર્ડ પોતાના નામે કર્યો છે.

# રોહિતની સદી-વિરાટની અર્ધસદી, ઓસ્ટ્રેલિયન બોલર્સ લાચાર, ત્રીજી વન-ડેમાં ટીમ ઈન્ડિયાની ૭ વિકેટે જીત

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચોની વનડે શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ (SCG) ખાતે રમાઈ હતી. આ મેચમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન મિશેલ માર્શે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. આ સાથે જ, ભારતીય ટીમના નામે એક નિરાશાજનક રેકોર્ડ પણ જોડાઈ ગયો છે. ટીમ ઈન્ડિયા સતત 18મી વનડે મેચમાં ટોસ હારી છે, જેનો સિલસિલો 2023ના વર્લ્ડ કપ ફાઈનલથી શરૂ થયો હતો. બીજી બાજુ પહેલી બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયાએ 236 રનનું લક્ષ્ય આપ્યું હતું જેની સામે રોહિત અને વિરાટને શાનદાર બેટિંગ કરતાં 1 જ વિકેટના નુકસાને લક્ષ્ય પાર પાડ્યું હતું.

વિરાટ અને રોહિત શર્માએ શાનદાર રીતે ફોર્મમાં પાછા ફરતાં ઓસ્ટ્રેલિયન બોલર્સને ધૂળ ચટાડી દીધી. 1 જ વિકેટના નુકસાન પર ટીમ ઈન્ડિયાએ 237 રનનું લક્ષ્ય આસાનીથી પાર પાડ્યું હતું. જેમાં કોહલીએ 74 રન તો રોહિત શર્માએ 121 રનનું યોગદાન આપ્યું હતું. આ સાથે ટીમ ઈન્ડિયાએ ત્રણ વન ડેની શ્રેણીનો 2-1થી પરાજય સાથે અંત આણ્યો હતો.

રોહિત શર્મા વન ડેમાં હવે ઓસ્ટ્રેલિયામાં સૌથી વધુ સદી ફટકારનારો પ્રથમ વિદેશી ખેલાડી બની ગયો છે. તેણે ઓસ્ટ્રેલિયામાં સૌથી વધુ 6 સદી (33 ઈનિંગ) ફટકારી છે. જ્યારે 5 સદી (32 ઈનિંગ) સાથે વિરાટ કોહલી બીજા અને 5 સદી સાથે કુમાર સંગાકારા(49 ઈનિંગ) ત્રીજા ક્રમે છે.

રોહિત શર્માએ શાનદાર ફોર્મ જાળવી રાખતા ઓસ્ટ્રેલિયા સામે ત્રીજી જ વન-ડેમાં સદી ફટકારી દીધી છે. જ્યારે સામે છોડે કોહલી પણ ફોર્મમાં પાછો ફરતા 59 રને રમી રહ્યો છે.

રોહિત શર્માએ દમદાર બેટિંગ બતાવતા, કોહલી પણ પાછો ફોર્મમાં આવી ગયો છે. બંનેએ 183 રનના સ્કોર સુધી ટીમ ઈન્ડિયાને પહોંચાડી દીધી છે. ઓસ્ટ્રેલિયન બોલર્સ લાચાર દેખાઈ રહ્યા છે. હાલમાં કોહલી 53 તો રોહિત શર્મા 91 રન બનાવીને રમતમાં છે જે સદીની નજીક પહોંચી ચૂક્યો છે.

ઓસ્ટ્રેલિયા બોલર હવે ટીમ ઈન્ડિયા સામે લાચાર જણાઈ રહ્યા છે. રોહિત અને કોહલીની જોડી પિચ પર જામી ગઈ છે અને ટીમ ઈન્ડિયાનો સ્કોર 102/1 થઈ ગયો છે.

રોહિત શર્માએ જોરદાર બેટિંગ કરતા ચોગ્ગાનો કર્યો વરસાદ, 32 રને રમતમાં, સામા છેડે વિરાટ કોહલી મેદાને. 1 રન બનાવી ખાતુ ખોલ્યું. શુભમન ગિલ 24 રન બનાવીને આઉટ થયો. તેણે પોતાની ઈનિંગમાં 2 ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો.

ઓસ્ટ્રેલિયા 236 રનમાં ઓલઆઉટ, હર્ષિત રાણા ચમક્યો

ઓસ્ટ્રેલિયા 236 રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. હર્ષિત રાણાએ કુલ 4 વિકેટો ઝડપી હતી.

ઓસ્ટ્રેલિયાની નવમી વિકેટ પડી

હર્ષિત રાણાએ ત્રીજી તો પ્રસિદ્ધ કૃષ્ણાએ પહેલી વિકેટ ઝડપી, ઓસ્ટ્રેલિયા સ્કોર 236-9

બેક ટુ બેક બે વિકેટ પડી ઓસ્ટ્રેલિયાની

કુલદીપ યાદવે મિચેલ સ્ટાર્કને બોલ્ડ માર્યો, ઓસ્ટ્રેલિયાની 200 રને સાતમી વિકેટ પડી, એના પહેલા હર્ષિત રાણાએ મિશેલ ઓવેનને 1 રને ચાલતો કરી દેતા ઓસ્ટ્રેલિયાનો છઠ્ઠો ઝટકો આપ્યો હતો.

વોશિંગ્ટન સુંદરને બીજી સફળતા

ઓસ્ટ્રેલિયા વતી મજબૂત બેટિંગ કરી રહેલા રેનશોને વોશિંગ્ટન સુંદરે ફિરકીના જાળમાં ફસાવીને એલબીડબ્લ્યૂ આઉટ કરી દીધો હતો. આ સાથે રેન શો 56 રન કરી ઓસ્ટ્રેલિયાનો સ્કોર 195 સુધી પહોંચાડી આઉટ થયો હતો.

હર્ષિત રાણાએ કેરીનો કર્યો શિકાર, શ્રેયસ અય્યરે ઝડપ્યો શાનદાર કેચ, ઓસ્ટ્રેલિયાનો સ્કોર 183/4

ભારતને લાંબા સમય બાદથી ચોથી સફળતા મળી. હર્ષિત રાણાએ સેટ બેટર કેરીને આઉટ કર્યો. હર્ષિત રાણાની બોલિંગમાં કેરીએ શ્રેયસ અય્યરને થમાવ્યો હતો.

વોશિંગ્ટન સુંદરે ઓસ્ટ્રેલિયાને ત્રીજો ઝટકો

ઓસ્ટ્રેલિયા ટીમ ઈન્ડિયાના સ્પિન આક્રમણના જાળમાં ફસાતું દેખાઈ રહ્યું છે. અક્ષર પટેલ બાદ વોશિંગ્ટન સુંદરે મેથ્યૂ શોર્ટને કોહલીના હાથમાં કેચ થમાવી આઉટ કરાવ્યો હતો. મેથ્યૂ શોર્ટ 30 રન બનાવીને આઉટ થયો હતો. હાલમાં મેટ રેનશો અને એલેક્સ કેરી ક્રિઝ પર છે.

અક્ષરે મિશેલ માર્શને બોલ્ડ માર્યો

અક્ષર પટેલે ઓસ્ટ્રેલિયાને બીજો ઝટકો આપ્યો, મિચેલ માર્શ 41 રન બનાવી આઉટ, અક્ષર પટેલે બોલ્ડ માર્યો. ઓસ્ટ્રેલિયાનો સ્કોર - 92/2, ક્રીઝ પર મેથ્યૂ શોર્ટ (11*), મેટ રેનશો (3*) રમતમાં

ટીમ ઈન્ડિયાને પ્રથમ સફળતા, સ્કોર 61/1

સિરાજે કર્યો હેડનો શિકાર, પ્રસિદ્ધ કૃષ્ણાએ કર્યો કેચ. 29 રન બનાવી આઉટ થયો ટ્રેવિસ હેડ. વિકેટ પડ્યા બાદ મેથ્યૂ શોર્ટ મેદાને. હાલમાં ક્રીઝ પર મેથ્યૂ શોર્ટ અને મિશેલ માર્શ.

ટ્રેવિસ હેડ અને મિશેલ માર્શ પિચ પર જામ્યા

ટ્રેવિસ હેડ અને મિશેલ માર્શ પિચ પર જામી ગયા છે. હાલમાં ઓસ્ટ્રેલિયાનો સ્કોર 54-0, ટ્રેવિસ હેડ 24 અને મિશેલ માર્શ 24 રન બનાવીને રમતમાં.

ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતી પહેલી બેટિંગ લીધી

ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પહેલી બેટિંગ લેતા ક્લિનસ્વિપના ઈરાદે મજબૂત બેટિંગની શરૂઆત કરી દીધી છે. 4 ઓવરમાં ઓસ્ટ્રેલિયાનો સ્કોર વિના વિકેટે 22 રન પર પહોંચી ગયો છે. હાલમાં ટ્રેવિસ હેડ અને મિશેલ માર્શ રમતમાં છે. ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ વિકેટની તલાશમાં છે.

ટીમમાં બે ફેરફાર, નીતીશ રેડ્ડી ઈજાગ્રસ્ત

## પૂર્વ CIA એજન્ટનો મોટો ખુલાસો

# "અમેરિકાના નિયંત્રણમાં હતા પાકિસ્તાનના પરમાણુ શસ્ત્રો"

### અમે પાકિસ્તાનને લાખો ડોલરની સહાય પૂરી પાડી હતી, અમે અઠવાડિયામાં ઘણી વખત મુશર્રફને મળતા હતા: જોન કિરિયાકોઉ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

ભૂતપૂર્વ યુએસ સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી (CIA) અધિકારી જોન કિરિયાકોઉએ પાકિસ્તાનના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જનરલ પરવેઝ મુશર્રફ વિશે એક મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે. તેમણે દાવો કર્યો છે કે મુશર્રફે પાકિસ્તાનના પરમાણુ શસ્ત્રોની ચાવીઓ યુનાઈટેડ સ્ટેટ્સને સોંપી હતી. તેમણે જણાવ્યું હતું કે તે સમયે અમેરિકાએ પાકિસ્તાનને લાખો ડોલર પૂરા પાડ્યા હતા.સમાચાર એજન્સી સાથેની એક મુલાકાતમાં, ભૂતપૂર્વ CIA અધિકારીએ કહ્યું, "જ્યારે હું 2002 માં પાકિસ્તાનમાં પોસ્ટેડ હતો, ત્યારે મને અનૌપચારિક રીતે કહેવામાં આવ્યું હતું કે પેન્ટાગોન પાકિસ્તાની પરમાણુ શસ્ત્રોનું નિયંત્રણ કરે છે. પરવેઝ મુશર્રફે યુનાઈટેડ સ્ટેટ્સને નિયંત્રણ સોંપ્યું કારણ કે તેમને પણ ડર હતો કે પરમાણુ શસ્ત્રો





આતંકવાદીઓના હાથમાં આવી શકે છે."ભૂતપૂર્વ CIA અધિકારી જોન કિરિયાકોઉએ ખુલાસો કર્યો કે 2001 ના સંસદ હુમલા અને 2008 ના મુંબઈ આતંકવાદી હુમલા પછી યુનાઈટેડ સ્ટેટ્સ ભારતથી બદલો લેવાની અપેક્ષા રાખતું હતું, પરંતુ એવું થયું નહીં. તેમણે કહ્યું, "CIA ખાતે, અમે ભારતની આ નીતિને વ્યૂહાત્મક ધીરજ કહી હતી. ભારત સરકારને પાકિસ્તાન પર હુમલો કરીને બદલો લેવાનો સંપૂર્ણ અધિકાર હતો, પરંતુ તેમણે તેમ ન કર્યું. વ્હાઈટ હાઉસના લોકો કહી રહ્યા હતા કે ભારત ખરેખર ખૂબ જ પરિપક્વ વિદેશ નીતિનું પ્રદર્શન કરી રહ્યું છે."તેમણે દાવો કર્યો, "અમને અપેક્ષા હતી કે ભારત બદલો લેશે, પરંતુ તેમણે તેમ ન કર્યું, અને આ કારણે, વિશ્વ પરમાણુ હુમલાથી બચી ગયું. ભારત હવે એવા તબક્કે પહોંચી ગયું છે જ્યાં તે વ્યૂહાત્મક ધીરજને નબળાઈ તરીકે જોવાનું પોસાય તેમ નથી, તેથી તેણે બદલો લેવો પડ્યો."તેમણે કહ્યું, "મુશર્રફે અમેરિકાને મુક્તપણે કામ કરવાની મંજૂરી આપી. પાકિસ્તાન સરકાર સાથે અમારા ખૂબ સારા સંબંધો હતા. તે સમયે, જનરલ પરવેઝ મુશર્રફ ત્યાં હતા, અને પ્રમાણિકપણે, અમેરિકા સરમુખત્યારો સાથે કામ કરવાનું પસંદ કરે છે કારણ કે પછી તમારે જાહેર અભિપ્રાય અને મીડિયા વિશે ચિંતા કરવાની જરૂર નથી, અને તેથી જ અમે મુશર્રફને ખરીદ્યા."જોન કિરિયાકોઉએ કહ્યું, "અમે પાકિસ્તાનને લાખો ડોલરની સહાય પૂરી પાડી હતી.

# કમ્પાલા-ગુલુ હાઇવે પર બસ અને લારી વચ્ચેની ટક્કરમાં ૬૩ લોકોના કરુણ મોત

। (એજન્સી) યુગાન્ડા, તા.૨૬ ।

યુગાન્ડાના કમ્પાલા-ગુલુ હાઈવે પર એક ભયાનક માર્ગ અકસ્માત થયો હતો, જેમાં ઓછામાં ઓછા ૬૩ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત થયા હતા. યુગાન્ડાની રાજધાની કમ્પલાને ગુલુ શહેર સાથે જોડતા આ હાઈવે પર, એક બસ ડ્રાઈવરે વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કરતાં તે વિરુદ્ધ દિશામાંથી આવતી લારી સાથે સામસામે અથડાઈ હતી. આ પ્રારંભિક ટક્કર બાદ પાછળથી આવતા અન્ય વાહનો પણ અથડાયા હતા, જેના કારણે હાઈવે પર અરાજકતા સર્જાી હતી અને જાનમાલનું ભારે નુકસાન થયું હતું. પોલીસ અને કટોકટીની ટીમોએ બચાવ કામગીરી શરૂ કરી છે અને ઘાયલોને કિરિયાન્ડોંગેની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે.યુગાન્ડામાં બુધવારની સવાર એક ભયાનક માર્ગ અકસ્માતના સમાચાર લઈને આવી. આ દુઃખદ માર્ગ અકસ્માત યુગાન્ડાની રાજધાની કમ્પાલાથી ઉત્તરમાં આવેલા ગુલુ શહેરને જોડતા કમ્પાલા-ગુલુ



હાઈવે પર થયો હતો. આ ભયાનક અકસ્માતમાં બે બસ સહિત કુલ ચાર વાહનો સામેલ હતા.યુગાન્ડા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રારંભિક તપાસમાં સામે આવ્યું છે કે અકસ્માતનું મુખ્ય કારણ બસ ડ્રાઈવરની ભૂલ હતી. કમ્પાલા-ગુલુ હાઈવે પર એક બસ ડ્રાઈવરે અન્ય એક વાહનને ઓવરટેક કરવાનો પ્રયાસ કર્યો હતો, જેના પરિણામે બસ વિરુદ્ધ દિશામાંથી આવી રહેલી એક લારી સાથે સામસામે અથડાઈ ગઈ હતી. અચાનક થયેલી આ જોરદાર ટક્કર બાદ, પાછળથી આવતા અનેક વાહનો પણ એકબીજા સાથે અથડાયા, જેના કારણે હાઈવે પર અંધાધૂંધી અને ગંભીર અકસ્માતની સ્થિતિ સર્જાી હતી.સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, આ માર્ગ અકસ્માતમાં જાનમાલનું ભારે નુકસાન થયું છે. ઘટનાસ્થળે જ ઓછામાં ઓછા ૬૩ લોકોના મોત થયા છે, જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ ઘટનાએ યુગાન્ડાના ઘણા ભાગોમાં શોકનો માહોલ છવાઈ દીધો છે.કમ્પાલા પોલીસના પ્રવક્તાએ માહિતી આપી કે અકસ્માતની જાણ થતાં જ બચાવ અને રાહત ટીમોને તાત્કાલિક સ્થળ પર મોકલી દેવામાં આવી હતી. કટોકટી કાર્યકરો ઘાયલોને બચાવવા અને ફસાયેલા પીડિતોને બહાર કાઢવા માટે સક્રિયપણે કામ કરી રહ્યા છે. મૃતકોની ઓળખ કરવાની પ્રક્રિયા હાલમાં ચાલુ

# અમેરિકામાં ભારતીય ટ્રક ડ્રાઈવરે અનેક કારોને મારી ટક્કર

।(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬।

અમેરિકાના દક્ષિણ કેલિફોર્નિયામાં એક ભયાનક માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા 21 વર્ષીય ભારતીય યુવાન જસનપ્રીત સિંહને આ અકસ્માત માટે જવાબદાર ઠેરવવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, તે દારૂના નશામાં ટ્રક ચલાવી રહ્યો હતો, જેના કારણે આ અકસ્માત થયો. આરોપી ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે.સાન બર્નાર્ડિનો કાઉન્ટી ફ્રીવે પર આ અકસ્માત થયો જ્યારે જસનપ્રીત સિંહનો સેમી-ટ્રક ધીમી ગતિએ ચાલતા વાહનો સાથે અથડાઈ ગયો. ટ્રકના ડેશકેમે અકસ્માત કેદ કર્યો હતો, જેમાં ટ્રક એક SUV સાથે અથડાઈ રહી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે જસનપ્રીત બ્રેક મારતો ન હતો અને ડ્રગ્સના નશામાં વાહન ચલાવી રહ્યો હતો. કેલિફોર્નિયા હાઈવે પેટ્રોલ ઓફિસર રોડ્રિગો જીમેનેઝે જણાવ્યું હતું કે, "તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, અને તબીબી તપાસમાં પુષ્ટિ મળી છે કે તે નશામાં હતો."યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) એ પુષ્ટિ આપી છે કે જસનપ્રીત સિંહ પાસે યુએસમાં માન્ય ઈમિગ્રેશન સ્ટેટસ નથી. તે 2022 માં દક્ષિણ સરહદ પાર કરીને યુએસમાં પ્રવેશ્યો હોવાનું કહેવાય છે.

# અમેરિકાએ રશિયાની બે સૌથી મોટી ઓઈલ કંપનીઓ પર લગાવ્યો પ્રતિબંધ

### પુતિને અગાઉ તાત્કાલિક યુદ્ધવિરામની ટ્રમ્પની માંગણીને નકારી કાઢી હતી, અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૬ ।

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્લાદિમીર પુતિન સાથેની તેમની મુલાકાત મુલતવી રાખ્યા બાદ અમેરિકાએ રશિયા સામે કડક પગલાં લીધા છેરાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્લાદિમીર પુતિન સાથેની તેમની મુલાકાત મુલતવી રાખ્યા બાદ અમેરિકાએ રશિયા સામે કડક પગલાં લીધા છે. અમેરિકાએ રશિયાની બે સૌથી મોટી તેલ કંપનીઓ પર પ્રતિબંધોની જાહેરાત કરી જેથી મોસ્કો પર તાત્કાલિક યુદ્ધવિરામ માટે સંમત થવા માટે દબાણ કરી શકાય. એક દિવસ પહેલા અમેરિકન રાષ્ટ્રપતિએ પુતિન સાથેની તેમની સંભવિત મુલાકાત રદ કરવાની પુષ્ટી કરતા કહ્યું કે તેઓ નિરર્થક મુલાકાત ઈચ્છતા નથી. પુતિને અગાઉ તાત્કાલિક યુદ્ધવિરામની ટ્રમ્પની માંગણીને નકારી કાઢી હતી. અમેરિકાના ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટે નવા પ્રતિબંધોની જાહેરાત કરી હતી.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં બેસન્ટે કહ્યું હતું કે, " હવે સમય આવી ગયો છે કે હત્યા રોકવામાં આવે અને તાત્કાલિક યુદ્ધવિરામ કરવામાં આવે. રાષ્ટ્રપતિ પુતિનના આ અર્થહીન યુદ્ધને સમાપ્ત કરવાનો ઈનકારને ધ્યાનમાં રાખીને ટ્રેઝરી વિભાગ રશિયાની બે સૌથી મોટી તેલ કંપનીઓ પર પ્રતિબંધો લાદી રહ્યું છે, જે ક્રેમલિનના યુદ્ધ મશીનને ભંડોળ પૂરું પાડે છે." તેમાં વધુમાં કહેવામાં આવ્યું છે, "ટ્રેઝરી વિભાગ રાષ્ટ્રપતિ ટ્રમ્પના બીજા યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસોને સમર્થન આપવા માટે જો જરૂરી હોય તો વધુ પગલાં લેવા તૈયાર છે. અમે અમારા સાથીઓને અમારી સાથે જોડાવા અને આ પ્રતિબંધોનું પાલન કરવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ."



### અમદાવાદમાં 1 BHK 7 લાખ અને 2 BHK 30 લાખમાં

# બે વર્ષમાં 30 સ્થળો પર 10 હજારથી વધુ ફ્લેટ બનશે, વિસ્તાર વાઈઝ બનનારી સ્કીમની સંપૂર્ણ માહિતી...

| (એજન્સી) અમદાવાદ, તા.26 |

અમદાવાદ શહેરમાં રોજગારી માટે આવતા સૌ કોઈનું એક સપનું હોય છે કે તે ઘરનું ઘર બનાવે. ત્યારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 2027 વિધાનસભા ચૂંટણી પહેલા જ જરુરિયાતમંદ લોકો માટે 10 હજારથી વધુ ફ્લેટ બનાવવાનો નિર્ણય કર્યો છે. શહેરના પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં આર્થિક રીતે નબળા વર્ગ(EWS)ના લોકો માટે પ્રતિ મકાન 7 લાખ, LIG (લો ઈન્કમ ગ્રુપ) પ્રકારના 2BHK મકાન રૂ. 28થી 30 લાખમાં મળશે. જ્યાં મોટા પ્રમાણમાં વિસ્તાર અને જર્જરીત મકાનો થઈ ગયા હોય ત્યાં રીડેવલોપમેન્ટ કરવામાં આવશે એટલે કે નાગરિકોને નવા મકાનો બનાવીને રહેવા માટે આપવામાં આવશે જેમાં તેમને માત્ર મેન્ટેનન્સ ચાર્જ ચૂકવવાનો રહેશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હાઉસિંગ કમિટીના ચેરમેન અને વિરાટનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર મુકેશ પટેલે દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે શહેરમાં લોકોને ઘરનું ઘર મળી રહે અને સસ્તા ભાવે લોકોને મકાન મળે તેના માટે અલગ અલગ વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના 2.0 અંતર્ગત આર્થિક રીતે નબળા લોકો,



LIG અને ઝૂંપડપટ્ટી તેમજ જૂના થઈ ગયેલા મકાનોને રી ડેવલોપમેન્ટ કરવામાં આવશે જે અંતર્ગત 1406 કરોડ રૂપિયામાં 10,000થી વધારે આવાસ યોજનાના મકાનો બનાવવા માટેની પ્રક્રિયા કરવામાં આવી છે. આગામી બે વર્ષમાં આ તમામ મકાનો બનીને તૈયાર થઈ લોકોને મળે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

EWS પ્રકારના આવાસ યોજનાના મકાનો 35 ચોરસ મીટરના 1 BHK અને LIG પ્રકારના મકાનો 2BHK બનાવવામાં આવશે જેમાં એક સ્ટડી રૂમ નાનો પણ કેટલીક સ્કીમમાં બનાવવામાં આવશે. LIG પ્રકારના આવાસો 61 ચોરસ મીટરના બનાવવામાં આવશે. જેમાં પાર્કિંગ, સીસીટીવી, STP પ્લાન્ટ, લિફ્ટ, ગાર્ડન વગેરેની સુવિધા પણ આપવામાં આવશે. આગામી દિવસોમાં મકાન મેળવવા માટે તબક્કાવાર ફોર્મ બહાર પાડવાની પ્રક્રિયા પણ થશે.

આગામી વિધાનસભાની ચૂંટણી પહેલા લોકોને ઘરનું ઘર મળી રહે અને કોર્પોરેશનની ચૂંટણી પહેલા લોકો આ મકાનો માટે અરજી કરે તે પ્રકારના આયોજનના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં આગામી બે વર્ષમાં રૂ. 1406 કરોડના ખર્ચે 10,244 જેટલાં મકાનો બનાવવામાં આવશે. શહેરના મોટેરા, કોટેશ્વર, છારોડી, નાના ચિલોડા, શીલજ, અસલાલી સહિતના વિસ્તારોમાં LIG અને EWS પ્રકારના આવાસ યોજનાના મકાનો બનાવશે. જ્યારે દૂધેશ્વર, શાહીબાગ, જમાલપુર, ગોમતીપુર, વિરાટનગર, અસારવા સહિતના વિસ્તારોમાં વર્ષો જૂના મકાનો અને ઝૂંપડપટ્ટીઓમાં નવા મકાનો બનાવવામાં આવશે. કુલ 30 જેટલા સ્થળો ઉપર આ મકાનો બનાવવામાં આવનાર છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના હાઉસિંગ પ્રોજેક્ટ વિભાગ દ્વારા કેટલાક પ્રોજેક્ટના ટેન્ડર મંજૂર કરાયા છે અને કેટલાંક મકાનો માટે ટેન્ડર પ્રોસેસ હાથ ધરવામાં આવી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં EWSના 2623 મકાનો, સ્લમ રીડેવલમેન્ટ હેઠળ 2497 મકાનો, LIG હેઠળ 1233 મકાનો, તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 3794 આવાસ બનાવવામાં આવશે. વર્ષો પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ગ-3 અને વર્ગ- 4ના કર્મચારીઓ માટે બનાવવામાં આવેલા સ્ટાફ ક્વાર્ટર્સ પૈકી મોટાભાગના સ્ટાફ ક્વાર્ટર્સ જર્જરિત બની ગયા છે. શહેરના જમાલપુર, બહેરામપુરા, દાણીલીમડા, દૂધેશ્વર, ખોખરા, નરોડા, બાપુનગર, વગેરે વિસ્તારમાં આવેલા મકાનો જૂના અને જર્જરિત બની ગયા હોવાથી આ મકાનોને રીડેવલપ કરવામાં આવશે.

તાજેતરમાં રાજ્ય સરકારની સૂચનાને અનુસરીને ચંડોળા તળાવ વિસ્તારમાં સંખ્યાબંધ ગેરકાયદે દબાણો અને ઝૂંપડાં હટાવવામાં આવ્યા હતા. ચંડોળા તળાવ વિસ્તારમાંથી દૂર કરાયેલા મકાનો અંગે 2010 પહેલાંના કાયદેસર રેસીડેન્શિયલ પુરાવા રજૂ કરનારાઓને માટે પણ EWS મકાનો બનાવવામાં આવશે. અંદાજિત 2500 થી 3000 જેટલા આવાસ યોજનાના આ મકાનો પણ બનાવવામાં આવનાર છે. આગામી બે વર્ષમાં ગુજરાત રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી યોજાય તેની પહેલા ચૂંટણીમાં ફાયદો મેળવવા માટે મોટા પ્રમાણમાં મકાનો લોકોને બનાવીને આપવામાં આવશે.

### 'સમાજના આગેવાનોનો હાથ ખેંચો પગ નહીં',

# પાટીદાર સમાજના કાર્યક્રમમાં જયેશ રાદડિયાનો બળાપો....

### 'તમારો વિરોધ થાય એટલે માનવું, પ્રગતિના પંથે છો' : પાટીદાર સમાજના કાર્યક્રમમાં રાદડિયાની હૈયાવરાળ

| (એજન્સી) રાજકોટ, તા.26 |

25 ઓક્ટોબર 2025ને શનિવારના રોજ મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે શ્રી પાટીદાર સેવા સમાજ-મહીસાગર જીલ્લા દ્વારા ખાનપુર 42 લેઉવા પાટીદાર સમાજ આયોજિત સમસ્ત મહીસાગર જિલ્લા પાટીદાર સમાજ સ્નેહમિલન સમારોહ પ્રસંગે પ્રમુખ સ્થાને જયેશ રાદડિયા ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન તેમણે ઈશારા ઈશારામાં કહ્યું કે, તમારો વિરોધ થાય એટલે માનવાનું કે તમે પ્રગતિના પંથે છો.



તેમણે સમાજના વડીલો, યુવા ભાઈઓ બહેનોને નુતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી અને આ સાથે વક્તવ્ય દરમિયાન સમાજને એક થવા અને સંગઠિત થવા હાકલ કરવી પડે તેને કમનસીબી ગણાવી હતી.

મંત્રી મંડળમાં સ્થાન ન મળ્યા બાદ પ્રથમ વખત ખુલ્લીને જાહેર મંચ પરથી કહ્યું હતું કે, સમાજમાં આગળ વધતા નેતાઓ આગેવાનોનો હાથ ખેંચો પગ નહીં. હાથ ખેંચી આગળ વધારો પગ ખેંચી નીચે ના પછાડો. આ ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલને યાદ કરતા કહ્યું કે આવડા મોટા સમાજને એટલા વર્ષો બાદ પણ બીજા સરદાર નથી મળી શકતા એ સમાજની સૌથી મોટી કમનસીબી છે.

જયેશ રાદડિયાએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, આવનાર દિવસોમાં સમાજને જ્યાં જરૂર પડે ત્યાં ભેગું થવું જ પડશે. સમાજની અંદર હાથ ખેંચો પગ નહીં. જરૂર પડે ન્યાં સમાજના લોકોનો હાથ ખેંચો એને ઉપર લઈ આવો. પગ નહીં અત્યારના સમયમાં તમે જોતા હશો જેવો આગેવાન આગળ વધે એટલે પગ ખેંચીને પાડી દે.

તેમણે જણાવ્યું હતું કે, અનેક સંઘર્ષ પછી સારું કામ કરનારા નેતાઓ સમાજના આગેવાનો ઉભા થતા હોય છે. બરાબર સેટ થાય ત્યાં એને ખેંચે એટલે વળી નવેસરથી એકડો ઘૂંટવાનો. આવડા મોટા સમાજની કમનસીબી છે જરૂર પડે ન્યાં હાથ ખેંચવા બદલે પગ ખેંચવામાં આવે છે.

### સંગઠન મહામંત્રી તરીકેની જવાબદારી મળી શકે

ભાજપના આંતરિક સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ પૂર્વ મંત્રી અને સૌરાષ્ટ્રમાં ખૂબ જ જાણીતું નામ એવા જયેશ રાદડિયાને નવી જવાબદારી તરીકે ભાજપમાં સંગઠનના મહામંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવશે. ગુજરાત ભાજપમાં નવા સંગઠનની નિમણૂક થવાની છે. જેમાં પ્રદેશ મહામંત્રી તરીકે સૌરાષ્ટ્ર ઝોનમાંથી તેમને મૂકવામાં આવી શકે છે. ભાજપ હવે ગુજરાતમાં યુવા પેઢીને આગળ કરી રહી છે ત્યારે સરકારમાં પણ યુવા મંત્રીઓને મૂકવામાં આવ્યા છે અને સંગઠનમાં પણ યુવા ચહેરાને સ્થાન આપવામાં આવશે. સરકારમાં પાટીદાર તરીકે સૌરાષ્ટ્રમાંથી બે મંત્રી જીતુ વાઘાણી અને કૌશિક વેકરીયાને સ્થાન મળ્યું છે.

### 31મીએ સુરેન્દ્રનગરના લીંબડીમાં ખેડૂત મહાપંચાયત, કડદા પ્રથા નાબૂદ કરવા મુદ્દે આપ લડી લેવાના મૂડમાં

# અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન ગુજરાત આવશે

| (એજન્સી) અમદાવાદ, તા.26 |

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલ રાયે ખેડૂત આંદોલન મુદ્દે મોટી જાહેરાત કરી છે. રાજ્યની APMCમાં ચાલતી કડદા પ્રથા બંધ કરવા માટે આમ આદમી પાર્ટી ખેડૂતોની મહાપંચાયત યોજવા જઈ રહી છે. આગામી 31 ઓક્ટોબરના દિવસે ખેડૂતોની મહાપંચાયત યોજવાની જાહેરાત આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલ રાય દ્વારા કરવામાં આવી છે. સુરેન્દ્રનગરના લીમખેડા વિધાનસભા વિસ્તારમાં આવેલા સુદામડા ગામમાં ખેડૂતોની મહાપંચાયત યોજાશે. જેમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન પણ હાજર રહેવાના છે. તેમજ આ ખેડૂત મહાપંચાયતમાં રાજ્યભરના ખેડૂતો પણ મોટી સંખ્યામાં જોડાશે.





રાજ્યમાં APMCમાં ચાલતી કડદા પ્રથા બંધ કરવા માટે આમ આદમી પાર્ટી હવે સરકાર સામે લડી લેવાના મૂડમાં આવી ગઈ છે. 12 ઓક્ટોબરના દિવસે બોટાદના હડદડ ગામમાં કડદા પ્રથા બંધ કરવા માટે ખેડૂતોને મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડૂતોની મહાપંચાયત દરમિયાન અચાનક પથ્થરો થવા લાગ્યો હતો જેમાં પોલીસે અને ખેડુતો વચ્ચે ઘર્ષણ થયું હતું. જેમાં અનેક પોલીસ કર્મચારીઓ ઈજાગ્રસ્ત પણ થયા હતા. જેમાં આમ આદમી પાર્ટીના બે નેતાઓ સામે ફરિયાદ નોંધી ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ ખેડૂતોને ન્યાય અપાવવા માટે આમ આદમી પાર્ટીએ સરકાર સામે બાયો ચડાવી દીધી છે. ગુજરાતમાં ખેડૂતો પર શોષણ થતું હોવાના આરોપ સાથે તેમને ન્યાય અપાવવા માટે ખેડૂતોની મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યભરના ખેડૂતોને મોટી સંખ્યામાં આવવા માટે આહ્વાન પણ કરવામાં આવ્યું છે. AAP ગુજરાત પ્રભારી ગોપાલ રાય જણાવે છે કે, સરકાર ખેડૂતોની માંગ કરી કરવાના બદલે ખેડૂતો પર લાઠીચાર્જ કરી, ખેડૂતો પર ખોટી ફરિયાદ નોંધી જેલમાં ધકેલી તેમની માંગણીઓને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. મંત્રીમંડળમાં ફેરબદલ અને વિસ્તરણ કરીને લોકોની આંખોમાં ધૂળ નાખવા માંગે છે. પરંતુ ખેડૂતોએ નક્કી કર્યું છે કે જ્યાં સુધી ખેડૂતો પરથી કડદા પ્રથા બંધ કરવામાં નહીં આવતી ત્યાં સુધી ખેડૂત આંદોલન ચાલુ રહેશે. ગુજરાતની ભાજપ સરકાર દ્વારા ખેડુતો પર થયેલા દમન અને અત્યાચાર સામે ખેડૂત માટે પ્રદેશ કક્ષાએ આંદોલન કરવાં માટે જઈ રહ્યા છીએ.

### સુદામડા ગામમાં બપોરે 1 વાગ્યે ખેડૂત મહાપંચાયતનું આયોજન

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટીએ હવે ખેડૂતોના સમર્થનમાં, ભાજપીય કડદા પાર્ટીએ કરેલા કડદાના વિરોધમાં, ખેડૂતો ઉપર થયેલા દમનના વિરોધમાં, ખેડૂત નેતાઓને જેલમાં પૂર્યા છે તેને લઈને ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. 31મીએ સુદામડા ગામમાં બપોરે 1 વાગ્યે ખેડૂત મહાપંચાયતનું આયોજન કર્યું છે. ખેડૂતોને ભાવ નથી મળતા, કપાસની ઈમ્પોર્ટ ડ્યુટી રદ કરી કપાસના ખેડૂતોને બરબાદ કરવામાં આવ્યા છે. તમામ APMCમાં ખેડૂતોને લૂંટવામાં આવે છે એ તમામના વિરોધમાં ખેડૂત મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના હજારો ખેડૂતો આ મહાપંચાયતમાં જોડાવાના છે.

### દિવાળી પર્વ દરમિયાન અમદાવાદમાં આગ લાગવાના સરેરાશ રોજના ૫૦ કોલ, એક વ્યકિતનું મોત

| (એજન્સી) અમદાવાદ, તા.26 |

દિવાળી પર્વ દરમિયાન અમદાવાદમા સરેરાશ આગ લાગવાના રોજના ૫૦ કોલ નોંધાયા હતા.આગમાં ફસાઈ જવાથી એક વ્યકિતનું મોત થયુ હતુ.અલગ અલગ કારણથી મકાનમા આગ લાગવાના ૪૦ તથા ફેકટરીમા આગ લાગવાના ૧૨ કોલ ફાયર વિભાગને મળ્યા હતા.મોટી દુર્ઘટના વગર તહેવાર સંપન્ન થતા તંત્રે હાંશકારો અનુભવ્યો હતો.

દિવાળીના તહેવારોને ધ્યાનમા રાખીને અમદાવાદ ફાયર વિભાગના સ્ટાફને સ્ટેન્ડ ટુ રાખવામા આવ્યો હતો.તમામની રજા રદ કરવામા આવી હતી.૧૮ ઓકટોબરથી ૨૩ ઓકટોબરની રાત સુધીમા ફાયર વિભાગને કુલ મળીને ૨૫૪ કોલ મળ્યા હતા. દિવાળી પર્વની રાતે ફાયર કંટ્રોલરુમના ફોન સતત રણકતા રહયા હતા.ફાયર વિભાગના સૂત્રોમાંથી મળતી વિગત મુજબ, શહેરના વિવિધ વિસ્તારમાં જે પ્રમાણે ફટાકડા ફોડવામા આવતા હતા તેના કારણે કચરામા આગ લાગવાના સૌથી વધુ ૧૩૦ કોલ મળ્યા હતા.અલગ અલગ વિસ્તારમા આવેલા મકાનોમાં આગ લાગવાના ૪૦ તથા દુકાનોમા આગ લાગવાના ૧૯ બનાવ તહેવાર દરમિયાન બન્યા હતા.ફટાકડા પડવાથી વાહનોમા આગ લાગવાના ૧૩ બનાવ નોંધાયા હતા. અલગ અલગ વિસ્તારમા આવેલી ફેકટરીઓમા આગ લાગવાની કુલ બાર ઘટના બની હતી.આ પૈકી રિધ્ધિ સ્ટીલમા લાગેલી આગમા બે વ્યકિત દાઝી ગઈ હતી. આ પૈકી એક વ્યકિતને એલ.જી.હોસ્પિટલમા આઉટડોર પેશન્ટ તરીકે સારવાર અપાઈ હતી.જયારે અન્ય એક વ્યકિતને હોસ્પિટલ પહોંચાડાયો તે સમયે તે મૃત હાલતમાં હતો. તહેવાર દરમિયાન ગોડાઉનમા આગ લાગવાના ચાર બનાવ નોંધાયા હતા.

# પેંગોલિનની તસ્કરી મામલે ઝડપાયેલા 2 આરોપી 5 દિવસના રિમાન્ડ પર.....

### દુર્લભ ગણાતા સરિસૃપને 22 કરોડમાં વેચવાના હતા, વનવિભાગે મુક્ત કરાવ્યું

| (એજન્સી) રાજકોટ, તા.26 |

વિશ્વમાં અતિ દુર્લભ ગણાતા પેંગોલિન (કીડીખાઉ)ની તસ્કરીનો પર્દાફાશ થયો છે. રાજકોટ SOGએ ગીર સોમનાથના ઘાંટવડ ગામમાં દરોડો પાડી એક ઓરડીમાં ગોંધી રખાયેલી પેંગોલિનને મુક્ત કરાવ્યું છે. આ પેંગોલિનને આરોપીઓ 22 કરોડ રૂપિયામાં વેચવાની ફિરાકમાં હતા. ચીનમાં કેટલીક ગેરમાન્યતાના કારણે પેંગોલિનની તસ્કરી થતી હોવાનું સામે આવ્યું છે. આ મામલે ઝડપાયેલા બે આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા પાંચ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. આ પહેલા આ પ્રકારે કોઈ પ્રાણીની તસ્કરી કરવામાં આવી છે કે નહીં તે દિશામાં પણ પોલીસ અને વનવિભાગે તપાસ હાથ ધરી છે.



રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના ACP ભરત બસીયાએ જણાવ્યું હતું કે, ગત 24 ઓક્ટોબરના રોજ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી જગદીશ બાંગરવાને ગુપ્ત બાતમી મળી હતી કે, પેંગોલિન નામના દુર્લભ જીવને રાજકોટ લાવવામાં આવી રહ્યું છે. પેંગોલિન નામ અમારા માટે પણ નવું હતુ. જે બાદ વન વિભાગના અધિકારીઓને પૂછવામાં આવતા તેમને પણ આ પ્રકારની પ્રાણી જોયું ન હોવાનું જણાવ્યું હતુ. શરૂઆતમાં અમને એવું લાગ્યું કે કોઈ માણસ ચીટીંગ કરવા માટે અહીં આવતો હશે. પરંતુ વન્યજીવનના સંરક્ષણનો પ્રસંગ હોવાથી SOG PI જાડેજાની ટીમ દ્વારા હાથ ધરેલી તપાસમાં ગીર સોમનાથના સુત્રાપાડા તાલુકાના ગાંગેથા ગામના બિજલ જીવાભાઈ સોલંકીને ઝડપી પાડ્યો હતો.

જેની પૂછપરછમાં સામે આવ્યું કે વન્યજીવ કીડીખાવ(પેંગોલીન) ગીર સોમનાથ જીલ્લાના કોડીનાર તાલુકાના ઘાટવાડ ગામે 28 વર્ષીય દીલીપ વિહાભાઈ મકવાણાએ ગોંધી રાખ્યુ હતુ. જેથી ટીમ ત્યાં જવા માટે તાત્કાલિક રવાના થઈ હતી અને અમુલ્ય વન્યજીવ કીડીખાવ (પેંગોલીન) નું રેસ્ક્યુ કરવા કવાયત હાથ ધરવામાં આવી હતી.

જે બાદ મોડી રાત્રે ઘાટવડ ગામે પહોંચી સ્થાનિક પોલીસ સ્ટેશનની મદદ મેળવી દેવથાનીયા જંગલ વિસ્તારમાં આતુભાઈ લાલકીયાની વાડીમા આવેલ પડતર ઓરડીમાં પાંજરામાં ગોંધી રાખેલ કીડીખાવ(પેંગોલીન) ને હસ્તગત કરવામાં આવ્યુ હતુ. જે પછી આરોપી દિલીપને ઝડપી લેવામાં આવ્યો હતો. બાદમાં પેંગોલીનનુ સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કરવામાં આવ્યુ હતુ. જે બાદ આ વન્ય જીવને આગળની કાયદેસરની કાર્યવાહી કરવા માટે જામવાળા રેન્જ ફોરેસ્ટ ઓફીસરને સોંપવામાં આવ્યુ હતુ. પોલીસે જીવીત કીડીખાવ અને 2 મોબાઈલ કબજે કર્યા હતા અને બંને આરોપી સામે 1927 કલમ-2(4), તથા વન્ય પ્રાણી સંરક્ષણની 1972 ની કલમ 2(1), 2(11), 2(14), 2(16), 2(33), 2(35), 2(36), 9, 39, 43, 49, 50, 51, 52, 55 અને 57 હેઠળ ગૂનો નોંધવામાં આવ્યો છે.

ધનતેરસના દિવસે આ પેંગોલિન બંને શખ્સોને જંગલમાંથી મળી આવ્યું હતું. જે બાદ આ પ્રાણીને ગીર સોમનાથના ઘાંટવાડ ગામમાં વાડીમાં આવેલા પાંજરામાં ગોંધી રાખવામાં આવ્યુ હતુ. આ બંને શખ્સો સાથે અન્ય કોઈ સંડોવાયેલા છે કે કેમ અને તસ્કરી કેટલા સમયથી કરી રહ્યા છે તે અંગેની પૂછપરછ માટે કોર્ટ દ્વારા પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, પેંગોલિન એક અતિ દુર્લભ અને અનોખું પ્રાણી છે, જેને સ્કેલી એન્ટઈટર તરીકે પણ ઓળખવામાં આવે છે.

MAMTA SOLUTION
House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.
લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
લેબર જોતા હોય તો કોલ કરો
કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.
લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.
લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.
88 66 21 7393

જાનકી ટ્રેડર્સ
FinOlex PIPES
NILKANTH STEEL
JK SUPER CEMENT BUILD SAFE
BUILD SAFE #YehPuccaHai
નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com
સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....
ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર